સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન


એપ્રિલ, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-



## શ્રી સ્વામિનારાયણ મંદિર છાત્રાલય - સરધાર, ભાવનગર, મહુવા, ડોંબીવલી, જગન્નાથપુરી

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રેરીત નિઃસ્વાર્થ સમાજસેવાના સિદ્ધાંતને સંપૂર્ણપણે સાકાર કરવા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય **શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા** પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે અનેક આધ્યાત્મિક તથા વિવિધ સામાજિક સેવાકિય પ્રવૃત્તિઓ તથા **નિઃશુલ્ક** અને સંપૂર્ણપણે **નિઃસ્વાર્થ શૈક્ષણિક સેવા પ્રવૃત્તિઓ** દ્વારા સમગ્ર **માનવસમાજ** તથા **ભારતદેશ**ને આપવામાં આવતી અમૂલ્ય ભેટ એટલે **સુઃશિક્ષિત અને સંસ્કારી આદર્શ યુવાનો...**

# સરધારધામને આંગણે યોજાયેલ શેરડી રસ ઉત્સવ તથા બેગ વિતરણ



સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મંદિર છાત્રાલયમાં રહીને વિદ્યાભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓના સંગે શેરડી રસ ઉત્સવ, પાંઉભાજી ઉત્સવ તથા તેઓના વિદ્યાભ્યાસ માટે બેગનું વિતરણ કરતા પૂ. સ્વામી તથા સરધાર મંદિરના દર્શનાર્થે પધારેલા સુપ્રસિદ્ધ વક્તા પૂ. શ્રી જીગ્નેશદાદા.

## કથાપારાયણ
## ગઢડા




ગઢપુરધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં
પ.ભ. શ્રી જયેશભાઈ શાહ પરિવારના યજમાનપદે યોજાયલે શ્રીમદ્ સત્સંગિજીવન કથાપરાયણ.

## સત્સંગ જ્ઞાનયજ્ઞ
## વ્રજધામ-વ્રજવાણી








વ્રજધામ-વ્રજવાણી એટલે ભગવાન શ્રીકૃષ્ણ ઢોલી સ્વરૂપે પધારી ગોપીઓના અધુરા ચોથા રાસને આ વ્રજવાણી ગામમાં પૂર્ણ કર્યો હતો અને ૧૪૦ આહીર કન્યાઓએ ભગવાન શ્રીકૃષ્ણના વિયોગમાં એકી સાથે દેહત્યાગ કર્યો હતો તેવા ઐતિહાસિક સ્થાનમાં તા. ૯ થી ૧૧-૪-૨૦૧૮ સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ વાગડ-ચોરાડ (મુંબઈ) દ્વારા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'ત્રિદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ ફતેહગઢ, શિવગઢ, ગેડી, જાટાવાણા, બાલાસર વગેરે વાગડ વિસ્તારના ગામોના ભક્તજનોએ લીધો હતો.

## હરિજયંતી મહોત્સવ
## મહુવા






મહુવાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ તથા સત્સંગ સભા.

## હરિજયંતી મહોત્સવ
## ભાવનગર





ભાવનગરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ તથા સત્સંગ સભા.

## હરિજયંતી મહોત્સવ
## ડોંબીવલી









ડોંબીવલી (મુંબઈ)ને આંગણે શ્રીરામ નવમી તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે મંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ ધરાવેલ ૨૩૭ ડઝન કેરીઓ તથા હરિજયંતી પ્રસંગે અભિષેક - પ્રાગટ્યોત્સવની ઉજવણી



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ


**પ્રસિદ્ધ કર્તા**
*શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી*
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ :* ***$ 200 U.S.A., £ 125 U.K.***


***સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.***

**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**


'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardharkatha.net chintankaryalay@gmail.com
www.sardhardham.org


**છબીકલા : શિવલાલ સુદાણી – બારમણ**
**મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# સ્વામિનારાયણ ચિંતન

**પ્રયોજક :** *પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*


**વર્ષ :- ૬ । અંક :- ૩ । તારીખ :- ૨૦ એપ્રિલ, ૨૦૧૮**


સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** તથા **શ્રીઆચાર્ય પરંપરા** દ્વારા પ્રતિષ્ઠિત
## શિખરબદ્ધ મંદિરોના આગામી વાર્ષિક પાટોત્સવની તિથિ-તારીખ

| ક્રમ | સ્થળ | તિથિ – તારીખ |
|---|---|---|
| ૧. | મથુરા : શ્રી સ્વા. માર્ગ, કમ્બુઘાટ | વૈશાખ સુદ - ૧૦, ૨૫-૪-૨૦૧૮ |
| ૨. | ભરુચ : દાંડિયા બજાર | વૈશાખ સુદ - ૧૦, ૨૫-૪-૨૦૧૮ |
| ૩. | વિરસદ : તા. બોરસદ, જી. આણંદ | વૈશાખ સુદ - ૧૦, ૨૫-૪-૨૦૧૮ |
| ૪. | મુંબઈ : ઉજો ભોઈવાડો, ભુલેશ્વર | વૈશાખ સુદ - ૧૧, ૨૬-૪-૨૦૧૮ |
| ૫. | મહુવા : ખારગેટ, વાસીતળાવ | વૈશાખ સુદ - ૧૨, ૨૭-૪-૨૦૧૮ |
| ૬. | **ધોલેરાધામ**, તા. ધંધુકા, જી. અમદાવાદ | વૈશાખ સુદ - ૧૩, ૨૮-૪-૨૦૧૮ |
| ૭. | વડોદરા : વાડી વિસ્તાર | વૈશાખ સુદ - ૧૩, ૨૮-૪-૨૦૧૮ |
| ૮. | **જૂનાગઢધામ**, જવાહર રોડ | વૈશાખ વદ - ૦૨, ૦૨-૫-૨૦૧૮ |
| ૯. | ધોળકા : જી. અમદાવાદ | વૈશાખ વદ - ૦૫, ૦૫-૫-૨૦૧૮ |
| ૧૦. | પંચાળા, તા. કેશોદ, જી. જૂનાગઢ | વૈશાખ વદ - ૦૫, ૦૫-૫-૨૦૧૮ |
| ૧૧. | ભુજ (પ્રસાદી મંદિર) | વૈશાખ વદ - ૦૫, ૦૫-૫-૨૦૧૮ |
| ૧૨. | બોટાદ : નાગલપર દરવાજા | વૈશાખ વદ - ૦૭, ૦૭-૫-૨૦૧૮ |
| ૧૩. | ચાણોદ : તા. ડભોઈ, જી. વડોદરા | વૈશાખ વદ - ૦૭, ૦૭-૫-૨૦૧૮ |
| ૧૪. | માણાવદર : જી. જૂનાગઢ | વૈશાખ વદ - ૦૮, ૦૮-૫-૨૦૧૮ |
| ૧૫. | સુરત : કુબેરનગર | વૈશાખ વદ - ૧૦, ૧૦-૫-૨૦૧૮ |
| ૧૬. | પીપલાણા, તા. કેશોદ, જી. જૂનાગઢ | વૈશાખ વદ - ૧૨, ૧૨-૫-૨૦૧૮ |

## અનુક્રમણિકા


૦૧ ડભાણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ મહાવિષ્ણુયાગ — ૦૪
૦૨ ડભાણ મહાયજ્ઞના ભગવાન શ્રીહરિના લીલાપ્રસંગો — ૧૬
૦૩ શ્રી પુરુષોત્તમ અધિકમાસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ટાન – વડતાલ — ૨૮
૦૪ સત્સંગ સમાચાર પત્રિકા — 33


| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# ડભાણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ મહાવિષ્ણુયાગ

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રજની ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'अथ तत्रागतैर्विप्रैर्विद्वद्भिः स सहस्रशः । भगवान्कारयामास विष्णुयागमहोत्सवम् ।।' - ભગવાન શ્રીહરિ ડભાણમાં પોતાના દર્શન માટે આવેલા ઘણા પંડિત બ્રાહ્મણો દ્વારા **વિષ્ણુયાગ**નો **મહોત્સવ** કરાવતા હતા. (શ્રી સત્સંગિજીવન : ૨/૪૮/૧૪)

સં. ૧૮૬૫ના પોષ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જેતલપુર ગામમાં ૧૮ દિવસનો મહાયજ્ઞ કર્યો. આ યજ્ઞમાં ડભાણના **વિષ્ણુદાસ** ભક્ત કેટલાક હરિભક્તોને સાથે લઈ સેવા કરવા આવ્યા હતા અને ખૂબજ ભાવથી યજ્ઞમાં સેવા કરી હતી.

યજ્ઞ પૂરો થતાં વિષ્ણુદાસે શ્રીજીમહારાજને **પ્રાર્થના** કરતા કહ્યું : "મહારાજ ! આપ ડભાણ પધારો અને ત્યાં પણ આવો યજ્ઞ થાય તેવી કૃપા કરો."

વિષ્ણુદાસના હૃદયનો વિશુદ્ધ પ્રેમ, તીવ્ર શ્રદ્ધા અને અતિ દીનભાવે કરેલી સ્તુતિએ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિને પણ બંધનમાં નાખી દીધા. અંતર્યામી ભગવાન શ્રીહરિ ભક્તના હૃદયની ભાવનાને જાણી ગયા. લાંબા સમયની તેમની તીવ્ર ઈચ્છા પૂર્ણ કરવા શ્રીજીમહારાજ બોલ્યા : "વિષ્ણુદાસ ! અમે ડભાણમાં પણ આવો જ ભવ્ય મહોત્સવ કરી તમારા ભાવને પૂર્ણ કરીશું." આ રીતે વિષ્ણુદાસની આર્તસ્વરની પ્રાર્થના ભગવાન શ્રીહરિએ સાંભળી.

જેતલપુરનો યજ્ઞ પૂર્ણ થયાને ઘણો સમય વીતી ગયો. ભગવાન શ્રીહરિએ વિષ્ણુદાસને **ડભાણમાં યજ્ઞ** કરવાનું **વચન** આપ્યું હતું, પરંતુ એ યજ્ઞ થવાના કોઈ એંધાણ દેખાતા નહોતા. વિષ્ણુદાસ દરરોજ વાટ જુવે કે આજે મહારાજના ખબર આવે ને કાલે આવે, પણ યજ્ઞ કરવાના કોઈ ખબર આવતા નહોતા.

બન્યું હતું એવું કે શ્રીજીમહારાજે જેતલપુરમાં મહાયજ્ઞ કર્યો અને એ પણ સાત્ત્વિક અને અહિંસક. એટલે જે દ્વેષી લોકો હતા તેમના પેટમાં પાણી રેડાયું. ઈર્ષ્યા અને રાગ-દ્વેષને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંતોને હેરાન કરવા માંડ્યા. જેથી થોડો સમય શાંતિ જળવાઈ રહે અને એ લોકો વધારે ન વીફરે, તે માટે ભગવાન શ્રીહરિએ હમણાં ડભાણમાં યજ્ઞ નથી કરવો એવું વિચાર્યું હતું.

ત્યારબાદ ભગવાન શ્રીહરિ કચ્છદેશના આધોઈ-ભુજ-તેરા-સરલી થઈને **રંગપુર** પધાર્યા. રંગપુરમાં રવજી પટેલના ઘેર ઉતારો કરી તેઓને રાજી કર્યા. ત્યાંથી ફરીને **તેરા** ગામ આવી નથુ સુતારને ઘેર પધાર્યા. ત્યાં પ્રાગજી પુરાણી ને બોલાવી ભગવાન શ્રીહરિએ કથા સાંભળી. તેરાના સત્સંગી માવજીભાઈ, નોંઘાભાઈ, નાગજીભાઈ વગેરે સુતાર ભક્તોએ શ્રીજીમહારાજની સેવા કરી મહાપ્રભુ શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો. એકદિવસ સભાને અંતે સંતો સાથે વિચાર-વિમર્શ કરીને **શ્રીજીમહારાજ** બોલ્યા : "હે સંતો ! ડભાણના

વિષ્ણુદાસ, રૂગનાથદાસ, રાયજીભાઈ, પ્રાગદાસ, સવદાસ, કાનદાસ, નારણદાસ, પ્રભુદાસ અને મયારામ વગેરે ભક્તોએ અમોને ડભાણમાં યજ્ઞ કરવાનું કહ્યું હતું. પણ એ સમયે બાવાઓનો ઉપદ્રવ હોવાથી અમે ના કહી હતી. પરંતુ હવે દેશકાળ સારાં આવ્યાં છે, માટે હવે **ડભાણમાં** એક **મોટો યજ્ઞ** કરીએ.''

**'મુક્તાનંદ અને બ્રહ્માનંદ, કહે બેયને વૃષકુળચંદ;**
**સંત બેય ડભાણ સિધાવો, જૈને જજ્ઞનો જોગ કરાવો.**
**જજ્ઞ સામાન જોઈને જેહ, તમે રાખો મગાવીને તેહ;**
**ત્યાંના રૂગનાથદાસ પટેલ, સત્સંગી છે સારા થયેલ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૭)

''હે મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી ! અમે ડભાણમાં વિષ્ણુદાસ આદિક ભક્તોને યજ્ઞ કરવાનું વચન આપ્યું છે, માટે તમો બંને સંતો તમારા સંતમંડળ લઈને ડભાણ જાઓ અને યજ્ઞની તૈયારી કરાવો. ત્યાંના રૂગનાથદાસ પટેલ સારા સત્સંગી છે અને વળી ડભાણમાં આગેવાન છે, તેથી તમો તેને આ યજ્ઞમાં પણ આગેવાન કરજો. અમે થોડા સમયમાં ગુજરાત પધારશું. અને હે સંતો ! યજ્ઞની તૈયારીમાં સાધન-સામગ્રીની કોઈ ખામી રાખશો મા. આપણે ડભાણમાં ક્યારેય ન થયો હોય એવો મહાયજ્ઞ કરવો છે, માટે જે જોઈએ તે સર્વ સામગ્રી મગાવી લેજો. અને અમદાવાદમાં લોલંગર બાવો કપટી ને દ્વેષીલો છે, માટે તેનાથી સાવધાન રહેજો. કારણ કે, ખોખરા-મહેમદાવાદમાં તેઓના બાવાઓને આપણા કાઠીભક્તોએ માર્યા છે તેની રીસ તેને હજુ ઊતરી નથી, માટે તેનાથી ચેતતા રહેજો.

હે સંતો ! તમો ડભાણ થઈને ઉમરેઠના રૂપરામ ઠાકર અને નિર્ભયરામ દવેને, નડિયાદના ગંગારામ અને મોહનરામને, મહેમદાવાદના અંબારામ અને દુર્લભરામને, વડતાલના પાટીદાર રણછોડદાસને, બોચાસણના કાશીદાસને, કરજીસણના નાનાભાઈને અને રઘવાણજના હરિભક્તોને યજ્ઞની સેવામાં મદદ માટે તેડાવી લેજો. તે તે ભક્તોને તેઓની યોગ્યતા પ્રમાણે સેવા સોંપજો. અમો અમારી સાથે કાઠી અને રજપૂત ભક્તોને લઈને માગશર મહિનામાં આવશું અને પોષ સુદ પડવાને દિવસે યજ્ઞનો શુભારંભ કરી પોષ સુદ પૂનમે પૂર્ણાહુતિ કરીશું. અમે કાઠિયાવાડમાં અને સોરઠમાં તેમજ સુરતમાં કંકોત્રીઓ લખીને મોકલશું. તમો ઝાલાવાડ અને ગુજરાતના ગામડાઓમાં જાતે જઈને **આમંત્રણ** આપજો.''

આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને ભલામણ કરી પોતપોતાના મંડળ સાથે ડભાણ જવા વિદાય કર્યા. અને સ્વયં ભગવાન શ્રીહરિએ સોરઠ અને કાઠિયાવાડના ગામડાંઓમાં રહેતા ભક્તોને ડભાણના યજ્ઞમાં આવવા માટે **આમંત્રણ પત્રિકાઓ** લખાવી અને અમદાવાદના લોલંગર બાવાને પણ **પત્ર** લખ્યો હતો, તેને સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીએ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં વર્ણવે છે :

''તમે શ્રીવૈષ્ણવ સંત છો, છતાં તમે શસ્ત્ર બાંધીને અમે જ્યાં રહ્યા હતા ત્યાં તમે આવ્યા હતા. ક્ષત્રિયો અને ઠાકોરો ઘણા સ્નેહભાવથી અને આનંદોલ્લાસથી અમારા દર્શન કરવા આવ્યા હતા. તેઓ અમારી પાસે હતા. તમે લોકોએ તેમને ઘણી જ ગાળો દીધી. છતાં



**પ્રાસાદિક યજ્ઞસ્થાન**

તેઓ લગારેય બોલ્યા નહિ. તેમણે જ્યારે અપાર ક્ષમા રાખી ત્યારે તમે વધારે બળ કર્યું. તેમણે કાંઈ અપરાધ કર્યો ન હતો, છતાં ક્ષત્રિયના ઉપર તમે તલવાર ચલાવી. તમે તમારો ધર્મ છોડ્યો. ત્યારે ક્ષત્રિયોને તેનું ઘણું જ દુઃખ લાગ્યું. અરે, આ સંત નથી, સત્સંગ ઉપર દ્વેષ કરવા માટે માત્ર આ લોકોએ તો સંતોનો વેષ જ લીધો છે. સંતોને અને હરિભક્તોને જે પીડે છે, તેઓ તો આ કળિયુગના અસુર કહેવાય છે. સંતનો વેષ (બહાનું) ધરી રહ્યા છે, એમ માનીને હરિભક્ત ક્ષત્રિયો તો પગે લાગતા જ રહ્યા. નમતા રહેવા છતાં પણ જ્યારે તમે ભેખધારીઓ તેમને મારવા લાગ્યા ત્યારે તેમનાથી તે સહન થયું નહિ.

સંતની સેવા કરવા માટે તો અમે ઘર અને કુટુંબનો ત્યાગ કર્યો છે. જે મનુષ્ય સંતોની સેવા નથી કરતો, તે તો ઘોર નરકમાં પડે છે. જે શરીર અને ધન સંતોની સેવામાં ઉપયોગી ન થાય, તેને તો અમે નિષ્ફળ માનીએ છીએ. જે કોઈ મનુષ્ય સંતનો અપરાધ કરે છે, તે જન્મોજન્મ દુઃખી થાય છે. તેને ફરીવાર મનુષ્યજન્મ મળતો નથી. પણ તે દીપડાનાં અથવા વાઘનાં જન્મને પામે છે.

ભગવાનના ધામને સમાન શ્રેષ્ઠ કોઈ નથી. બીજા સાધન કરે તો દેવલોક પામે, કાં તો ધનાઢ્ય થાય, કાં તો પવિત્ર બ્રાહ્મણ થાય, તેથી સંતની સેવા દેવ-બ્રાહ્મણ અને રાજાઓ પણ મોક્ષને માટે કરે છે. સંતો સહુથી મોટા છે. શ્રીહરિની સેવા કરીને તેઓ જીવના પાપ હરે છે.

જ્યાં સુધી ધનમાં બંધાયા હોય ત્યાં સુધી સંત કહેવાય નહિ. ધનને માટે જ જે સંતો તત્પર હોય તે જગતના મળરૂપ છે. તેઓ સાચા સંતોને જોઈને દાઝે છે. સાચા સંતો ધન અને સ્ત્રીને નરકનાં દ્વાર સમજે છે. એવા સંતો જગતના **નાવરૂપ** છે અને દેવ, મનુષ્યથી પણ અધિક છે. કેફ, વ્યસન અને ફેલને તેઓ દૂરથી તજે છે. એમ સંતના લક્ષણે કરીને **સંત** ઓળખાય છે. વર્તન ઉપરથી સંતપણું ઓળખાય છે. સંતો અવગુણ તજી ગુણ ગ્રહણ કરે છે. અને અસંત અવગુણ ગ્રહણ કરે છે. સાચા સંતો સ્ત્રી, ધન, હથિયાર, વ્યસન, કેફ, ફેલ અને મુખથી ગાળો બોલવી એ બધું ત્યાગ કરે છે અને જગતનું અપમાન સહન કરે છે. માંદા સંતો ભાવે તેવું ખાય તેના ઉપર ઈર્ષ્યા કરે તે અસુરમાં પણ અસુર છે. સંત જે જે ક્રિયાઓ કરે છે તે ભગવાનની મૂર્તિને અંતરમાં રાખીને કરે છે. એવા સંતને માટે અમે વારે વારે **યજ્ઞ** કરીએ છીએ.

ખોખરા મહેમદાવાદમાં અમે યજ્ઞ કરવા આવ્યા ત્યારે તમને પ્રથમ જણાવ્યું ન હતું, તેથી આ વખતે જણાવીએ છીએ કે ચરોતરમાં **ડભાણ** ગામે અમે યજ્ઞ કરવાના છીએ, ત્યાં તમે આવજો. ખોખરામાં તમે મર્યાદા છોડી નરસિંહ રૂપ ધરી યજ્ઞમાં વિઘ્ન કર્યું. સંત નરસિંહ રૂપ છે, એવું અમે ક્યાંય સાંભળ્યું નહોતું. અમારો યજ્ઞ તમે દીઠો નહિ, તે દેખાડવા માટે હવે ડભાણમાં યજ્ઞ કરીએ છીએ. તમારી નજરમાં આવે તેટલા ભેખ ભેગા થઈને આવજો. જેવો તમારો ભાવ હશે તેવું **સન્માન** કરીશું. જેટલા યજ્ઞમાં આવવાના હોય તેટલા લખજો. ગાંજો-તમાકુ મળશે નહિ.''

શ્રીહરિનું જે ચાતુર્ય હતું તેને બુદ્ધિમાન મહંતે પત્ર વાંચીને જ પારખી લીધું. તે **પત્ર** બધો વાંચ્યો અને તેનું બુદ્ધિથી **મૂલ્યાંકન** કર્યું. પત્રમાં લખેલી બધી જ વાતને તેણે **અનુપમ** અને **અમાપ** દેખી. ચારે ધામમાં જે મોટા મોટા સિદ્ધો રહે છે અને યોગ સાધે છે. તેમાં શ્રીહરિના જેવા બીજા કોઈ થયા નથી, એમ તેણે માન્યું. મુખ્ય ચાર સંપ્રદાય અને પૃથ્વી ઉપરના બીજા પણ **અનેક સંપ્રદાય** થયા છે, તેમાં કોઈમાં સત્ય અસત્યનો વિવેક રહ્યો નથી. લગભગ બધા જ નારી અને ધનમાં ડૂબી ગયા છે. ચૌદ લોકવાળા અનંત બ્રહ્માંડો છે, તે બધા જ નારી અને ધનમાં બૂડી ગયા છે. અને તે સિવાયના જેટલા ફેલ અને વ્યસન છે તે બધા નારી અને ધનની અંદર જ વસીને રહ્યા છે.

હવે તેમાં જેને આ સ્વામિનારાયણના **સત્સંગ**નો **જોગ** થયો છે તે બધાએ સત્સંગના પ્રતાપથી જે વ્યસન અને ફેલ કહેવાય છે તેનો ત્યાગ કર્યો છે, એવું દેખાય છે. શુકદેવજી, સનકાદિકો, નારદજી, કપિલદેવજી, ભરત, દત્તાત્રેય, બદરિકાશ્રમના ઋષિઓ અને શ્વેતદ્વીપના નિરન્નમુક્તો, એ બધાને ધન અને સ્ત્રીનો પ્રસંગ જ પ્રત્યક્ષ રીતે ક્યાંય દેખ્યામાં આવતો નથી. પણ અત્યારે તો ઘોર કળિયુગ ચાલી રહ્યો છે. અને તેમાં આ સ્વામિનારાયણ પ્રકટ્યા છે. તેમણે શાસ્ત્રોમાં જોઈને ત્યાગીઓના સનાતન ધર્મની મર્યાદા જેવી હતી તેવી બરાબર બાંધી છે અને હરિભક્તોની પણ સનાતન રીતને શાસ્ત્રોમાં દેખીને વિશુદ્ધ રીતે બાંધી છે. સત્સંગમાં જે ત્યાગી અને ગૃહસ્થ છે. તેમનાં અલગ અલગ ધર્મ-નીતિ વ્રતમાન-નિયમોને બાંધ્યા છે. સત્સંગ સિવાયના બીજા જે ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો છે. તે સહુએ પોતપોતાના ધર્મનો ત્યાગ કરીને જાણે કે અધર્મમાં ચાલવા માટેનો જ અનુરાગ-પ્રેમ, તેમાં ઢાળ કર્યો છે. જ્યારે સત્સંગનો પ્રતાપ વધ્યો ત્યારે તો તે વર્ણાશ્રમીઓમાં રહેલો અધર્મ સહુને દેખાયો છે.

સ્વામિનારાયણ ભારે **સમર્થ** છે. તેનું વર્તન અમે નિહાળીને જોયું છે. જે **ઉત્તમ ધર્મ** કહેવાય છે તેની **મર્યાદા** કોઈ સમર્થના સિવાય બાંધી શકાતી નથી. જે ઉત્તમ ધર્મ છે તે સમર્થને રુચે છે. ગમે છે. અને તેઓ સર્વોત્તમ ધર્મે કરીને અધર્મનો ઉચ્છેદ કરી નાખે છે. સમર્થ પુરુષની એક **ખાસિયત** છે કે તેઓ કોઈના ઉપર કોપ કરતા નથી. અને સમર્થ થઈને તેઓ કોપ કરે, તો પણ તેમને કોઈથી ભય તો નથી જ. જેટલા જે વધારે સમર્થ હોય છે તેમાં તેટલી **અધિક ક્ષમા** રહી હોય છે. અને તે સમર્થનું **ખાસ લક્ષણ** છે. પણ જે અસમર્થ હોય છે તે ક્ષમાને તુચ્છ કહે છે.

સાગર જો દુનિયા ઉપર કોપ કરે, તો કયો એવો રાજા છે કે જે સાગરના કોપને અટકાવે. રાજા કદાચ કરોડો તોપો ચલાવે તો પણ સાગર તેનાથી લેશમાત્ર ડરતો નથી. જે સમર્થ (પરમેશ્વર) છે, તેમના નિયંત્રણમાં અનંતકોટિ બ્રહ્માંડો પણ રહે છે. જ્યાં બ્રહ્મા જેવાની પણ ગણતી નથી. ત્યાં કોઈ રાજાના તો શા લેખા ? સમર્થ (પરમેશ્વર) ના હાથમાં પ્રાણીમાત્રની જીવનદોરી છે. જે તેમની સાથે વિરોધ કરે છે, તે પોતે જ પોતાનું ગળું કાપે છે. મહંતે સહુને કહ્યું, આ પત્ર વાંચવાથી મને જે દેખાયું છે. તે મેં તમને સહુને કહ્યું છે. ત્યારે બીજા વેરાગીઓ બોલ્યા, 'આ પત્ર સહુને વંચાવવો નહિ.' આ પત્રમાં તેમનો કોઈ જાદુ રહ્યો છે. માનો, તેણે કોઈ વશીકરણ વિદ્યાજ આપણા ઉપર મોકલી છે. તેમની જેટલી ક્રિયાઓ છે. તેમાં એક પણ ક્રિયા જાદુ વગરની હોતી નથી.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૧-૨-૩)

આ બાજુ ભગવાન શ્રીહરિ કચ્છમાંથી ગુજરાત, કાઠિયાવાડ, ઝાલાવાડ, ખાખરિયા વગેરે પ્રદેશોમાં વિચરણ કરતા સંતો તથા હરિભક્તોને ડભાણમાં થનારા યજ્ઞની આમંત્રણ પત્રિકાઓ પહોંચાડી. થોડા સમય પછી પોતે પણ વિચરણ કરતા કરતા **ડભાણ** પધાર્યા. યજ્ઞની તૈયારી માટે ત્યાં આવેલા મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી અને અન્ય સંતો-હરિભક્તો શ્રીજીમહારાજ પાસે તરત જ આવી ગયા. મહારાજે કરવા ધારેલ મહાયજ્ઞની તૈયારી માટે માનવબુદ્ધિ અને શક્તિ ઓછાં પડે તેમ હતાં. જેતલપુરના યજ્ઞમાં જે સામગ્રીઓના ગંજ ખડકાયા હતા તેથી વિશેષ સામગ્રીની અહીં જરૂર હતી, વિશેષ તૈયારીઓ પણ કરવાની હતી. વળી, અસુરોના ઉપદ્રવ સામે રક્ષણની પણ જોગવાઈ કરવાની હતી.

ભગવાન શ્રીહરિએ સૌએ કેટકેટલી અને કેવી તૈયારીઓ કરી છે તે સમજી લીધું. કેટલું બાકી છે અને શું શું કરવાનું છે તે પણ જાણી લીધું. સીધા-સામગ્રી ક્યાંથી મંગાવવાં, તે કામ કોને સોંપવું તે **સૂચના** આપી. યજ્ઞના રક્ષણ માટે અને યજ્ઞમાં આવનારા હરિભક્તોના રક્ષણ કાજે શ્રીજીમહારાજે કહ્યું : ''વેરાગીઓનું જોર ઘણું છે. જેતલપુરના યજ્ઞ પછી આપણા પ્રત્યે ઈર્ષ્યા, વેરઝેર વધ્યાં છે. વળી, અમે તેના મહંતને કાગળ લખીને આમંત્રણ પણ આપ્યું છે એટલે તે બધા આવશે. યજ્ઞનાં દર્શન કરવા નહીં, પણ યજ્ઞમાં વિઘ્ન નાખવાં માટે ! વડતાલ, બામરોલી, શેલડી, સંજાયા વગેરે ગામોમાંથી હથિયારબંધ માણસોને બોલાવજો. અમો પણ અહીંથી હાથરોલી અને ઘોડાસર જવાના છીએ. ત્યાંથી પણ માણસો લાવશું. તે સિવાય આપણા કાઠી ભક્તો પણ આવશે, પણ ખબરદારી પૂરેપૂરી રાખવાની છે.'' ભગવાન શ્રીહરિ બોલ્યે જ જતા હતા, સંતો-હરિભક્તો સાંભળતા હતા. આવા મહાન યજ્ઞ માટે શ્રીજીમહારાજ કેવું મહાન આયોજન કરી રહ્યા હતા તેનો ખ્યાલ સૌને આવી ગયો. તેમને લાગ્યું કે, તેમને તો આ યજ્ઞમાં કેવળ સેવા જ કરવાની છે; બાકી આયોજન, વ્યવસ્થા, સિદ્ધિ વગેરે ભગવાન શ્રીહરિના સંકલ્પ પ્રમાણે થયા જ કરશે.

પછી શ્રીજીમહારાજે સંતો-હરિભક્તોને કહ્યું : ''અમે હાથરોલી, ઘોડાસર થઈને દસ-બાર દિવસ પછી આવીશું. તે દરમ્યાન તમો પણ તૈયારીઓ પૂરી કરી લેજો.'' એટલું કહીને મહારાજ ત્યાંથી મુકુંદ બ્રહ્મચારીને લઈને ચાલ્યા. કચ્છમાંથી પોતાની સાથે આવેલા

રાયધણજી તથા અન્ય ભક્તોને ડભાણમાં જ સેવામાં રાખી દીધા.

ભગવાન શ્રીહરિ ઘોડાસરને માર્ગે ઉતાવળા ચાલ્યા. મુકુંદ બ્રહ્મચારી મહારાજની સાથે ચાલી શક્યા નહીં એટલે મહારાજે તેમને કહ્યું : ''તમે ધીરે ધીરે આવો. અમે જઈએ છીએ.''

ભગવાન શ્રીહરિ ઘોડાસર પહોંચી ગયા. ત્યાંના રાજા જાલમસિંહને ખબર હતી કે મહારાજ પધારવાના છે, પરંતુ તેમણે મહારાજના અગાઉ દર્શન કર્યા નહોતા. તેથી મહારાજને દાસ સમજી તેમણે પૂછ્યું : ''બાપો ક્યાં છે ?''

**'કહ્યું ભૂપતિએ બાપો ક્યાં છે, કહે કૃષ્ણ તે મારગમાં છે;**
**અમે આગળથી ચાલી આવ્યા, તમ અર્થે પ્રસાદી આ લાવ્યા.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૮)

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''બાપો રસ્તામાં ચાલ્યા આવે છે.''

એટલે જાલમસિંહે ફરી પૂછ્યું : ''મને ઓળખાણ તો પાડો કે બાપો કેવા છે ?''

ત્યારે ભગવાન શ્રીહરિએ હસીને કહ્યું : ''બાપો અમારા જેવા છે.'' એમ કહી જાલમસિંહને પ્રસાદી આપી. જાલમસિંહ તે જમ્યા અને પછી ઘોડા ઉપર સવાર થઈને 'બાપા'ને લેવા સામે ગયા.

જાલમસિંહ હાથરોલીને માર્ગે પડ્યા ત્યાં તેમને સામેથી મુકુંદવર્ણી દેખાયા. તે તરત જ ઘોડા ઉપરથી ઊતરી ગયા અને વર્ણીને પગે લાગ્યા. પછી હાથ જોડી બોલ્યા : ''આગળ જે આવ્યા તેણે ખરું કહ્યું કે બાપો પાછળ આવે છે. હું તો તમારી રાહ જોઈ રહ્યો છું.''

બ્રહ્મચારી આ સાંભળી મૂંઝાયા. તેમણે પૂછ્યું : ''ક્યા બાપાની રાહ જુઓ છો ?''

ત્યારે જાલમસિંહ દરબારે કહ્યું : ''કેમ આપની જ તો વળી ? આપના વગર બીજો ક્યો બાપો જગમાં છે ? આપ પધાર્યા તે અમને શાંતિ થઈ ગઈ !''

મુકુંદ બ્રહ્મચારીને થયું કે, મહારાજે દરબારને ભેખડે ભરાવી દીધા લાગે છે ! તેમણે તરત જ કહ્યું : ''દરબાર ! બાપો તો આગળ પહોંચી ગયા તે જ છે. હું તો એમનો સેવક છું.''

આ સાંભળી જાલમસિંહ ચમક્યા ! તેમને યાદ આવ્યું. શ્રીજીમહારાજે કહ્યું હતું ને કે 'બાપો અમારા જેવા જ છે.' ભગવાન જેવા તો એક ભગવાન જ હોય ! તેમણે તરત જ ઘોડા ઉપર ચડી ઘોડો દોડાવ્યો.

ઘોડાસરથી ભગવાન શ્રીહરિ હાથરોલીને માર્ગે જઈ રહ્યા હતા. જાલમસિંહે મહારાજને જતા જોયા અને ઘોડાનું ચોકડું ખેંચ્યું. ઘોડો પૂરપાટ દોડવા લાગ્યો. દોડતા ઘોડાનો અવાજ સાંભળી મહારાજ એક કોરે ખસી ગયા.

એટલામાં જાલમસિંહ ઘોડા ઉપરથી ઊતરીને ભગવાન શ્રીહરિને પગે લાગ્યા. શ્રીજીમહારાજને કહ્યું : ''મહારાજ ! આપ જ બાપો હતા, તો મને કહ્યું કેમ નહીં ?''

''અમે કહ્યે બાપો ન ઓળખાય, એ તો બીજાની સાખ્યે ઓળખાય !'' મહારાજે હસતાં હસતાં કહ્યું.

દરબારને ગમ પડી. ભગવાનને ઓળખવા એ સહેલું ન હતું. આજ તો ભગવાને દયા કરી એટલે ઓળખાયા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ આ ઘોડા ઉપર બિરાજો.''

તે સાંભળી મહારાજે કહ્યું : ''ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે.''

જાલમસિંહે કહ્યું : ''મહારાજ ! હું ઘોડાની સરક પકડીને ઘોડાને દોરીશ, માટે આપ બેસો.''

પછી ભગવાન શ્રીહરિ જાલમસિંહ સાથે હાથરોલી પધાર્યા ને ભગુ ખાંટને ઘેર ઊતર્યા. ભગવાન શ્રીહરિ ડભાણથી નીકળ્યા ત્યારે ત્યાં કહેતા ગયા હતા કે સંતમંડળ તથા હરિભક્તોના જે જે સંઘ આવે તેને હાથરોલી અથવા ઘોડાસર મોકલજો. શ્રીજીમહારાજની તે આજ્ઞા પ્રમાણે હાથરોલીમાં મહાનુભાવાનંદ સ્વામીનું મંડળ આવ્યું. સહુ સંતોએ ભગવાન શ્રીહરિને દંડવત પ્રણામ કર્યા અને મહારાજ સહુને ભેટ્યા.

તે સમયે જ સોરઠના હરિભક્તોનો સંઘ આવ્યો. તેમાં પીપલાણાના નરસિંહ મહેતા તથા લાડકીબાઈ મુખ્ય હતાં અને સાથે મઢડાના જેઠા મેર હતા. તે સિવાય આખા, પંચાળા, ધોરાજી, માણાવદર, ગણોદ, વગેરે ગામના હરિભક્તો પણ હતા. વળી જાળિયા, ઉપલેટા, ફણેણી, જેતપુર, માંગરોળ, ગોંડલ, પાડાસણ, ખાંભા, સરધાર, વડાળી, કાંકશિયાળી, રોહિશાળા વગેરે ગામનાં બાઈ-ભાઈના સંઘો પણ ત્યાં આવ્યા. દરેક ભક્તોએ ભગવાન શ્રીહરિને દંડવત પ્રણામ કર્યાં. ભગવાન શ્રીહરિએ સહુના કુશળ સમાચાર પૂછ્યા ને ઉતારા કરાવ્યા.

ડભાણ યજ્ઞમાં અનેક પ્રદેશોમાંથી હરિભક્તોના સંઘ આવ્યા હતા તે દરેક સંઘો ભગવાન શ્રીહરિની આજ્ઞાથી હાથરોલીમાં આવી ગયા, એને કારણે ગામ નાનું બની ગયું ને સંઘની વસ્તી વધી ગઈ ! શ્રીજીમહારાજ નિત્ય ભગુ ખાંટના ઘેર ફળિયામાં સભા કરતા હતા. દેશ-પ્રદેશમાંથી એટલે કે દૂર-દૂરથી સંતો-હરિભક્તો આવેલા તેઓને જોઈને ભગવાન શ્રીહરિ ખૂબ રાજી થતા હતા. સંતો દરરોજ ગામમાં ભિક્ષા માગવા જતા હતા. ભિક્ષામાં આવેલ અન્નમાં પાણી નાખી શુદ્ધ કરીને જમતા હતા. રાત્રે બાર વાગ્યા સુધી ભગવાન શ્રીહરિના મુખકમળથી જ્ઞાનવાર્તા સાંભળતા અને પછી સંતો ગામની બહાર આમલીઓનાં વૃક્ષ નીચે સૂઈ રહેતા.

સંતોના ત્યાગ અને વૈરાગ્યની ખુમારી જોઈ શ્રીજીમહારાજ પણ એ વૈરાગ્યને વિશેષ ઓપ ચડાવતા. એક પ્રહર રાત્રી બાકી હોય ત્યારે મશાલ લઈ સંતો પાસે જતા, સૂતા સંતોને જગાડતા, તેમના અંતરમાં જે સંકલ્પો થતા હોય તે ઉપર વાતો કરતા : ''તપ એ સંતોનું આભૂષણ છે. આ દેહ તો મિથ્યા છે. તેનું દમન કરી જે અમને પ્રસન્ન કરવા તપ કરે છે, તેના ઉપર અમે ઘણા જ રાજી થઈએ છીએ.''

ભગવાન શ્રીહરિની તપ સંબંધી આવી આકરી વાત સાંભળી એક સંતને તપનો વેગ લાગી ગયો. ત્રણ-ચાર દિવસ પછી ભગવાન શ્રીહરિ સૌ સંતો સાથે હાથરોલીથી બારમુવાડે જમવા જતા હતા ત્યાં મહારાજે રસ્તામાં એક સાધુને એકલા બેઠેલા જોયા. તે સાધુએ જે રીતે આસન લગાવ્યું હતું અને એકાગ્રતા સાધી હતી, તે જોઈ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તે સાધુને જગાડ્યા અને પૂછ્યું : ''સાધુરામ ! અહીં શું કરો છો ?''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપને તપ બહુ ગમે છે. એટલે તપ કરું છું. છેલ્લા ત્રણ-ચાર દિવસથી અન્ન કે પાણી કાંઈ જ લીધું નથી.''

આ સાંભળી ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : ''તપ કરો છો તે સારી વાત છે. દેહને મિથ્યા સમજી દેહનું દમન કરો છો તે પણ સારું છે, પરંતુ આ કળિયુગમાં અતિશય તપ ન કરવું. દેહ એ મોક્ષનું સાધન છે, માટે દેહને જાળવવું પણ ખરું; પરંતુ તેને ભોગનું સાધન ન માનવું. આટલું સમજી-વિચારીને તપ કરશો તો તમે ઘણું તપ કર્યું ગણાશે.''

શ્રીજીમહારાજ બારમુવાડે જમીને પાછા **હાથરોલી** સંતમંડળ સાથે આવી ગયા. એટલામાં સુરતનો સંઘ ત્યાં આવી પહોંચ્યો. તેમનો ભાવ જોઈ મહારાજ અત્યંત પ્રસન્ન થયા. પછી જાલમસિંહે કહ્યું : ''મહારાજ ! હવે ઘોડાસર પધારો અને આપની સેવા-ભક્તિ કરવાના અમારા મનોરથો પૂરા કરો. આપને માટે આ પાલખી પણ અમે લાવ્યા છીએ.'' ભગવાન શ્રીહરિએ તરત જ ઘોડાસર જવા સૌને તૈયાર થવા કહ્યું.

ભગવાન શ્રીહરિ શોભાયાત્રા રૂપે ગામમાં દર્શન આપી **ઘોડાસર** પધાર્યા. દરબાર જાલમસિંહના ઘેર ઉતારે પધાર્યા. ત્યાં સુરતના સંઘના ભક્તોએ કેસરમિશ્રિત ચંદનથી મહારાજની પૂજા કરી. પછી રૂપિયા ૧૮૦૦ની કિંમતનું મંદિલ મહારાજના મસ્તકે બંધાવ્યું. અનેક આભૂષણો, કીમતી વસ્ત્રો સહિત દસ હજારની કિંમતના આભૂષણો-વસ્ત્રો મહારાજને ધરાવ્યાં. આ જોઈ જાલમસિંહને ખૂબજ **આશ્ચર્ય** થયું. પછી તેમણે **પ્રાર્થના** કરતા કહ્યું : ''મહારાજ ! મારા ઉપર કૃપા કરી, મને તમારો દાસ જાણી મારા લાયક કાંઈ સેવા હોય તો કહેજો. આપના માટે મારું સમગ્ર રાજ અને હું તૈયાર છીએ.''

ત્યારે જેનાથી મહાકાળ પણ થરથર ધ્રૂજે છે એવા, સર્વેશ્વરેશ્વર શ્રીજીમહારાજે એક સામાન્ય માણસની જેમ કહ્યું : ''દરબાર ! અમારે ડભાણમાં મહામોટો વિષ્ણુયાગ કરવો છે, પરંતુ તેમાં કેટલાક અસુરો ઉપદ્રવ કરવા ધારે છે. તો યજ્ઞના રક્ષણ કાજે તમારા માણસો લઈને આવો તો યજ્ઞ નિર્વિઘ્ને પાર પડે.''

જાલમસિંહ ભગવાન શ્રીહરિની આ આજ્ઞા સાંભળી ખુશ થયા. તેમનું **ખમીર** ઊછળ્યું. પોતાના ઈષ્ટદેવના કાર્યમાં વિઘ્ન નાંખનારને જેર કરી દેવાના તેમને સંકલ્પો થવા લાગ્યા. તેથી તુરંત તેઓ બોલ્યા : ''હે કાળના પણ કાળ પ્રભુ ! તમારા સંકલ્પથી અનંત બ્રહ્માંડો પણ નાશ પામી જાય, તો પછી વૈરાગી બિચારા શું હિસાબમાં ? છતાં પણ તમો મને યશનો ભાગીદાર બનાવવા માગો છો તેથી કહું છું કે, મને આજ્ઞા કરો. મારી પાસે એક લાખ કામઠીઓ છે. તેમના ધનુષ્યમાંથી છૂટેલું બાણ **અચૂક નિશાન** પાડે એવા એ બળિયા છે.''

જાલમસિંહ દરબારની વાત સાંભળી **શ્રીજીમહારાજ** હસ્યા ને કહ્યું : ''દરબાર ! આપણે એટલા બધા કામઠીઓની જરૂર નથી. ફક્ત પંદરસો લઈને આવજો. અમારી સાથે કચ્છના શૂરવીર ક્ષત્રિય રાયધણજી અને તેના ભાઈઓ છે, ઝાલાવાડના ઝાલા ક્ષત્રિયો છે, મેથાણના પુંજાભાઈ છે, સલકીના દયાળજી પગી છે, હાથરોલીના ભગુ ખાંટ છે, ડાંગરવાના અગરાજી છે. આ બધાએ ખોખરામાં વેરાગીઓને પોતાની તાકાતનો અનુભવ કરાવી દીધો છે.'' એટલું કહીને મહારાજ અટક્યા.

જાલમસિંહ આ સાંભળી રહ્યા હતા, ત્યાં મહારાજ આગળ બોલ્યા : ''જાલમસિંહ ! ખોખરાના જંગ પછી માયાએ ફરી ફુંફાડો મારવાનં નક્કી કર્યું છે. વળી, અમે પણ એ ભેખના સરદારને કાગળ લખી ડભાણ આવવા **આમંત્રણ** આપ્યું છે. એટલે તેમની સરભરા કરવાની તકેદારી પણ પૂરેપૂરી રાખી છે. બ્રહ્માનંદ સ્વામીને કહી દીધું છે કે બામરોલી અને વડતાલથી કોળીઓ તેડાવજો અને કાઠિયાવાડમાંથી કાઠીઓને તેડાવજો. તે બધા ડભાણમાં આવી જ ગયા હશે.''

શ્રીજીમહારાજે રચેલા વ્યૂહની **વ્યવસ્થા** સાંભળી જાલમસિંહ આભા બની ગયા. તેને લાગ્યું કે અહિંસક યજ્ઞોના પ્રસ્થાપન માટે આતતાયીઓની હિંસા ભગવાન શ્રી સ્વામિનારાયણને અનિવાર્ય લાગી છે. તેમણે તરત જ પોતાના સરદારને કહી દીધું : ''પંદરસો કામઠીઓ તૈયાર થઈને ડભાણ જવા ચાલી જ નીકળે.''

ભગવાન શ્રીહરિ દરબાર જાલમસિંહની ભક્તિ જોઈ પ્રસન્ન થયા. જાલમસિંહના આગ્રહથી મહારાજ પાલખીમાં બિરાજ્યા. ગામના લોકો પણ સૌ શ્રીજીમહારાજને તથા સંતમંડળને વળાવવા માટે સાથે નીકળ્યા. પાદરે આવ્યા એટલે ભગવાન શ્રીહરિ પાલખીમાંથી ઊતરી ગયા, પરંતુ એટલામાં તો સામેથી **સંઘ** આવતો દેખાયો.

ડભાણમાં અનેકાનેક પ્રદેશોના **હરિભક્તો** સંઘ સાથે આવી ગયા હતા. ગઢડાથી કિશોરવયના ઉત્તમકુમાર (દાદાખાચર) પોતાની બહેનોની સાથે આવ્યા હતા. તે સમયે તેમની ઉંમર ફક્ત નવ વર્ષની જ હતી. જીવાખાચર, મૂળુખાચર, નાંગમાલો, ઘેલાધાધલ વગેરે પણ આવી ગયા હતા. વળી કોટડા, વાંકિયા, ભડલી, ગુંદાળા, ઝીંઝાવદર, ખંભાળા, કારિયાણી, સારંગપુર, ખાંભડા, નાગડકા, કુંડળ, બોટાદ અને બગડના હરિભક્તો પણ આવી ગયા હતા. એ ઉપરાંત ગઢાળી, પીપળી, જમનાવડ, ધોલેરા, કરમડ, ભેંસજાળ, રોજકા, જસકા અને વાગડ વગેરે ગામના ક્ષત્રિય હરિભક્તો પણ આવ્યા હતા. ખોખરામાં બાવાઓ સાથે થયેલા યુદ્ધની સ્મૃતિ તેમને તાજી હતી. વળી, આ પ્રસંગે એવા કોઈ બનાવ બને તો પોતાના ઈષ્ટદેવના કાર્યમાં માથાં મૂકવા તત્પર થયેલા આ રાજપૂતો અને કાઠીઓનાં શસ્ત્રો, તેમના મુખ ઉપર ઓપતા ભક્તિનાં તેજની જેમ ચમકતાં હતાં. આ બધો **માનવમહેરામણ** ભગવાન શ્રીહરિના દર્શને ઘોડાસર ગયો.

શ્રીજીમહારાજે સંઘને આવતો જોયો. સંઘે મહારાજ અને તેમની સાથેના સંઘને ઘોડાસરના પાદરમાં જોયા. સૌના અંતરમાં આનંદનો સમુદ્ર હિલોળા લેવા માંડ્યો. રંગબેરંગી સાફાઓમાં શોભતા શૂરવીર રાજપૂતો ને કાઠીઓ ઘોડીઓ રમાડતાં, તેની રેવાળ ચાલથી ઊંચા-નીચા થતાં તેમના ઉઘાડાં શસ્ત્રો સૂર્યના પ્રકાશમાં ચમકતાં, જાણે ભરતીયે ચડેલા સમુદ્રની જેમ શોભતા હતાં ! ભગવાન શ્રીહરિના સ્વાગત માટે વાગતાં ઢોલ, ત્રાંસાં અને ભેરીના સૂરો તથા જયઘોષણા, સમુદ્રના ઘૂઘવાટાની જેમ ચારે દિશાએ પ્રસરી ગયા હતા.

ભગવાન શ્રીહરિ કાઠી ભક્તોને જોઈ રાજી થયા. કાઠીઓની ભક્તિથી, તેમના શૂરાતનથી, તેમના પ્રેમથી મહારાજ તેમના ઉપર

અત્યંત પ્રસન્ન હતા. સૌએ મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ પણ ઘોડી ઉપરથી નીચે ઊતર્યા. કોઈને ભેટ્યા, કોઈના ઉપર દૃષ્ટિ કરી, કોઈને માથે બે હાથ મૂક્યા અને કોઈને વાણીથી સત્કાર્યા; એમ પોતાના ભાવથી ભક્તોને તરબોળ કરી દીધા. એક વિશાળ વૃક્ષની નીચે ભગવાન શ્રીહરિ પધાર્યા. પોતાને માટે બનાવેલ ઉચ્ચ આસન ઉપર બિરાજમાન થયા. સર્વે સંઘોએ ભગવાન શ્રીહરિની ભેટ-સોગાદો અર્પણ કરી પૂજા કરી. પછી શ્રીજીમહારાજ કાઠી ભક્તો તથા સંઘ સાથે ઘોડાસરથી નીકળ્યા. સાબદા થયેલા આટલા બધા ઘોડાની ખરીથી ઊડતી ડમરી આકાશે ચડી. તેમની એક સામટી હાવળથી જાણે આકાશમાં મેઘના ગડગડાટ થતા હોય તેવું લાગ્યું !

ભગવાન શ્રીહરિ ડભાણ પધાર્યા. સાથે સંઘ મોટો હતો. ડભાણમાં પણ બીજા **અનેક સંઘો** આવી ગયા હતા. નિશાનડંકા વાગવા લાગ્યા. ભેરીના સૂરો ગાજવા લાગ્યા. ઢોલીઓના ત્રંબાળું ઢોલ ધ્રિબાંગ ધ્રિબાંગ ગગડવા લાગ્યા. સૌ પુષ્પહાર, ફૂલ, કંકુ, અક્ષત, સુવર્ણ પુષ્પો વગેરે લઈને ભગવાન શ્રીહરિને વધાવવા તૈયાર થઈ ગયા હતા. બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી પણ તેમના શિષ્યમંડળ સાથે મહારાજના સત્કાર માટે તૈયાર હતા. શ્રીજીમહારાજ પધાર્યા એટલે બંને સંતોએ હાર પહેરાવી પૂજન કરી દંડવત્ પ્રણામ કર્યા. બીજા સંતોએ પુષ્પોથી વધાવ્યા. હરિભક્તોએ પણ દૂરથી કંકુ, અક્ષત, ફૂલ વગેરે ચડાવ્યાં.

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીના હાથ પકડ્યા. ધીરે ધીરે મહારાજ તેમની સાથે ચાલવા લાગ્યા. મહારાજનો ઉતારો રઘુનાથ પટેલના વિશાળ મકાનમાં રાખ્યો હતો. મહારાજ ત્યાં પધાર્યા. અન્ય કાઠી દરબારો માટે યોગ્ય ઉતારાની **વ્યવસ્થા** કરી હતી. હરિભક્તો માટે ગામની બહાર તંબૂઓ, રાવટીઓ વગેરે તૈયાર કર્યાં હતાં.

ભગવાન શ્રીહરિ ઉતારે પહોંચી બ્રહ્માનંદ સ્વામીને 'યજ્ઞ માટેના સામાન અંગે શું વ્યવસ્થા કરી છે' તે પૂછ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અણિયાળીના પુંજા શેઠ ગાડાં લઈને સામાન લેવા **ખંભાત** ગયા હતા. ખંભાતની ભાગોળે આટલાં બધાં ગાડાં આવેલા જોઈ એક શેઠે તેમને પૂછ્યું : 'આ આટલાં બધાં ગાડાં કોણ લાવ્યું છે અને અહીંથી શું માલ વહોરવાનો છે ?' એટલે પુંજા શેઠે કહ્યું : 'અમારા સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં મહામોટો યજ્ઞ કરાવવાના છે. આ પ્રસંગે હજારોની સંખ્યામાં ત્યાં હરિભક્તો આવશે. એટલે યજ્ઞ માટે અને હરિભક્તોને ભોજન જમાડવા માટે અમે અહીં માલસામાન ખરીદવા આવ્યા છીએ.' તે સાંભળી શેઠે પૂછ્યું : 'સ્વામિનારાયણના તો સાધુઓ પણ ઘણા છે તે પણ બધા ત્યાં આવશે ને ?' એટલે પુંજા શેઠે કહ્યું : 'જેને જેને ભગવાન સ્વામિનારાયણ પત્ર લખીને બોલાવશે તેટલા આવશે. બીજા સંતો આજ્ઞા વિના નહીં આવે.'

શેઠ આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : 'ચાલો મારી વખારે, હું તમને યજ્ઞ માટેનો તમામ માલ આપીશ.' એટલે પુંજા શેઠ તેમની સાથે ગામ બહાર તેમની **વખાર** હતી ત્યાં ગયા. ગાડાં પણ બધાં ત્યાં બોલાવ્યાં. અહીં શેઠે ઘી, ગોળ, લોટ, દાળ, ચોખા, તેલ તથા બીજી અન્ય વસ્તુઓ જોખી આપી. પચાસ ગાડાં ભરાઈ ગયાં. પછી પુંજા શેઠે કહ્યું : 'શેઠ ! તમારો આંકડો આપો.' એટલે શેઠે કહ્યું : 'તમે આ શું બોલ્યા ? સ્વામિનારાયણ ભગવાનનું નામ તો જગજાહેર છે. આ લોકના મોટા શેઠિયાની શાખે અમે માલ ધીરીએ છીએ તો સ્વામિનારાયણ તો ભગવાન છે. આજે માલ આપીને અમે રોકડી કિંમત લઈ લઈએ એમાં અમારી આબરૂ નહીં ! વળી, અત્યારે રાત પડી ગઈ છે. રાત્રે નાણાંની લેવડદેવડ થાય નહીં. માટે તમારે ઉતાવળ હોય તો સવારે આવજો.' પુંજા શેઠે ગાડાં બધાં ભાગોળે લાવી ત્યાં છોડાવ્યાં.

બીજે દિવસે સવારે પુંજા શેઠ એ **શેઠ**ની વખારે જવા નીકળ્યા. જ્યાંથી માલ ગાડાંમાં ભર્યો હતો ત્યાં ગયા તો કોઈ વખાર જ ન દીઠી. આજુબાજુ તપાસ કરી. ગામમાં જઈ વેપારીઓને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'અહીં તો ભાઈ ગામ બહાર કોઈ વેપારીની વખાર નથી. તમે ભૂલા પડ્યા લાગો છો.'

પુંજા શેઠ મનમાં સમજી ગયા કે ભગવાન શ્રીહરિ શેઠ બનીને આવ્યા હતા. તેઓ સામાનનાં ગાડાં અહીં લાવ્યા.''

બ્રહ્માનંદ સ્વામીની આ વાત સાંભળી **શ્રીજીમહારાજ** મંદમંદ હસવા લાગ્યા. પછી સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમારી ભક્તિ જોઈને ભગવાને તમારું કામ કર્યું.''

### ભગવાન શ્રીહરિના હસ્તે યજ્ઞનો શુભારંભ :

આ યજ્ઞ માટે શ્રીજીમહારાજે ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવ્યા હતા. વેદજ્ઞોને પણ બોલાવ્યા હતા. તેઓ સૌ અહીં આવી ગયા. ગામની પશ્ચિમ દિશામાં અઢાર વીઘાંની જમીન આંતરી મોટો યજ્ઞમંડપ તૈયાર કરાવ્યો હતો. આ મંડપમાં નિષ્કુળાનંદ સ્વામીએ ઉત્તર તથા દક્ષિણ દિશામાં બે મોટા સિંહાસનો ભગવાન શ્રીહરિ માટે બનાવ્યાં હતાં. બંને સિંહાસન વચ્ચે બે ખેતર જેટલી જગ્યાનું અંતર રાખ્યું હતું. શ્રીજીમહારાજ આ વ્યવસ્થા જોઈ બહુ પ્રસન્ન થયા. યજ્ઞકુંડ પણ બ્રાહ્મણોએ તૈયાર કરી દીધો હતો.

ગામથી પૂર્વ દિશામાં જ્યાં હાલ **તળાવ** છે ત્યાં **ભોજનશાળા** બનાવી હતી. હજારોની સંખ્યામાં ભૂદેવો આવ્યા હતા. એટલે તે પ્રમાણે તેમને સૌને જમાડવાની વ્યવસ્થા ત્યાં કરી દીધી હતી. મયારામ ભટ્ટ આવી શક્યા ન હતા, તેથી અમદાવાદના નાગર બાપુભાઈને યજ્ઞના ખર્ચનું હિસાબી કામ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે સોંપી દીધું હતું. નારદીપુરના નાનાભાઈને યજ્ઞ સંબંધી તમામ **દેખરેખનું કામ** સોંપ્યું. મુખ્ય યજમાન તેમને બનાવ્યા.

ડભાણ ગામ નાનું અને દેશદેશાંતરના ભક્તોના અનેક સંઘો મોટી સંખ્યામાં આવ્યા હતા. શ્રીજીમહારાજે અગાઉથી જ બ્રહ્માનંદ સ્વામી તથા અન્ય સંતો-હરિભક્તોને આવનારા તમામ સંઘના ઉતારાની, તેમના ભોજનની, તેમની રક્ષાની **વ્યવસ્થા** કરવાનું સોંપી દીધું હતું. પોતાની સાથે પણ ઘોડાસરથી પંદરસો કામઠીઓ લાવ્યા હતા, તે ઉપરાંત કાઠી ભક્તો પણ હતા. તંબૂઓ અને રાવટીઓની આજુબાજુ આ **રક્ષકો** ગોઠવાઈ ગયા હતા.

યજ્ઞના મુખ્ય યજમાનો ડભાણના વિષ્ણુદાસ તથા રૂગનાથદાસ તેમજ બોચાસણના કાશીદાસ હતા. ઉમરેઠના રૂપરામ ઠાકર, પીપળાવના પ્રભાશંકર, વસોના વાલા ધ્રુવ વગેરે બ્રાહ્મણોને પણ આ મહાયજ્ઞની જવાબદારી સોંપી હતી. ભગવાન શ્રીહરિની સેવામાં મયારામ ભટ્ટના ભાઈ ગોવિંદરામ, નરભેરામ, હરિકૃષ્ણદાસ વગેરે બ્રાહ્મણો હતા. જાલમસિંહ રાજાને ભગવાન શ્રીહરિએ પોતાના **અંગરક્ષક** તરીકે સાથે જ રાખ્યા હતા. શ્રીજીમહારાજની કૃપાથી તેમને મહારાજ પ્રત્યે અધિક ભાવ થયો. જાલમસિંહ જાણતા જ હતા કે જે સૌના રક્ષક છે તેને અન્યના રક્ષણની શી અપેક્ષા હોય ? છતાં મહારાજે તેમનો ભાવ વિશેષ વૃદ્ધિ પામે તે માટે તેમને આ સેવા સોંપી હતી. તેઓ પણ આ ભાવ જાણી ગયા હતા. સાકરબા, દત્તાબેન અને શિવુબેન વગેરે સ્ત્રી ભક્તો પણ પોતાની મર્યાદામાં રહી ભગવાન શ્રીહરિની સેવામાં રહ્યા હતા.

યજ્ઞના પ્રારંભમાં મંગળ મુહૂર્ત પ્રસંગે ભગવાન શ્રીહરિ સુરતના હરિભક્તોએ લાવેલા કિંમતી વસ્ત્રાભૂષણો ધારણ કરીને પધાર્યા. મંડપમાં પધારી મુખ્ય વેદી જોઈ. તેની આજુબાજુ બીજી નવ વેદીઓ કરેલી હતી તે પણ જોઈ. બ્રાહ્મણોએ દરેક વેદીની પૂજા કુમકુમ, અક્ષત, પુષ્પ વગેરેથી કરી હતી. શ્રીનગરના વિપ્રવર્ય પ્રાણગોવિંદ બ્રહ્માના સ્થાને હતા. ઋગ્વેદના જ્ઞાતા ઉમરેઠવાસી હરિશર્મા હોતા થયા. શ્રીનગરના હેમંતરામ ઉદ્‌ગાતા થયા. યજુર્વેદ જાણનારા હળવદના શિવશંકર યાજ્ઞિક અધ્વર્યુ થયા. યજ્ઞનો પ્રારંભ વેદમંત્રોચ્ચારથી ભગવાન શ્રીહરિના વરદ હસ્તે થયો. સૌ સંતો, બ્રાહ્મણો અને હરિભક્તો એક સાથે **જયજયકાર** કરવા લાગ્યા : 'સ્વામિનારાયણ ભગવાનની જય... યજ્ઞનારાયણ દેવની જય...' યજ્ઞકુંડમાં ઘી, જવ અને તલ વગેરે ધાન્યો હોમાતાં 'સ્વાહા... સ્વાહા'ના **ઉચ્ચારણો** થવાં લાગ્યાં.

### હજારો વિપ્રોનું બ્રહ્મભોજન :

સં. ૧૮૬૬ના પોષ સુદ પડવાને દિવસે યજ્ઞનો **શુભારંભ** થયો. આ મહાયજ્ઞમાં હજારો બ્રાહ્મણો આવ્યા હતા. હજારો હરિભક્તો આવ્યા હતા અને અનેક ગામડાઓમાંથી હજારો લોકો પણ આવ્યા હતા. ભોજનશાળામાં જમતા હજારો બ્રાહ્મણો અને તેમને પીરસતા વિપ્રોના ઉદ્‌ગારો **'દીયતામ્ દીયતામ્'** 'આપો આપો' અને આગ્રહ કરીને કહેતાં **'ભુજ્યતામ્ ભુજ્યતામ્'** 'જમો જમો' આ પ્રકારના દિવ્ય **ઉદ્‌ઘોષ**થી અદ્‌ભુત વાતાવરણ સર્જાયું હતું. બ્રાહ્મણોના વેદમંત્રો અને જમનારા બ્રાહ્મણોના ઉદ્‌ઘોષ સાંભળી ભગવાન શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થતા હતા.

જે **વામમાર્ગી** બ્રાહ્મણો રસોડામાં હતા, તેમને જમવાનો આનંદ હતો. વળી યજ્ઞમાં વિઘ્ન નાખવાના સંકલ્પોથી પણ તેઓ આનંદ અનુભવતા હતા. તેમને ગમે તેમ કરી યજ્ઞોત્સવમાં **વિઘ્ન** કરવું હતું. ભગવાન શ્રીહરિનો પરાભવ કરવો હતો. શ્રીજીમહારાજની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડવી હતી. પરંતુ તેઓ જાણતા ન હતા કે તેઓ આભની સાથે બાથ ભીડી રહ્યા હતા. મહાપ્રભુ શ્રીહરિ તો અંતર્યામી છે, તેઓની દૃષ્ટિ બહાર કાંઈ જ ન હતું.

યજ્ઞને મેળો સમજીને આજુબાજુના ગામડાંના ઘણાં નર-નારીઓ જોવા આવતા. તેઓ ચોખાના ગંજ ખડકેલા જોતાં, દાળની અનેક કોઠીઓ ભરેલી જોતાં, ચૂરમાના લાડુઓના ઢગલાઓ જોઈને આશ્ચર્ય પામી જતાં. ચાર પૈડાંની લાકડાની ગાડીઓમાં આ લાડુ ભરી યુવાન બ્રાહ્મણો બંને પંક્તિની વચ્ચે ગાડી લઈને ફરતાં અને મોદકપ્રિય બ્રાહ્મણોને પીરસતા હતા. ના કહે તોપણ પીરસતા હતા. ઘણા બ્રાહ્મણો દેહને ખોટો માનીને ખૂબ લાડવા જમતા હતા.

વામી બ્રાહ્મણોને ભોજન અતિ ભાવતું હતું - મોદક અતિ પ્રિય હતા, પણ ભોજન જમાડનારા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ હતો. તેથી આવા નિર્ગુણ પ્રસાદીમય ભોજનની તેમના અંતરમાં કાંઈ **અસર** ન થઈ. ભગવાન **શ્રીહરિ** અશ્વ ઉપર અસ્વાર થઈ પાર્ષદોની સાથે, ભૂદેવો જમતા ત્યારે જોવા આવતા હતા. એ સિવાય તમામ સ્થાને ફરી ફરીને સૂક્ષ્માતિસૂક્ષ્મ **નિરીક્ષણ** કરતા હતા. પાકશાળાની વ્યવસ્થા ઉપર પણ **ધ્યાન** રાખતા. પાકશાળાના ભોજન તૈયાર કરતા બ્રાહ્મણોની હિલચાલ ઉપર પણ ધ્યાન રાખતા. દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. યજ્ઞનો **ઉદ્‌ઘોષ** પણ જબરો થયો. બ્રાહ્મણો પણ રોજના બ્રહ્મભોજનથી તૃપ્ત થતા. જેમ જેમ દિવસો જવા લાગ્યા, તેમ તેમ બ્રાહ્મણો પણ ભોજન જમી જમીને થાકવા લાગ્યા. નિત્ય હજારોની સંખ્યામાં બ્રાહ્મણો જમે, ભોજન માટેની સામગ્રીઓના ગંજના ગંજ રોજ ખડકાતા ને રોજ રોજ ગાડાંઓની કતાર ડભાણના માર્ગે ચાલતી રહેતી; આવું જોઈને લોકોને આશ્ચર્ય થતું હતું. આટલી બધી સામગ્રી આવે છે ક્યાંથી ? આ બધાં ઘીનાં કુડલાં મોકલે છે કોણ ? આમ સૌ વિમાસણમાં પડતા.

**'વિપ્ર મેં વિપ્ર જે ફિરત જેહા, લાડુ લિજિયે મુખ કહત તેહા;**
**લાડુ ફિરત જહાં લગ હિ જેહુ, પંક્તિ મેં બૈઠે વિપ્ર સબ તેહુ.**
**સ્વામિનારાયણ ધૂની જોઉ, મુખ સે કરત ઉચ્ચાર હિ સોઉ;**
**સ્વામિનારાયણ નામ કરિકે, ગગન જો સબ હિ રહત ભરીકે.'**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૧૬)

જે બ્રાહ્મણો સત્સંગી હતા તેઓની **જમવાની રીત** કુસંગી બ્રાહ્મણો કરતાં જુદી રીતની હતી. ચાર ઘડી દિવસ રહેતો ત્યારે બ્રાહ્મણોની પંક્તિ થતી અને બ્રાહ્મણ બાઈઓની **પંક્તિ** અલગ થતી હતી. પીરસનાર પણ બાઈઓમાં બાઈઓ અને પુરુષોમાં પુરુષો હતા. પીરસવાનું શરૂ કરે ત્યારથી તે પીરસી રહે ત્યાં સુધી **'સ્વામિનારાયણ'** નામની **ધૂન** થતી હતી. ફરતા ગામના કેટલાક મોટા મોટા પાટીદારો મોટો યજ્ઞ જાણી દર્શન કરવા આવ્યા હતા અને યજ્ઞની રચના જોઈને વારંવાર વર્ણન કરતાં બોલતા કે, 'આવો યજ્ઞ મોટા મોટા રાજાઓ પણ કરી શકે નહિ.'

આ મહાયજ્ઞમાં **ભગવાન શ્રીહરિ** બ્રાહ્મણોનાં બાળકોને જનોઈ અપાવતા હતા. કન્યાદાન અપાવતાં હતા; છતાં ધન ક્યાંય માગતા નહિ. આવું જોઈને તે પાટીદારો પરસ્પર કહેવા લાગ્યા : ''માનો ન માનો પણ કાંઈક સિદ્ધિ સ્વામિનારાયણ પાસે છે, તેમને મોટા મોટા રાજાઓ પણ વસ્ત્રો-આભૂષણો અને વાહન વગેરે પદાર્થો ઈચ્છા વિના પણ સહેજે આપે છે. આવો **પ્રતાપ** તો મોટા દેવમાં પણ ન હોય.'' ત્યારે અમુક કહેવા લાગ્યા કે, ''સ્વામિનારાયણ તો માયાવી પુરુષ છે.

ઘટોત્કચ્છની માયાની જેમ દિવસે ઉપજાવે છે અને રાત્રિએ લય કરી દે છે.'' પરંતુ ભક્ત હૃદયના મુમુક્ષુઓ સિવાય બીજાને ભગવાન શ્રીહરિનું આ પારમેશ્વરી **ઐશ્વર્ય** જોઈને પણ ભગવાન શ્રીહરિ પ્રત્યે ભગવાનપણાનો ભાવ ન થયો.

ભોજનશાળામાં બ્રાહ્મણો જમતા ત્યારે દેહનું ભાન વિસારી દેતાં. કંઠ સુધી લાડુ આવે ત્યાં સુધી જમતા. ઘી પણ ખૂબ પીતાં, તોપણ ઘી ખૂટ્યું નહિ. ભગવાન **શ્રીહરિ** કહે : ''ઘી ખૂટે ત્યારે જ બ્રાહ્મણોને રજા દેવી છે, કારણ કે અમને ભક્તોએ વાત કરી છે કે બ્રાહ્મણો ઘી ખુટવાડવા માગે છે.'' ત્યારે વિપ્રો કહે : ''આખી પૃથ્વીના બ્રાહ્મણો જમે તોપણ તમારું ઘી ખૂટે તેમ નથી. અહીંયા તો સિદ્ધિઓ હાજર હોય એવું લાગે છે.''

## બ્રાહ્મણોને ભગવાન શ્રીહરિનો ઉપદેશ :

આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે ત્યારથી **દૈવી** ને **આસુરી** એ બે પ્રકારના જીવો આ સૃષ્ટિમાં જન્મ ધારણ કરતા આવ્યા છે. સૂર્યોદય થાય એટલે દરેક જીવપ્રાણીમાત્રને આનંદ થાય છે, પણ ઘુવડને ઉદ્વેગ થાય છે. એ જ રીતે પરમાત્મા પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે દૈવી જીવોને **આનંદ** થાય છે અને આસુરી જીવોને **ઉદ્વેગ** થાય છે. એ ન્યાયે પ્રગટ પ્રભુ ડભાણમાં યજ્ઞોત્સવ કરે છે તે જોઈને દૈવી લોકોને અતિ આનંદ થાય છે અને આસુરીઓને ઉદ્વેગ થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની **યશ-કીર્તિ** અત્ર-તત્ર-સર્વત્ર પ્રસરી ગઈ, તેથી આસુરીજનો અંતરમાં બળી ઊઠ્યાં ને વિઘ્ન કરવાનું નક્કી કર્યું. સહુ ભેગા થઈ એકબીજાને કહેવા લાગ્યા : ''હરિભક્ત બ્રાહ્મણો પીરસે છે, તેથી ઘી ખૂટતું નથી. માટે આજે હરિભક્ત બ્રાહ્મણોના પીરસેલા લાડુ લેવા નહિ, અને જો પીરસે તો ફેંકી દેવા. લાડુ નાખી દેતા કોઈ રોકે તો લાકડીયો લઈને મારવા. ઘીનાં ટાંકા ભર્યા છે તે તોડી નાખવાં અને સાકર લૂંટી લેવી.''

દ્વેષીલા બ્રાહ્મણોએ આવું નક્કી કર્યું તે અંતર્યામી મહાપ્રભુ શ્રીહરિએ મનોમન જાણી લીધું. તેથી યજ્ઞનો જ્યાં સામાન હતો ત્યાં ચોકી રાખી અને કહ્યું : ''હરિભક્ત વિનાના કોઈપણ બ્રાહ્મણનો વિશ્વાસ કરવો નહિ. આટલા દિવસો આપણું જમીને પણ યજ્ઞમાં વિઘ્ન કરવાનું નક્કી કર્યું છે, માટે સાવધાન રહેજો. તેઓને અટકાવવા માટે કાંઈક ઉપાય કરવો પડશે. ભય વિના તેઓ માનશે નહિ. યજ્ઞમાં વિઘ્ન થાય તે યજ્ઞની શોભા ન કહેવાય. સિંહ જોરાવર હોય પણ અગ્નિથી ડરે છે. સર્પ સાણસામાં આવે ત્યારે રાંક થઈ જાય છે; માટે તે બ્રાહ્મણો જમવા બેસે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ લાકડી, ધનુષ્ય અને બંદૂકો લઈને આગળ થવું. કાઠીઓએ પણ કવચ પહેરી ઘોડા ઉપર બેસીને આવવું. સંતોએ પણ હાથમાં ધોકા લઈને આવવું ! બ્રાહ્મણોને મારવા નહિ, પણ જમાડવા છે. ડર દેખે તો જમતાં જમતાં ઉત્પાત કરે નહિ.''

ભગવાન શ્રીહરિની આજ્ઞા થતાં જ સહુ સત્સંગીઓ ને સંતો તૈયાર થઈ ગયા. અગાઉ નક્કી કર્યા મુજબ કુસંગી બ્રાહ્મણો જમવા આવ્યા અને ગુપ્ત રીતે પોતાની સાથે ધોકા લાવ્યા હતા તે લઈને જમવા બેઠા ! એ સમયે સંતો અને હરિભક્તો પણ ધોકા અને શસ્ત્રો લઈને આવ્યા અને ચારેબાજુથી કુસંગી બ્રાહ્મણોને ઘેરી લીધા ! ભગવાન શ્રીહરિ પણ ઢાલ, તલવાર લઈને બેઠક ઉપર બેઠા. આવું દૃશ્ય જોઈને તે બ્રાહ્મણો મનમાં ડરી ગયા અને એકબીજા સામું જોઈને મનોમન પરસ્પર 'શું કરવું' એ વિચારવા લાગ્યા.

તે સમયે **ભગવાન શ્રીહરિ** ઉચ્ચસ્વરે કુસંગી બ્રાહ્મણો સાંભળે એ રીતે કહેવા લાગ્યા : ''બ્રાહ્મણો જેમ વધારે જમે તેમ અમે વધારે રાજી થઈએ છીએ. જેના ભાગ્ય હોય તે સંપથી જમે છે, પરંતુ ભાગ્ય વિનાના હોય એ સુખેથી જમી શકતા નથી. અહીં ઘણા બ્રાહ્મણોએ અમારો અપયશ કરવાનું નક્કી કર્યું છે, પણ અમે એમના મનની મેલી મુરાદ પૂરી થવા નહિ દઈએ. અમારા ભક્ત બ્રાહ્મણો છે તે પંક્તિમાં પીરસવા આવશે. તેઓની સાથે જેને લડાઈ કરવી હોય, તેણે પંક્તિમાં જમવા બેસવું નહિ. તેઓએ જુદી રસોઈ કરીને જમવું, જો કોઈ બ્રાહ્મણને દારૂ પીતાં અમે જોઈશું તો તેને જમાડીશું નહિ.

જે લોકો દારૂ પીવે, માંસ ખાય, વ્યભિચાર કરે અને ચોરી કરે તો તે મહાપાપી કહેવાય છે અને જે દારૂ ક્યારેય પણ પીતો નથી, માંસ ભક્ષણ ક્યારેય પણ કરતો નથી, વ્યભિચાર કદી પણ કરતો નથી અને ચોરી પણ કોઈ સંજોગોમાં કરતો નથી એ **ઉત્તમ માણસ** કહેવાય છે. જે દુરાચાર કરે છે તે તો પશુ કરતાં પણ નીચ અધમ ગણાય છે.''

ભગવાન શ્રીહરિના આવાં વચનો સાંભળી દૈવી જીવો જે **શુદ્ધ બ્રાહ્મણો** હતા તેઓ બોલ્યા : ''હે પ્રભુ ! તમારા હરિભક્ત બ્રાહ્મણો સુખેથી પંક્તિમાં પીરસે એમાં અમોને કોઈ વાંધો નથી. અમો રાજી છીએ.'' પછી હરિભક્ત વિપ્રો નાનાં-નાનાં ગાડાં લઈને પંક્તિમાં લાડું ફેરવવા લાગ્યા. પીતાંબર પહેરી યુવાન બ્રાહ્મણો લાડુ ભરેલ ગાડાં ખેંચવા લાગ્યા અને બે બ્રાહ્મણો લાડુ પીરસવા લાગ્યા.

તેઓની સાથે પાંચ પાંચ હરિભક્ત બ્રાહ્મણો હાથમાં લાકડીઓ લઈને ચાલવા લાગ્યા તેના કારણે શક્તિપંથી બ્રાહ્મણો કંઈ પણ બોલી શક્યા નહિ. ભગવાન શ્રીહરિ જે બ્રાહ્મણો જમતાં હતા એમની સામું જોઈને કહેવા લાગ્યા : ''બ્રાહ્મણો તો અમારે પૂજનીય છે. તેને જમાડવા માટે જ યજ્ઞ કરાવીએ છીએ, પણ અમારી મોટપ વધારવા માટે કરાવતા નથી, પણ દારૂ, માંસ, વ્યભિચાર આદિક વ્યસન મહાપાવન બ્રાહ્મણોએ તજવાં જોઈએ અને અન્યોને પણ તજાવવા જોઈએ; નહિ તો ચાંડાળ સુધી બધા એકાકાર થઈ જાય.

હે વિપ્રો ! બ્રાહ્મણ થઈને દારૂ-માંસનું ભક્ષણ કરે તો તે ચાંડાળ સમાન ગણાય છે. દેહ જાય, પણ ધર્મ જવા દે નહિ તે **ઉત્તમ બ્રાહ્મણ** કહેવાય છે. બાહ્મણ થઈને ચોરી આદિક મહાપાપ કરે તેને તો અમે મ્લેચ્છ કહીએ છીએ. દારૂ-માંસ તે ક્ષત્રિયો દેખાદેખીથી ખાય-પીએ છે; તે પણ બ્રાહ્મણોએ જ ક્ષત્રિયના ધર્મ તરીકે તેમને સમજાવ્યું છે તેથી એવું ખાય-પીએ છે. રાજાઓને રાજી કરી વિવિધ પ્રકારનાં દાન અને વર્ષાસન ખાવાના ઈરાદાથી વિદ્વાન બ્રાહ્મણ પણ તેવી વાતોનું પ્રતિપાદન કરે છે.

બ્રાહ્મણોને તૃપ્ત કરવા અમે યજ્ઞ કરીએ છીએ. તેમાં જે વિઘ્ન કરશે તેનું માથું તલવારથી કપાઈ જશે તેનું અમને કંઈ પાપ લાગવાનું નથી ! અમારા સંત હરિભક્તો સત્સંગે કરીને બ્રહ્મવેત્તા, શુદ્ધ અને નિર્ભય છે. સત્સંગનું ધન યુક્તિથી જે હરી જશે તેને વિઘ્ન થશે અને દેહમાં

દીર્ઘ રોગ થશે. સાચા બ્રાહ્મણો તો ત્રિલોકીનું રાજ મળતું હોય તોપણ સત્ય છોડે નહિ. આ શ્રીનગરના શાસ્ત્રી **નરભેરામ** છે તે અન્ન-ધનનો લોભ મૂકીને સત્યની ટેક રાખે છે તો મોટા રાજાઓ તથા શાહુકારો તેમને વર્ષાસન, અન્ન-વસ્ત્ર અને વાહન આપવા તૈયાર છે, પણ અયાચકપણે દેહનો નિર્વાહ કરી ભક્તિ કરે છે.''

આ પ્રમાણે ભગવાન શ્રીહરિ **સદુપદેશ** આપીને મૌન રહ્યા ત્યારે વાજિંત્રો વાગવાં લાગ્યાં અને બંદૂકોના અવાજ થયા, તેથી દ્વેષી બ્રાહ્મણોનાં મનમાં ત્રાસ થયો અને ધ્રૂજવા લાગ્યા. સરળ બ્રાહ્મણો તો આનંદથી જમવા લાગ્યા, પરંતુ ફેલી ને આસુરી બ્રાહ્મણો હતા તેઓનો કંઠ જમતાં જમતાં રૂંધાઈ ગયો તેના કારણે કાંઈ જમ્યા તે, ન જમ્યા જેવું થયું. બંદૂકના અવાજના થડકારથી દાળ ભરેલી કોઠીઓ ફૂટી ગઈ અને બ્રાહ્મણો ફરીથી ડરી ગયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૧૭-૧૯)

## ઘીનાં ખાલી કુડલાં ભરાઈ ગયાં ! :

ભગવાન શ્રીહરિના **દિગ્વિજયના ડંકા** ચારે દિશાઓમાં નહિ, પણ દશે દિશાઓમાં વાગી રહ્યા હતા, તેથી ભોજનશાળામાં કામ કરતા વામમાર્ગી બ્રાહ્મણોને થયું કે, ''જો બધું જ નિર્વિઘ્નપણે પતી જશે તો સ્વામિનારાયણનો ખરા અર્થમાં **દિગ્વિજય** થઈ જશે. યુગના ધર્મો અને વેદના ધર્મો સ્થપાશે. આપણા પંથનું પડી ભાંગશે અને ખાન, પાન અને ભોગનું કોઈ પૂછશે પણ નહિ; માટે કંઈક નવો કીમિયો શોધીએ કે જેનાથી યજ્ઞમાં વિઘ્ન આવે.''

એકવાર નિષ્ફળ ગયેલા આસુરીવૃત્તિના કુસંગી બ્રાહ્મણો યજ્ઞમાં **વિઘ્ન** નાખવા ફરીને પ્રયત્નશીલ બન્યા. તેણે ભેગા થઈને નક્કી કર્યું : ''ગમે તેમ કરીને ઘી ખૂટવાડવું, લાડવા તળાવમાં નાખી દેવા અને રસોઈનો સામાન વેરવિખેર કરી નાખવો. મધ્યરાત્રિએ ઊઠીને ઘીનાં કુડલાં અને ખાંડની ગુણો ઉપાડીને સગેવગે કરી નાખવી, જેથી ઘેર ગયા પછી ઘી, ખાંડ ને રોટલી લહેરથી જમી શકાય.'' પરંતુ એમના આ મનસૂબા અંતર્યામી ભગવાન શ્રીહરિ જાણતા હતા.

રાત્રે બધાએ આ રીતનું **આયોજન** કર્યું અને સવારે ઊઠીને રામદાસ સ્વામી પાસે જઈને કહ્યું : ''ઘી બધું ખૂટી ગયું છે. બધાં જ કુડલાં ખાલી છે, જલદી ઘી મંગાવી આપો, નહિતર ધમાલ કરીશું. આવો મોટો યજ્ઞ આદરીને સામાનની વ્યવસ્થા તો કરી નથી.'' આવું સાંભળી રામદાસ સ્વામી તુરંત ભગવાન શ્રીહરિ પાસે આવ્યા ને બધી વાત કરી. ત્યારે **શ્રીજીમહારાજ** બોલ્યા : ''ભાઈ સ્વામી ! આ વામમાર્ગી બ્રાહ્મણોની ઉશ્કેરણીથી અમદાવાદના સૂબાએ ઘીનાં ગાડાં આવતાં અટકાવ્યાં છે, છતાં તે બધાં જ ગાડાં થોડા સમયમાં આવી જશે.''

પરંતુ રામદાસ સ્વામીને તો બ્રાહ્મણોની બૂમાબૂમથી અકળામણ થઈ હતી, તેથી તેમણે કહ્યું : ''મહારાજ ! તે તો જ્યારે આવશે ત્યારે આવશે, પણ હમણાંનું શું ? બ્રાહ્મણો બધાં જ તોફાને ચડ્યા છે, તેમને ખોટું દેખાડવું છે.'' એ સમયે જ સ્વરૂપાનંદ સ્વામી અને વિષ્ણુદાસ આવ્યા ને કહ્યું : ''હે પ્રભુ ! જલદી પાકશાળામાં પધારો. આ કુસંગી બ્રાહ્મણો આપણી લાજ લેવા તૈયાર થયા છે.''

ત્યારે હસીને ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ઘી ખૂટશે તો આપણી લાજ જશે ને ? ચાલો અમે આવીએ છીએ.'' એમ કહીને શ્રીજીમહારાજ પાકશાળામાં પધાર્યા. ત્યાં રામદાસ સ્વામીએ ખાલી પડેલાં ઘીનાં કુડલાં બતાવ્યાં. તે જોઈ વામી બ્રાહ્મણો અંદરોઅંદર હાંસી-મશ્કરી કરવા લાગ્યા. તેથી ભગવાન શ્રીહરિએ તેની તરફ જોઈને તેમને પૂછ્યું : ''આ બધાં કુડલાં ખાલી છે એની તમોએ ખાતરી કરી છે ?'' ત્યારે તે બોલ્યા : ''આંધળાનેય દેખાય તેવી વાત છે. તેમાં ખાતરી શું કરવાની ? ઉપાડીને ઊંધાં વાળી જુઓ એટલે તમને પણ ખાતરી થઈ જશે.''

વામી બ્રાહ્મણોની વાત સાંભળી **રામદાસ સ્વામી** ગુસ્સે થઈ ગયા. ત્યારે ભગવાન શ્રીહરિએ સ્વામીને કહ્યું : ''ભાઈ સ્વામી ! તમે બ્રાહ્મણોને લઈ જઈને કુડલાં બતાવો. તે ખાલી છે કે ભરેલાં છે તેની તેમને ખાતરી થઈ જાય.''

રામદાસ સ્વામી આ સાંભળી મૂંઝાયા. તેમને તો ખબર જ હતી કે એક પણ કુડલાંમાં ઘી નથી. છતાં ભગવાન શ્રીહરિના વચનમાં વિશ્વાસ લાવી બે-ત્રણ બ્રાહ્મણોના હાથ પકડી તેમને કુડલાં પાસે લઈ ગયા. જઈને જોયું ત્યાં તો બધાં જ કુડલાં ઘીથી ભરેલાં હતાં ! આવું જોઈને તે બ્રાહ્મણો ઝંખવાણા પડી ગયા. તેમણે મનોમન માની લીધું કે, 'સ્વામિનારાયણ જાદુગર છે, તેથી પાણીનું ઘી કરી દીધું છે.' પરંતુ સંતો અને હરિભક્તોએ તો એમ જ માન્યું હતું કે ભગવાન **શ્રીહરિ**ની જ આ **લીલા** છે. તેમના સંકલ્પથી જ ખાલી થયેલાં કુડલાં ભરાઈ ગયાં.

પછી શ્રીજીમહારાજે બ્રાહ્મણોને કહ્યું : ''હવે રસોઈ શરૂ કરો.'' બ્રાહ્મણો મૂંગા બની ગયા. રસોઈના કામમાં પ્રવૃત્ત તો થયા પણ બીજો મનસૂબો કર્યો.

ભગવાન શ્રીહરિ અને રામદાસ સ્વામી ગયા. પછી **વામી બ્રાહ્મણો** અંદરોઅંદર કહેવા લાગ્યા : ''રસોઈ તૈયાર કરીને પહેલા આપણે આપણા માણસોને જમાડી લેવા અને પછી તોફાન કરવું. બેઠેલી પંગતે બ્રાહ્મણો ભૂખ્યા ઊઠી જશે અને સ્વામિનારાયણને ગાળો દેશે. તેવી ધમાલમાં આપણે આ બધો સામાન લઈને પલાયન થઈ જવું.'' આવો **મનસૂબો** કરી એકબીજાને તાળી દઈને હસવા લાગ્યા.

શ્રીજીમહારાજ ઉતારે પધાર્યા. પછી રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સુરાખાચર તથા અન્ય કાઠીઓને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : ''આ બ્રાહ્મણોનો મનસૂબો બૂરો છે. ધમાલ કરવાના છે. માટે ભોજનશાળામાંથી તેમને યુક્તિપૂર્વક ખસેડીને આપણા બ્રાહ્મણ હરિભક્તોને ભોજનશાળામાં ગોઠવી દ્યો. તમામ રસોઈનો કબજો લઈ લ્યો. તેઓ પોતાના વામમાર્ગી બ્રાહ્મણોને પહેલી પંગતમાં જમાડી દેવાના છે. તેમણે હથિયારો છુપાવીને પાસે રાખ્યાં છે. માટે બરોબર તકેદારી રાખજો.'' આટલું કહીને ભગવાન શ્રીહરિ પોતે સંતમંડળને લઈને પાકશાળામાં પધાર્યા.

શ્રીજીમહારાજ પધાર્યા એટલે **રામદાસ સ્વામી** તથા **અન્ય સંતો** પાકશાળામાં ગયા. ત્યાં રસોઈ કરતા બ્રાહ્મણોને કહ્યું : ''ભગવાન સ્વામિનારાયણ પધાર્યા છે અને તમને બધાને દક્ષિણા આપવા ઈચ્છે છે તો બધા બહાર આવો.''

બ્રાહ્મણોએ આ સાંભળી ભગવાન શ્રીહરિ તરફ જોયું. મહારાજ પાટ ઉપર બિરાજમાન હતા. તેમની સન્મુખ રૂપિયાના ભરેલા થાળ પડ્યા હતા. બ્રાહ્મણોને આ જોઈ ખાતરી થઈ. ધીરે ધીરે સૌ મહારાજ પાસે જવા લાગ્યા.

રસોઈ કરનારા બધા જ બ્રાહ્મણો ભગવાન શ્રીહરિ પાસે આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : ''તમે બધા એક પછી એક અમારી પાસે આવો અને દક્ષિણા લઈ જાઓ.'' એટલે બ્રાહ્મણો વ્યવસ્થિત ગોઠવાઈ ગયા.

એટલામાં ત્યાં **સુરાખાચર** આવ્યા. તેમણે ભગવાન શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! દક્ષિણા તો ભૂદેવોને જમ્યા પછી દેવાય. પુણ્ય તેનું જ છે.'' એમ કહી તેમણે ત્યાં રૂપિયાના ભરેલા થાળ પડ્યા હતા તે બધા ઉપડાવી લીધા. બ્રાહ્મણો આ જોઈ રહ્યા. વીલે મોંએ તેઓ પાકશાળા તરફ જવા લાગ્યા, પણ ત્યાં તો તેમણે કાઠીઓની ચોકી જોઈ. પાકશાળામાં પીતાંબર પહેરીને સત્સંગી બ્રાહ્મણોએ તમામ રસોઈનો કબજો લઈ લીધો હતો. આ જોઈ તેઓ વધુ ઉશ્કેરાયા, પરંતુ કાઠી ઘોડેસવારોએ કહ્યું : ''ખબરદાર ! જો તોફાન કર્યું છે તો અહીં ને અહીં વીંધી નાંખશું.'' એમ કહી તેમણે બંદૂકોના ભડાકા કર્યા. એકીસાથે આટલી બધી બંદૂકોના ભડાકાથી દાળની ભરેલી સોળ કોઠીઓ ફાટી ગઈ ! વામમાર્ગી બ્રાહ્મણોને લાગ્યું કે હવે બાજી હાથમાંથી સરી ગઈ. તેમના મનસૂબા અધૂરા રહ્યા.

## ભગવાન શ્રીહરિકૃત યજ્ઞોનો મુખ્ય ઉદ્દેશ :

ભગવાન **શ્રીહરિ** નિત્ય પ્રત્યે નવીન વસ્ત્રો ધારણ કરીને યજ્ઞશાળામાં પધારતા. વેદમંત્રો સાંભળીને રાજી થતા ને બ્રાહ્મણોની પ્રશંસા કરતા. યજ્ઞનારાયણને પરનાળે ઘીની આહુતિ અપાતી હતી તે જોઈને **વિશેષ પ્રસન્ન** થતા હતા. ભગવાન શ્રીહરિ સભામાં ઉચ્ચ સિંહાસન ઉપર બિરાજમાન થઈને કહેતા : ''હે સંતો-ભક્તો ! પરમાત્મા પ્રગટ હોય ત્યારે યુગના ધર્મો સજીવન થાય છે. અંતરમાં પણ જો અંતર્યામી પ્રગટ થાય, તો અંતરમાં પણ સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરના ધર્મો પ્રગટે.''

ભગવાન શ્રીહરિ દરરોજ યજ્ઞશાળામાં જઈને વેદપાઠી બ્રાહ્મણોની પૂજા કરતા અને પુષ્પહાર પહેરાવી તેઓનું સન્માન કરતા હતા. બ્રાહ્મણો પ્રત્યે ભગવાન શ્રીહરિની આ ભાવનાથી દૈવી બ્રાહ્મણોને પણ **પ્રતીતિ** થઈ ગઈ કે જે સાક્ષાત્ પરમાત્મા હોય તે જ યુગના ધર્મો તથા વર્ણ અને આશ્રમના ધર્મો સ્થાપી શકે. વામાચારી બ્રાહ્મણોના આસુરી ભાવને દાબીને, તેને નષ્ટ કરીને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણને શુદ્ધ ભાગવત ધર્મનું સ્થાપન કરવું હતું અને વામમાર્ગી બાવાઓની આખી જમાતનાં મૂળ ઉખાડવાં હતાં, તેથી આવા મોટા મોટા યજ્ઞોત્સવો કરી સમૈયાઓ કરી મુમુક્ષુઓને પોતાના આશ્રિત બનાવી પાખંડીઓ અને વામીઓથી દૂર રહેવા **સદ્બોધ** આપતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપૂર્ણતઃ આ કાર્ય સિદ્ધ કરવા **સંકલ્પ** કર્યો હતો. ભગવાન શ્રીહરિની દિવ્ય કાર્યશક્તિનો અનુભવ સમગ્ર ગુજરાતની જનતાને થવા લાગ્યો હતો. સમાજમાં આ પ્રકારનું શુદ્ધિકરણ કરી ભગવાન શ્રીહરિને લોકોના જીવનમાં શુદ્ધ ભક્તિભાવ પ્રગટ કરવો હતો. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યના રંગે રંગીને પ્રેમના ભાવો અંતરમાં સ્થિર કરવા હતા. આજે અંતરમાં અંતર્યામીનો સાક્ષાત્કાર તેમજ અંદરના અને બહારના અધર્મનો ધ્વંસ કરાવવો હતો. આના માટે પાંચસો પરમહંસોની **વિશાળ ફોજ** તૈયાર કરી ગામડે ગામડે અને શહેરે શહેરે મોકલી હતી.

## મહાયજ્ઞની પૂર્ણાહુતિ અને સંતોને સદ્બોધ :

**'હતું વિક્રમનું વર્ષ જ્યારે, અષ્ટાદશ શત છાસઠ ત્યારે;**
**પોષિ પૂનમનો દિન આવ્યો, તે તો પૂર્ણાહુતિનો ઠરાવ્યો.**
**કર્યો હોમ વેદોક્ત તે કાળે, ઘણું ઘી હોમિયું પરનાળે;**
**દ્વિજને ઘણી દક્ષિણા દીધી, યજ્ઞ કેરી સમાપતિ કીધી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

યજ્ઞશાળામાં મુખ્ય આચાર્ય, ઉપઆચાર્ય અને અન્ય અનેક બ્રાહ્મણો એક સાથે વેદધ્વનિઓ કરતા હતા. ઋત્વિક વિપ્રો પૂર્ણાહુતિમાં ઘીની મોટી ધારાઓ કરતા હતા. તે સમયે આચાર્યે ભગવાન શ્રીહરિનાં હસ્તકમળમાં પૂજન કરેલ શ્રીફળ આપ્યું. જે મહાપ્રભુ ઈશ્વરોના પણ ઈશ્વર છે, અવતારોના પણ અવતારી છે તે **ભગવાન શ્રીહરિ** આજે યજ્ઞનારાયણનું પૂજન કરવા યજ્ઞમાં નાળિયેરનું બીડું હોમવા માટે યજ્ઞકુંડ પાસે સામાન્ય જીવાત્માની જેમ ઊભા રહ્યા હતા.

ભગવાન શ્રીહરિનું આવું **નિર્માનીપણું** જોઈને 'દિવ્યસ્વરૂપ ધારણ કરીને અગ્નિકુંડમાંથી **સાક્ષાત્ અગ્નિદેવ** પ્રગટ થયા અને ભગવાન શ્રીહરિને પ્રણામ કરી હાથોહાથ હુત દ્રવ્યને ગ્રહણ કર્યાં' લોકોએ જોયું - બ્રાહ્મણોએ જોયું કે ભગવાન શ્રીહરિ યજ્ઞકુંડમાં જે નાળિયેર વગેરે હોમ્યું તે અદૃશ્ય થઈ ગયું છે, દેખાતું નથી, માટે નક્કી યજ્ઞનારાયણે જ તે હાથોહાથ સ્વીકાર્યું છે. આવું સમજી આશ્ચર્ય અને આનંદ સાથે **જયજયકાર** કરવા લાગ્યા : 'સ્વામિનારાયણ ભગવાનની જય', 'યજ્ઞનારાયણ દેવની જય' સર્વત્ર **જયનાદ** ગુંજી ઊઠ્યો ને પંદર દિવસ સુધી ચાલેલ મહા વિષ્ણુયાગની સમાપ્તિ ઘોષિત કરવામાં આવી.

ત્યારબાદ **શ્રીજીમહારાજ** યજ્ઞશાળામાંથી ચાલીને સભામંડપમાં આવી સિંહાસને બિરાજમાન થયા. પછી અનેક પ્રદેશોમાંથી આવેલ ભક્તોમાંથી ભીડને કારણે જે ભક્તો બાકી રહી ગયા હતા તેમાંથી પ્રથમ પુંજાશેઠ વગેરે આવ્યા ને અનેક પ્રકારના ઉપચારો વડે ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું. સંતો પણ અનેક પ્રકારનાં ફૂલના હારથી ભગવાન શ્રીહરિનું **પૂજન** કરવા તૈયાર થયા. અમુક સંતો કોડિયામાં ચંદન ઘસીને લાવ્યા. પોષ માસ હતો તેથી શ્રીજીમહારાજ બોલ્યા : ''સમય જોઈને પૂજન કરજો. વિચારીને પૂજા કરશો તો અમે રાજી થઈશું.''

ભગવાન શ્રીહરિએ સંતોને **સદ્બોધ** આપવાનું શરૂ કર્યું એટલે દૂર બેઠેલા સંતો પણ ભગવાન શ્રીહરિની નજીક આવીને ભગવાન શ્રીહરિના મુખારવિંદમાંથી નીકળતા અમૃતવચનોનું પાન કરવા લાગ્યા. સંતો એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. તેથી શ્રીજીમહારાજ

અમીમય દૃષ્ટિથી સંતોને નિહાળતા થકા કહેવા લાગ્યા : "હે સંતો ! અમારો અને સંતનો ડર રાખે છે તેના ઉપર અમે પ્રસન્ન થઈએ છીએ. મર્યાદામાં જ સંતોની મોટાઈ રહેલી છે. કારણ કે લોકો તે જોઈ શકે છે તેથી તેનો ભાર પડે છે. જે નિર્માની ને સહનશીલ સંતો હોય તેઓને બીજા સંતો મન-કર્મ કે વચને કરીને દબાવે - હેરાન કરે, તો તે હેરાન કરનાર સંત, સત્સંગમાં આબરૂ વિનાના થઈ જાય છે. જે રીત સંતોની છે - એ જ રીત બ્રહ્મચારીઓ અને પાર્ષદોની પણ છે. અમો પ્રેમથી કહીએ છીએ કે જેને સત્સંગમાં મોટપ જોઈતી હોય અને અમારો રાજીપો જોઈતો હોય તેમણે મર્યાદા રાખવી.

હે સંતો ! મોટા સંત અને મોટા હરિભક્તો સભામાં જેને પ્રમાણ કરે તેને અમે પૂરા સંત માનીએ છીએ. જે સંતો સરલ સ્વભાવે વર્તે છે અને કોઈની સાથે દાવ બાંધતા નથી તે અમોને ગમે છે. પોતાનાથી એક દિવસ પણ જે સંત આગળ આવ્યા હોય તેનો ભાર રાખવો જોઈએ. જો તે પ્રમાણે નહિ વર્તો તો તમારી મોટપ રહેશે નહિ. ખાવું-પીવું અને બેસવું વગેરે ક્રિયામાં એકબીજાની અદબ રાખવી. હવે એક-એક સંત આવીને અમારી પૂજા કરો."

આ રીતે હિતોપદેશ આપી ભગવાન શ્રીહરિ મૌન રહ્યા એટલે આનંદ સ્વામી જે જે સંતને બોલાવતા ગયા એ પ્રમાણે સંતો આવીને પ્રેમથી શ્રીજીમહારાજનું પૂજન કરવા લાગ્યા. પ્રથમ રામદાસ સ્વામીએ જે રીતે પૂજન કર્યું તે રીતે જ દરેક સંતો **પૂજન** કરવા લાગ્યા અને પોતપોતાની સમજણ પ્રમાણે **સ્તુતિ** કરવા લાગ્યા. સંતો પૂજન કરી રહ્યા ત્યારપછી હરિભક્તો પૂજન કરવા આવ્યા. પૂજનવિધિ અને ભેટઅર્પણવિધિનું કાર્ય શરૂ થયું. કોઈપણ પ્રકારની ઉતાવળ, અધીરાઈ કે ધક્કા-મુક્કી કર્યા સિવાય, દરેક સત્સંગીએ શાંતિપૂર્વક શિસ્તબદ્ધ રીતે ભગવાન શ્રીહરિનાં ચરણકમળમાં **ભેટ** સમર્પણ કરી.

### ભગવાન શ્રીહરિએ રસોઈ બનાવનારાને નિમિત્તે નિયમોની વિશેષતા કહી :

ભગવાન શ્રીહરિએ રસોઈ બનાવનારા વિપ્રોને તત્કાળ બોલાવ્યા અને કહ્યું, તમે રસોઈ કરવા કેમ ગયા નથી ? જે વાત હોય તે અમને કહો. ત્યારે **મુખ્ય રસોયો** બોલ્યો, આપ બધા વિપ્રોની વાત તો જાણો જ છો. આપને અપાર વિપ્રોને જમાડવાના હોય છે, તેનો કોઈ નિર્ધાર રહેતો નથી. તે સિવાય સેવા કરનારા જે હરિભક્તો હોય છે, તે બધાને પણ જમાડવાના હોય છે. એટલે થાકી ગયેલા **વિપ્રો** સૂઈ ગયા છે. બહુ રસોઈ કરી છે અને તેથી થાક પણ ઘણો જ લાગ્યો છે. એટલે વિપ્રો સંતાઈને સૂઈ ગયા છે. હવે તેને કોણ જગાડે ? ત્યારે શ્રીહરિએ કહ્યું, બધા વિપ્રોને બોલાવવા હું જાઉં છું. જે સંતાઈને સૂતા છે તેમાંથી જેટલા જાગે તેટલાને જગાડું છું. તમે જે હાજર છો તે નાહવા જાઓ. આમ કહીને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. પાર્ષદોને સાથે લીધા અને બે મશાલીને પણ સાથે લીધા અને ચાલ્યા.

શ્રીહરિએ ડભાણ ગામમાં **ઘેર ઘેર** જઈને **તપાસ** કરી. જેટલા વિપ્રો સંતાઈને સૂતા હતા, તે બધાને ઉઠાડ્યા. સૂતા હોય તેને જગાડે ત્યારે કેટલાક બોલતા 'હું તો ભાટ છું' કેટલાક બોલતા 'હું લોહાણો છું' ત્યારે શ્રીહરિ કહેતા, તમે ખોટું બોલો છો. તમને જગાડ્યા વિના છોડશું નહિ. કેટલાકે જનોઈ ઉતારીને કમર ઉપર બાંધી દીધી અને મુખથી પોકારીને કહે 'હું તો વૈશ્ય છું.' ત્યારે શ્રીહરિ કહેતા, તમે ચાલો, આજ વૈશ્યનું કામ પડ્યું છે. વિપ્રોએ લાડુની ધૂમ મચાવી છે, તમે આવીને દેખો તો ખરા. કેટલાક તો કહે 'હું ક્ષત્રિય છું' કોઈ કહે 'હું શૂદ્ર છું' છતાં શ્રીહરિ તેને છોડતા નહિ. તેઓ ઊભા થઈને જ્યારે ચાલ્યા ત્યારે સહુએ જનોઈ પહેરી લીધી અને ક્ષત્રિય કે શૂદ્ર પોતાને કહેતા હતા તે મટી ગયા.

વિપ્રોની સામે જોઈને **શ્રીહરિ** હસવા લાગ્યા અને કહ્યું, છોડ્યા નહિ, એટલે જનોઈ પહેરી લીધી. શ્રીહરિ કહે, હવે યજ્ઞ પૂરો કરવો છે, તમને યજ્ઞમાં જરૂરી શ્રદ્ધા રહી નહિ. તમે વિપ્ર હોવા છતાં પોતાને શૂદ્ર કહ્યા, એટલે તમને રસોઈ બનાવવામાં દુઃખ થયું છે. હવે કોઈ યજ્ઞ કરીને તમને જમાડશે નહિ, કારણ કે તમને જમવામાં ભાવ રહ્યો નથી. મનમાન્યા ઘી અને સાકર આપીએ છીએ, તોએ તમે રિસાયેલા જ રહો છો. અમે તેનું કારણ જાણતા નથી. જે કારણ હોય તે હવે તમે જ કહો. ત્યારે **એક વિપ્રે** આવીને **શ્રીહરિને કહ્યું,** સાંભળો. હું તે કારણ સમજાવીને કહું છું. 'જે હરિભક્ત વિપ્રો છે તેમની આગળ આ લોકોનું એક લેશમાત્ર પણ ચાલતું નથી. હરિભક્ત વિપ્રોમાં અને તે સિવાયના વિપ્રોમાં જમીન અને આકાશમાં જેટલો ફરક છે તેટલો ફરક છે.

આકાશ જેટલો શુદ્ધ હોય છે તેવી હરિભક્ત વિપ્રોની ક્રિયા શુદ્ધ હોય છે. સત્સંગથી વિમુખ વિપ્રોની જે ક્રિયાઓ હોય છે તે બધી લોકોને દેખાડવા પૂરતી જ હોય છે. આટલી ઠંડીમાં પણ હરિભક્ત વિપ્રો સારી રીતે સ્નાન કરે છે. વિમુખ વિપ્રો જુદી રીતે નહાય છે. કપડું ભીનું કરીને શરીરે ફેરવી દે છે. હરિભક્તો પાણીને ગાળ્યા વિના રસોઈ બનાવતા નથી. બધા અનાજને પણ સાફ કરે છે. તેમાં લસણ નાખતા નથી. હિંગને પણ વાપરતા નથી, તેમજ માંસ અને દારૂનો પણ ત્યાગ કરે છે. મહા ભાગ્યશાળી ભક્તોએ ચોરી અને અવેરી (વ્યભિચાર) પણ તજી દીધી છે તેમજ વ્યસનોનો પણ ત્યાગ કર્યો હોય છે. હરિભક્ત સિવાયના વિપ્રો અણગળ પાણીથી રસોઈ કરતા હોય છે, અનાજને લગારેય સાફ કરતા નથી અને હિંગ તથા લસણ તેમાં મુખ્ય હોય છે.

દારૂ, માંસ અને વ્યસનોને છોડતા નથી. તેમજ ચોરી તથા અવેરીનો કોઈને નિયમ જ હોતો નથી. હરિભક્તો અને બિનહરિભક્ત વિપ્રો, તેમને રસોઈમાં મેળ આવતો નથી. અને તેથી જ વિપ્રો રસોઈ બનાવવામાંથી વારેવારે ઉદાસ થાય છે. ક્યારેય છાની રીતે પણ કોઈથી બીડી પીવાતી નથી. **ત્યારે શ્રીહરિએ વિપ્રોને કહ્યું,** અમારા સત્સંગની જે **રીત** વિપરીત લાગતી હોય તે બતાવો, અમે તેને તજી દઈએ. અમારા **ગુરુ** બહુનામી **રામાનંદ સ્વામી**એ આ રીત અમને બતાવી છે. જેને પોતાના જીવનો મોક્ષ કરવો હોય, તેને તો તે બધી રીત ગમે જ છે. આ નિયમ સંપન્ન રીતમાં જે ચાલે છે તે જ ખરો મનુષ્ય કહેવાય છે અને જે નિયમ વિના કે નિયમ વિરુદ્ધ ચાલે છે, તેમાં તો અમને પશુના ધર્મ દેખાય છે.

ધર્મના નિયમોને છોડીને જે તેથી અત્યંત વિરુદ્ધ વર્તે છે તેને તો રાજા પણ દંડ કરે છે. રાજા અને ભગવાનના ગુનામાં ન આવે એવી જે રીત હોય તે અમને ગમે છે. રાજાના કાયદા સુદ્ધાં કોઈ નિયમોનો ત્યાગ કરવો નહિ. બુદ્ધિમાને વિચારવું જોઈએ કે જે નિયમો અને કાયદા પ્રમાણે વર્તે છે તેના ઉપર ક્યારેય રાજાનો પણ કોપ થાતો નથી.

જે લોકો વગર વિચારે ચાલે છે તેઓ વારેવારે દંડાય છે. જેઓ કાયદા બહાર વર્તતા હોય છે તેઓને વારંવાર કેદમાં પણ જાવું પડે છે. ભગવાનના કાયદા એવા છે કે જે શાસ્ત્રોથી શુદ્ધ છે, જે મોક્ષભાગી જીવ નિયમોને અને કાયદાને ક્યારેય લોપતા નથી, જગતમાં તેની મોટપ વધે છે. આ મનુષ્યનો દેહ ધર્યાનો એટલો લાભ છે કે જેણે આ મનુષ્ય જન્મ આપ્યો છે તેના ગુનેગાર થાવું જોઈએ નહિ.

અમે વરસો વરસ અને વારંવાર યજ્ઞ તથા સમૈયા કરીએ છીએ. તેમાં અમારે **ભગવાનના કાયદા** (નિયમો)ને સારી રીતે સહુને બતાવવા છે. અમે બરાબર જોઈ વિચારીને સાધુની રીતે ચાલીએ છીએ. અમે તેનાથી વિપરીત ચાલતા નથી અને ભગવાનનો ડર રાખીએ છીએ. જે ભગવાનનો ડર રાખે છે તેને કોઈ દુઃખ દેતું નથી. ભગવાનનો ડર રાખનાર, પ્રહ્લાદજીની જેમ **સર્વોત્તમ** થાય છે. જે મનુષ્ય જેટલી સાધુતાને રાખે છે. તેને અંતર્યામી પરમેશ્વર જાણે છે. અંતર્યામી પરમેશ્વર કોઈથી દૂર રહેતા નથી. જેનું જે પ્રકારનું **વર્તન** હોય તેને તે રીતે પરમેશ્વર જાણે છે અને માણસનું જેવું વર્તન હોય છે તેને પરમેશ્વર તેવું **ફળ** આપે જ છે.

આ સંસારમાં મોટપ અનંત પ્રકારની છે તેમાં **સાધુતાના સમાન** બીજી કોઈ **મોટપ** નથી. જગતમાં રાજાના સમાન કોઈ મોટા ન કહેવાય, છતાં તે રાજા પણ સાધુ પુરુષને નમે છે. હીરા, મોતી તથા સોનું, તેની ઘણી મોટપ (મહત્તા) કહેવાય છે. ગામ, ગરાસ, હાથી અને અશ્વની પણ અત્યંત મોટપ (મહત્તા) હોય છે. મ્યાના, બગી અને રથની પણ **અતિશય મોટાઇ** કહેવાય છે. સોનાની મહેલાતની પણ ઘણી મહત્તા મનાય છે. જાત જાતના વસ્ત્ર અને આભૂષણો તેમજ અનેક જાતના ખાન પાન, કેટલીક સુગંધી વસ્તુઓ, કેટલીએ જાતના રૂપ સૌંદર્ય, જગતમાં મનાતા હોય છે. કેટલીએ જાતના શબ્દ કહેવાય છે તેનું, વર્ણન કર્યે કોઈ પાર આવતો નથી. પણ તે હરેકમાં કેટલીએ જાતનો ક્લેશ-કજિયો રહ્યો હોય છે. તે જે બુદ્ધિશાળી હોય છે તેને તે જાણ્યામાં આવે છે.

જે જે કોઈપણ ઊંચામાં ઊંચી કે સારામાં સારી વસ્તુઓ કહેવાતી હોય તેમાં સાધુતાના જેવી કોઈ પણ વસ્તુ ઊંચી કે સારી નથી. ચૌદ લોકના ઉચ્ચ પ્રકારના જે સુખ છે તે પણ સાધુતાની આગળ કાંઈ જ નથી. અમારી **સમજણ** અમારા આત્મામાં જે રીતે નિવાસ કરીને રહી છે અમે તે રીતે સહુની આગળ પ્રકટ રૂપમાં વાત કહીએ છીએ. જે બાબત અમને **સરસ** દેખાય છે. તેને અમે તરત જ સહુની આગળ કહીએ છીએ. તેમાં વિલંબ કાંઈ જ કરતા નથી. સારી સારી વાતનાં પણ અનેક પ્રકારનાં મોજાં હોય છે. એકવાર જે મોજું આવી ગયું હોય તે ફરી વાર આવતું નથી. વિચારોના તરંગ જે વખતે ઊપજે છે, તરત જ અમે તે કહી દઈએ છીએ. **સારી વાત કર્યા સિવાય આ ભૂમિ ઉપર બીજું કાંઈ સ્થિર રહેતું નથી.** જેવું જે આવે છે, તેવું જ તે જાતું રહે છે, વાતો રહે છે, વાતો વિના કાંઈ રહેતું નથી.

ગામમાં સંતાયેલા વિપ્રોને શ્રીહરિ હાથ પકડીને લઈ આવ્યા. પછી તેમણે લાડુ બનાવ્યા. તેથી શ્રીહરિ તેમના ઉપર ઘણું રાજી થયા. જ્યારે પંગતનો સમય થયો ત્યારે **અનંત વિપ્રો** આવ્યા. તે બધાને ઘણા જ સદ્ભાવથી પુષ્કળ લાડુ જમાડ્યા. જે પંગતમાં પીરસવા ફરતા હતા તેઓ 'લાડુ લો' 'લાડુ લો' આડો હાથ રાખો નહિ, એમ બોલતા અને કહેતા હતા કે જમીને અહીં જ સૂઈ રહો. જમતાં જમતાં લાડુ ગળે આવી જાય, ત્યાં સુધી વિપ્રો જમ્યા. ઉઠાડવા છતાં પણ જે ઊઠ્યા નહિ, તેઓ તો ત્યાંના ત્યાં જ સૂઈ રહ્યા. પોષ સુદિ પૂનમ સુધી તે યજ્ઞમાં વિપ્રો સારી રીતે જમ્યા. જ્યારે **યજ્ઞની પૂર્ણાહુતિ** કરી ત્યારે બધા વિપ્રો ખૂબ જ ખુશી થયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૧-૨૨-૨૩)

### યજ્ઞ મહોત્સવની સમાપ્તિ :

**'જજ્ઞ કર્યો જે ડભાણમાં, જમ્યા દ્વિજ હજારોહજાર;**
**સર્વત્ર વાત પ્રસિદ્ધ થૈ, થયો જગમાં જયજયકાર.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

હજારો બ્રાહ્મણો અને હજારો હરિભક્તો ડભાણના આ મહાયજ્ઞમાં આવ્યા હતા. તેથી તેઓને જમવા માટે પણ લાડુ વગેરે મીઠાઈઓના મોટા મોટા ઢગલાઓ કરવામાં આવ્યા હતા. બ્રાહ્મણો લાડવાઓ ખૂબ જમ્યા અને ભક્તોને પણ ખૂબ જમાડ્યા તો પણ ખૂટ્યા નહિ. આ પ્રસંગનું વર્ણન કરતાં સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** 'ભક્તચિંતામણી' ગ્રંથમાં લખે છે :

**'વળી ખરચતાં ખૂટ્યા નહિ, વધ્યા લાડવા લાખો સહિ;**
**ગોળ ઘી ને દાળ રસાળ, વળી પિષ્ટનો પાર નહિ.**
**પછી પૂછ્યું સૌએ નાથને, આ મોદકનું કેમ કરીએ;**
**આપો ઘરોઘર ગામમાં, એમ હુકમ દીધો હરિએ.**
**પછી માંડ્યા આપવા, ભરી ભરી મોદક ટોપલા;**
**આલતાં પણ ખૂટ્યા નહિ, પોત્યા લાડવા અતિ ભલા.**
**વહેંચતાં તે વધી પડ્યા, તે નાખ્યા જળમાં જંતુને;**
**મહારાજે આપી આગન્યા, વળી સાજામાંદા સંતને.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)

રસોઈઘરમાં **આગેવાન ભક્તો** હતા તેમણે ભગવાન શ્રીહરિ પાસે આવીને પ્રણામ કરીને પૂછ્યું : ''હે અંતર્યામી ! લાડુઓ ખૂબ વધ્યા છે, તેનું શું કરવાનું છે ?'' ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ગામડાંઓમાંથી આ યજ્ઞમાં જેટલાં નરનારી ભક્તો આવ્યા છે અને બ્રાહ્મણો આવ્યા છે તે સર્વેને ભાતાં બંધાવો એટલે ઘેર જતાં રસ્તામાં ભૂખ લાગે ત્યારે જમવાં થાય.'' પછી હજારો હરિભક્તોને ભાતાં બાંધી આપ્યાં. તો પણ ઘણા લાડુ વધ્યા.

ફરીને ભક્તોએ આવીને કહ્યું : ''મહારાજ ! હજુ પણ લાડુના ગંજ ભરેલા પડ્યા છે, તેનું કેમ કરવું છે ?'' ત્યારે **શ્રીજીમહારાજ** કહે : ''ડભાણમાં દરેકને ઘેર આપો.'' તેથી ઘરે ઘરે જઈને આખા ડભાણ ગામમાં વહેંચ્યા. તોપણ વધ્યાં ! ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા : ''આ તળાવમાં માછલાં-દેડકાં વગેરે જળજંતુઓ ઘણાં છે, માટે તળાવમાં નાખો.'' પછી વધેલા બધા જ લાડવા તળાવમાં નાખી દીધા ! આવી લીલા કરી જળજંતુઓનું પણ કલ્યાણ કર્યું.

**'પછી સર્વેને શીખ આપી, જાઓ સહુ સહુને ઘેર;**
**પંચ વરતન પાળજો, પ્રભુ ભજજો રૂડી પેર.**
**પછી પોતે પધારિયા, કરી તે જયજયકાર;**
**કરી લીલા ડભાણમાં, અલબેલે અપરમપાર.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)



# ડભાણ મહાયજ્ઞના ભગવાન શ્રીહરિના લીલાપ્રસંગો

## વડતાલનો જોબન પગી ઘોડા ચોરવા આવે છે :

ભગવાન શ્રી સ્વામિનારાયણે ડભાણમાં **મહાયજ્ઞ** કર્યો તેની **ખ્યાતિ** સર્વત્ર વ્યાપી ગઈ હતી, તેથી અનેક ગામડાઓમાંથી આબાલ-વૃદ્ધ નરનારીઓનાં ટોળે-ટોળાં યજ્ઞનારાયણ અને પ્રગટ ભગવાન શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરવા આવતા હતાં. આ યજ્ઞોત્સવમાં ભાવિકો આવ્યા હતા. ભક્તો પણ આવ્યા હતા. દ્વેષીઓ પણ આવ્યા હતા અને ચોરો પણ આવ્યા હતા. ચોરો આવીને સાદા વેષમાં નિરીક્ષણ કરી રહ્યા હતા, પરંતુ શ્રીજીમહારાજે હરિભક્તોના ઉતારાની આજુબાજુ સજ્જડ **ચોકીપહેરો** ગોઠવી દીધો હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. ઘોડશાળમાં જ્યાં કાઠીઓના પાણીદાર ઘોડાઓ બાંધ્યા હતા ત્યાં ચોકીપહેરો ન હતો. ફક્ત ઘોડાઓને ચંદી કે પાવરો આપવાનાં હોય કે પાણી પાવું હોય ત્યારે જ ત્યાં કાઠી રાજવીઓના સેવકો આવતા. આથી ઘોડશાળ ઉપર ધાડ પાડવાની ચોરોની વૃત્તિ તીવ્ર બની ગઈ ! એટલે તેમણે ચોરોના સરદાર જોબનપગી પાસે જઈને આ બાબત વાત કરી.

જોબન પગી એટલે જાણીતો **ધાડપાડુ** લૂંટારો જોબન વડતાલો !! આજુબાજુના પંથકમાં જોબન વડતાલાની **હાંક** વાગે. નાનપણથી જ બહાદુર, નિડર, તેજસ્વી, તોફાની અને ખડતલ શરીરવાળું વ્યક્તિત્વ ! ચોરકળામાં તો પૂરો નિપુણ ! લોકોને લૂંટવામાં તો જેસલ જાડેજાને પણ પાછો પાડી દે એવો ! વડતાલથી ઠેઠ પુના-સતારા સુધી લૂંટ ચલાવીને હાંક બેસારી હતી. જોબન વડતાલાનું નામ સંભળાય ત્યાં તો ઘોડિયામાં રડતાં બાળકો ચૂપ થઈ જાય ! જોબન વડતાલાના નામનું **તીર** ઠેઠ બંગાળ સુધી ચાલતું !

બાજની અણધારી તરાપ પડે ને કંપતા પંખીડાં કિલકિલાટ બંધ કરી માળામાં લપાઈ જાય એવી સ્થિતિ એ વખતે ચરોતરના ગામોગામની હતી ! જોબન વડતાલો આવ્યો... જોબન આવ્યો... આવું સાંભળતાવેંત ઘરઘરનાં બારી-બારણાં ટપોટપ બંધ થઈ જતાં ! અને મૂછે વળ દેનારા ભલભલા મૂછાળા મર્દો પણ ઘરમાં ઘરી જતા ! એક ખંભે બંદૂક, બીજા ખંભે તીર-કામઠું અને કમરે લટકતી તલવાર એ જોબનપગીનાં કાયમના સાથી હતાં. ગામ એનું વડતાલ, પણ મોટાભાગે **મુકામ** તો મહીસાગરના કાંઠાના ભુલભુલામણાં કોતરો !

લૂંટનો માલ થોડોઘણો વડતાલ નારાયણગિરિના મઠમાં રહેતો અને બાકીનો મોટા ભાગનો માલ મહીસાગરની કોતરોમાં સંતાડાતો. ભલભલા ભૂપાળને પણ ભૂ પાઈ દેતો જોબનપગી કોઈના હાથમાં ક્યારેય પણ પકડાતો નહિ ! મોટા મોટા અંગ્રેજ અમલદારોને પણ એ હાથતાળી દઈ છટકી જતો હતો. વડોદરાના સયાજીરાવ મહારાજે જોબનપગીને પકડી હાજર કરનારને બહુ મોટું ઈનામ જાહેર કરેલું

હતું, પણ મરવા માટે કોણ તૈયાર થાય ? તેના વિષે પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે :

**'વસે જોબન વરતાલ વાસે, જેના ત્રાસે મોટા ભૂપ ત્રાસે;**
**ચોરી કરવા ચારે દિશ જાય, નહિ કોઈ થકી પકડાય.**
**મોટા મહિપતના મો'લ ફાડે, લૂંટે વાટમાં ધોળે દહાડે;**
**સો સો ગાઉ સુધી જેનું નામ, જાણે રંક ને રાય તમામ.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

(◆ સંપ્રદાયમાં એવી વાત પ્રચલિત છે કે, જોબનપગી ડભાણમાં યજ્ઞ વખતે માણકી ઘોડી ચોરવા આવ્યા હતા. પરંતુ આ વાતનો પ્રસિદ્ધ ગ્રંથમાં સ્પષ્ટ પુરાવો મળતો નથી, જ્યારે 'રોઝો' ઘોડો ચોરવા આવ્યા હતા તેના બે પુરાવા સ્પષ્ટ મળે છે. એક તો 'શ્રીહરિચરિત્રામૃતસાગર' અને બીજો 'શ્રીહરિલીલાકલ્પતરુ' આ બંને ગ્રંથોમાં 'રોઝા' ઘોડાનો **ઉલ્લેખ** છે.)

વડતાલમાં એક રાત્રે ચોરોની ટુકડી આવી અને સરદાર જોબનપગીને વિગતે વાત કરી : ''બાપુ ! ડભાણ ગામમાં મોટો જગન થાય છે અને ત્યાં અનેક પ્રકારના કાઠિયાવાડી ઘોડાઓ લઈને કાઠીઓ પણ આવ્યા છે. એમાં પણ સ્વામિનારાયણ, જે ભગવાન કહેવાય છે તેની પાસે તો ઊંચી ઓલાદનો જાતવંત રોઝો ઘોડો છે ! અને એ ઘોડો અને કાઠીઓના ઘોડા જો આપણને મળી જાય તો જાનું લૂંટવામાં અને રાજની તિજોરીયો લૂંટવામાં સહેલું પડે. 'આંકડે મધ અને વળી માખો વિનાનું છે !' ચોકીપહેરો પણ ઘોડશાળામાં નથી, માટે તક જાવા દેવા જેવી નથી.''

સાગરીતોની વાત સાંભળી જોબનના મોં પર ચમક આવી ગઈ ! તુરંત તે બોલ્યો : ''હા... હા.. કેમ નહિ ! એક તીરે બે નિશાન પડશે, માટે તૈયાર થઈ જાવ. મારા ગામમાં ઈ સ્વામિનારાયણના સંત મુક્તાનંદ સ્વામી આવ્યા હતા ત્યારે સારા સાધુ જાણી મેં તેમને ગુરુ કર્યા હતા. ત્યારે તેઓએ મને કહ્યું હતું કે, 'સ્વામિનારાયણ ભગવાન છે, માટે પંચ વર્તમાન પાળી તેઓનું ભજન કરજો.' આવો ઉપદેશ આપીને તેઓ પાછા ગઢપુર જતા રહ્યા હતા. ત્યારથી મારા મનમાં થયા કરે છે કે, ખરેખર જો સ્વામિનારાયણ, ભગવાન હોય તો કાંઈક પરચો બતાવે; માટે ચાલો, આજે પારખાં થઈ જશે.''

**'વરતાલના જોબન પગી, દૈવયોગે તેની મતિ ડગી;**
**હરિરૂપમાં સંશય થયો, તેથી પારખું લેવાને ગયો.**
**ઘોડા કાઠિયોના ભારે ભારે, ચોરી લેવા કર્યું ચિત્ત ત્યારે;**
**રાતમાંહિ થયો શશિ અસ્ત, ઊંઘ્યા જે સમે લોક સમસ્ત.**
**ઘોડું ચોરવાને ગયા જ્યાં જ્યાં, દીઠા શ્રીહરિ પ્રત્યક્ષ ત્યાં ત્યાં;**
**ઘોડું એકે ચોરાયું ન જ્યારે, થયો નિશ્ચે સ્વરૂપનો ત્યારે.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

વડતાલમાં અગાઉ એકવાર **ભગવાન શ્રીહરિ** પધાર્યા હતા ત્યારે પણ **જોબનપગી** પાટીદાર બાપુભાઈને ઘેર રાત્રે રોઝો ઘોડો ચોરવા ગયેલ, પરંતુ ત્યારે કારી ફાવી ન હતી. ત્યારથી જોબનપગીની ઈચ્છા રોઝા ઘોડાને ચોરવાની હતી અને વળી મુક્તાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ ભગવાન છે' આવો નિશ્ચય કરાવ્યો હતો, તેમાં પણ ડગમગાટ થતો હતો. આજે એક સાથે બે કામ થાય એમ હતા એટલે પોતાના અઢાર સાગરીતોને સાથે લઈને ડભાણ પહોંચી ગયો. સાથીદારોને સંકેતમાં સમજાવી દીધા કે, મધ્યરાત્રીએ ઘોડશાળ ઉપર ધાડ પાડવી. સૌ તે પ્રમાણે તૈયાર થઈ ગયા.

તે રાત્રે યજ્ઞનો અને ભોજનનો કાર્યક્રમ પૂરો થયો અને સૌ હરિભક્તો પોતાને ઉતારે ગયા. સંતો પણ વૃક્ષ નીચે તેમના ઉતારે આવી ભજન કરવા લાગ્યા. ધીરે ધીરે રાત્રિનું ઘાટું અંધારું પૃથ્વી ઉપર પથરાઈ ગયું. સર્વત્ર નીરવતા છાઈ રહી. ફક્ત ચોકીપહેરામાં ગોઠવાયેલા કામઠીઓ તથા કાઠી અસવારોના ઘોડાના ડાબલાના અવાજ અને **'જાગો... જાગો...', 'ખબરદાર...ખબરદાર...'** એવા શબ્દો સંભળતા હતા. લોકોને નિદ્રાનું સંપૂર્ણ ધારણ વળી ગયું હતું. તે વખતે જોબન અને તેના સાથીઓ ઘોડશાળમાં આવ્યા. તેમના હાથમાં ઉઘાડી તલવારો હતી. જેથી ખીલેથી ઘોડાઓને છોડવાની માથાકૂટ કરવી ન પડે. તલવારથી જ દોરડાં કાપી નાંખવાં. આવા સંકેતો કરી હોંશભેર તેઓ ઘોડશાળમાં પ્રવેશ્યા, પણ આ શું ?! ત્યાં તો દિવ્ય પ્રકાશ જોયો ! તે પ્રકાશમાં ત્રણ છોગલાધારી ભગવાન શ્રીહરિના દર્શન થયાં ! શ્રીજીમહારાજ રોઝા ઘોડાને ઘાસ ખવડાવતા હતા. થોડીવાર સંતાઈ જઈ બીજા ઘોડા પાસે ગયા તો ત્યાં જરિયાની વસ્ત્રો ધારણ કરી ભગવાન શ્રીહરિ ઘોડાને પાવરો ચડાવતા હતા ! આવું જોઈ આંખો ચોળીને પોતાના જ શરીરે ચીટીયો ભર્યો ત્યારે ખબર પડી કે આ સ્વપ્ન નથી જોઈ રહ્યો, પણ જાગ્રતમાં જ છું.

'આજે સ્વામિનારાયણ ઘોડાઓને ખવડાવવા જાતે જ આવ્યા હશે, માટે કાલે આવીશું. ચાલો આજુબાજુની કોતરોમાં સંતાઈ જઈએ.' આવો આંખના અને હાથના ઈશારાથી સંકેત કરી જતા રહ્યા. બીજા દિવસની રાત્રે આવ્યા. ત્યાં તો સોનેરી શણગારમાં ભગવાન શ્રીહરિ કોઈને ચંદી નીરતા હતા, તો વળી કોઈને ત્રો ત્રો કરતા પાણી પાતા હતા. તે દિવસે પણ જતા રહ્યા ને ત્રીજી રાત્રિએ આવીને જોયું ત્યારે જોબનપગી **આશ્ચર્ય** પામી ગયા ! ઘોડે ઘોડે ઘનશ્યામ દીઠાં ! એકસાથે આટલાં બધાં સ્વરૂપો ! દરેક ઘોડાની પાસે સ્વામિનારાયણ ! આ હું શું જોઈ રહ્યો છું ?

**'ત્રણ દિવસના ભૂખ્યા-તરસ્યા, નયણે નિદ્રા નવ કરી;**
**આવીને જુએ જ્યાં અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દીઠા હરી.**
**પછી પ્રભુને પાયે લાગ્યા, કહે દયા કરજ્યો દયાળ;**
**જ્યાંથી ગુના છૂટીએ, ત્યાં કર્યા ગુના કૃપાળ.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)

ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહીને ત્રણ રાત્રિ સતત **પ્રયત્નો** કર્યા, પણ ન તો રોઝા ઘોડાને ચોરી શક્યા કે ન તો કાઠીઓના ઘોડાને ચોરી શક્યા ! પોતાને ચોરી કરવામાં નિષ્ફળતા મળી તેથી જોબનપગી **નિરાશ** થઈ ગયો અને ઘોડે ઘોડે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયાં તેથી **આશ્ચર્ય** પામી ગયો. તેના કારણે અંતરમાં **યુદ્ધ** શરૂ થયું : ''મુક્તાનંદ સ્વામીએ કહ્યું તે શું ખરેખર સાચું છે ? સાચે જ સ્વામિનારાયણ ભગવાન જ છે, નહિતર આટલાં બધાં રૂપો કેવી રીતે લઈ શકે ? સવાર પડે ને જલ્દી પ્રભુ પાસે જાઉં અને માફી માગી એનો ભક્ત બની જાઉં.''

મનોમન આવું નક્કી કરીને સવારની રાહ જોતો ગામની સીમની કોતરોમાં જઈ શરીર લંબાવી આમ-તેમ જમણાં-ડાબાં પડખાં ફર્યા કરે છે, પણ ઊંઘ આવતી નથી. વિચારોનો ધોધ શરૂ થઈ ગયો છે. પસ્તાવાનું પૂર આવ્યું છે. રાત્રિ લાંબી લાગવા માંડી છે. ક્યારે સવાર પડે ને ભગવાન સ્વામિનારાયણ પાસે જઈ તેમના પગ પકડી માફી માગી એમનો આશ્રિત બની જાઉં અને જન્મોજન્મનાં પાપ ધોઈ નાખું.

આવા પૂર્ણ પસ્તાવા સાથેના **વિચારો** કરતાં કરતાં સવાર થયું ને ઝટપટ તૈયાર થઈ ભગવાન શ્રીહરિને શરણે થવા જોબનપગી નીકળી પડ્યો. સભામંડપમાં આવીને જોયું તો હજારો હરિભક્તો એકાગ્ર બની શાંતિથી બેઠા છે. દૂર સભામંચ ઉપર, જેમને જરિયાન વસ્ત્રો પહેરી દરેક ઘોડા પાસે દેખ્યા હતા તે જ સ્વરૂપ જોબનપગીએ બિરાજમાન જોયું. શ્રીજીમહારાજની પણ તેના ઉપર **દૃષ્ટિ** પડી.

ભગવાન શ્રીહરિએ તરત જ નાનાભાઈને કહ્યું : ''નાનાભાઈ ! જુઓ, સભાની પાછળ વડતાલના જોબનપગી અને તેમના સાથીઓ અમારા દર્શનની રાહ જોઈને ક્યારનાય ઊભા છે, તેથી જઈને તેમને અમારી સમીપ બોલાવી લાવો.''

જોબનપગીનું નામ સાંભળી **નાનાભાઈ** ચમક્યા ! ચોર અને લૂંટારાનો સરદાર અહીં ક્યાંથી ? આ વળી ઉપાધિ ક્યાંથી આવી ? પરંતુ ભગવાન શ્રીહરિની આજ્ઞા હતી તેથી તેમની પાસે જઈ તેમને સભામાં આગળ લઈ આવ્યા.

ભગવાન શ્રીહરિની સમીપમાં જઈ જોબનપગીએ પોતાના હથિયારો મહારાજ પાસે મૂકી દીધાં અને ગદ્‌ગદ કંઠે મહારાજની **પ્રાર્થના** કરી :

**'મુક્તાનંદે મને સાક્ષાત્, કહી સત્સંગની ઘણી વાત;**
**તેથી હું આપનો દાસ થયો, કાંઈ સંશય તો રહી ગયો.**
**ઘોડા ચોરી લેવાને હું જાતે, આંહી આવ્યો હતો કાલ રાતે;**
**પણ જ્યાં જ્યાં જઈ ઘોડું ભાળ્યું, ત્યાં ત્યાં રૂપ તમારું નિહાળ્યું.**
**થયો નિશ્ચય તેથી તમારો, અપરાધ ક્ષમા કરો મારો;**
**તમે ભક્તવત્સલ ભગવાન, દીનબંધુ દયાના નિધાન.**
**હું તો કુળહીન કુટીલ કુપાત્ર, પ્રભુ મારી મતિ કોણમાત્ર;**
**આવી તીર્થમાં પાપ આદર્યું; તે તો કામ ન કરવાનું કર્યું.**
**દીનબંધુ દયા કરો આપ, મટે તો તે મારું મહાપાપ;**
**ધર્મનંદને ધીરજ દીધી, તેનાં પાપ તણી ક્ષમા કીધી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

''મહારાજ ! જ્યાં ગુનાઓનું પાપ છૂટે ત્યાં જ અમે પાપ કરવાનાં કાળાં કામો કર્યાં, પણ અમારી મુરાદ બર આવી નહીં.''

સભા સર્વે જોબનપગીની આ વાત સાંભળી **સ્તબ્ધ** થઈ ગઈ ! આટલા બધા રક્ષકો, કાઠીઓ, કામઠીવાળા છતાં જોબન અહીં કેવી રીતે પેસી શક્યો !

જોબનની આંખમાં આંસુ હતાં. તેણે કહ્યું : ''મહારાજ ! તમારો રોઝો ઘોડો અને કાઠીઓની પાણીદાર ઘોડીઓ ચોરવા અમે ત્રણ-ત્રણ રાતના ઉજાગરા કર્યા, ઘોડશાળમાં ફર્યા પણ દરેક ઘોડી આગળ આપની મૂર્તિ દેખાણી. આમ, લાગટ ત્રણ દિવસ બન્યું. એટલે અમારી સાન ઠેકાણે આવી. અમને લાગ્યું કે આપ ભગવાન છો. જો કે અહીં બિરાજેલા આ મુક્તાનંદ સ્વામીએ મને વડતાલમાં કહ્યું હતું કે, આપ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો, પણ મને અંતરમાં મનાયું ન હતું, પરંતુ હવે તો મને પાકી ખાતરી થઈ ગઈ છે કે આપ ભગવાન જ છો.''

વાત કરતાં કરતાં જોબનપગીની બંને આંખોમાંથી આંસુઓની ધારા વહેતી હતી. પાપના **પશ્ચાત્તાપ**થી અંતરના આંસુ બહાર આવતાં હતાં. ભગવાન શ્રીહરિ મંદહાસ્ય કરતા સિંહાસન પરથી ઊભા થયા ને જોબનપગીના માથા ઉપર **આશીર્વાદનો હાથ** મૂકીને કહ્યું : ''જોબન ! તમે હૃદયના પસ્તાવા સાથે અમારે શરણે આવ્યા છો, તેથી અમો, તમારાં અત્યાર સુધીના તમામ પાપ માફ કરીએ છીએ. આજથી પાંચ વર્તમાનનું પાલન કરજો. ક્યારેય પણ ચોરી કે લૂંટફાટ કરશો નહિ... અમે વર્ણીવેશે તમારે ઘેર આવીને જમી ગયા હતા. તમારા ભાઈ સુંદર પગીને ત્યાં પણ ગયા હતા. તમારામાં સંસ્કાર છે, મુમુક્ષુતા પણ છે, પરંતુ કુસંગ અને સંયોગોએ તમારી તામસી વૃત્તિને બહેલાવી દીધી હતી. આજે હવે તમારા એ જીવનનો અંત આવે છે. જોબન વડતાલો જે ડાકુ હતો તે આજે મૃત્યુ પામે છે અને જોબન ભક્ત જન્મે છે.''

જોબન લૂંટારાનું આ પરિવર્તન, સભામાં બેઠેલા હજારો હરિભક્તો સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. જેના નામની હાક વાગતી, જેણે ત્રાસ વર્તાવવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું તે ભયંકર ધાડુપાડુએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરણ લીધું ! એના અંતરના કમાડ ઊઘડી ગયાં !

શ્રીજીમહારાજ તેની સામે **કરુણાર્દ્ર દૃષ્ટિ**થી જોઈ રહ્યા. મહારાજે તેને કહ્યું : ''જોબન ! તમે શરણે આવ્યા એટલે અમને આનંદ થયો, પરંતુ તમારો આ ધંધો, તમારો સ્વભાવ બધું જ છોડી દેશો તો જ અમે તમને અપનાવીશું. ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો કોઈ વાડો નથી, પરંતુ માનવીના હૃદયને શુદ્ધ કરી તેને ઉન્નત કરવાનું એક સાધન છે. તમે આજે કંઠી પહેરો અને કાલથી તમારા ધંધા ચાલુ રાખો તો ધર્મ તમને કાંઈ સહાય નહીં કરી શકે.''

જોબનપગી ભગવાન શ્રીહરિની આ **મધુર વાણી** સાંભળતો હતો. તેની આંખ સામે તેણે અત્યાર સુધીના જીવનમાં કરેલા કાળા કૃત્યોની ઝાંખી થવા લાગી. તેને ધ્રૂજારી છૂટી ગઈ ! તે શ્રીજીમહારાજના ચરણોમાં પડી ગયો. ચરણ પકડીને તેણે **પ્રાર્થના** કરી : ''હે પ્રભુ ! આપની જે આજ્ઞા હશે તે પ્રમાણે જ કરીશ. હવે બધું જ છોડ્યું. આપના ચરણમાં આ માથું મૂકી દીધું. આજે ઉગરવાનો વખત આવ્યો છે. તો મહારાજ ! હવે આ પતિતની, અધમની આપ રક્ષા કરો, મને શરણે લ્યો.''

ભગવાન શ્રીહરિએ જાણ્યું કે જોબનનું અંતર બોલતું હતું, તેની વાણીમાં **પરિતાપ** હતો. શ્રીજીમહારાજે તરત જ જોબનનો હાથ પકડ્યો. તેમાં જળ મૂક્યું. મંત્ર આપ્યો અને **પંચ વર્તમાન** ધરાવ્યા. જોબન મહારાજની કરુણાથી કૃતકૃત્ય થઈ ગયો ! તેના સાથીઓએ પણ એક પછી એક આ વ્રત લીધા. મહારાજે તેમને કહ્યું : ''સાંભળો જોબન ! આજથી દારૂ, માટી, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરવો,

કોઈને વટલાવવા નહીં અને તમારે પણ વટલાવું નહીં.''

જોબનને લાગ્યું કે આ પ્રભુની કેટલી કરુણા ! આ પાંચ વર્તમાનના પાલનથી જ જો જીવનનું **શુદ્ધિકરણ** થઈ પરમાત્માના સ્વરૂપને અંતરમાં પ્રગટ કરવાની સાધનાની **સિદ્ધિ** થાય છે તો તે સાધન શરૂ કરી જ દેવું. મોટા મોટા ઋષિમુનિઓ તેમના હજારો હર્ષોના તપથી પણ જે સિદ્ધ ન કરી શક્યા, તે સિદ્ધિ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી આ અલ્પ સાધનાથી થઈ શકે તે કેટલી કરુણા ! કેટલી દયા !

**'મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર;**
**જોબન પગીની વાગે હાંક, તેને ચરણ લઈ કરીયો પાક.'**

- માધવતીર્થ

## પ્રભાતગર બાવાને ભગવાન શ્રીહરિનો નિશ્ચય થયો અને ગોદડી આપી :

જે દિવસે જોબન લૂંટારામાંથી જોબન ભક્ત બન્યા, તે દિવસે જ એક **બીજો પ્રસંગ** બન્યો. ઠીકરિયા ગામના **પ્રભાતગર** બાવા ત્યાં આવ્યા હતા. પોતે અત્યંત મુમુક્ષુ હતા અને ભગવાન ખોળવા માટે જ તીર્થોમાં તથા ગામોગામ ફરતા હતા. ફરતાં ફરતાં તેઓ વાકળ દેશમાં રણુ ગામે આવ્યા. ત્યાં તળાવ ખોદાતું હતું તેમાં તે પણ સેવા કરતા હતા. એટલામાં તેમણે ત્યાંથી ડમણિયું ઉતાવળથી પસાર થતાં જોયું એટલે તે તરત જ દોડ્યા અને ડમણિયાને ઊભું રખાવીને પૂછ્યું : ''આટલા બધા ઉતાવળથી તમો ક્યાં જઈ રહ્યા છો ?''

પ્રભાતગર બાવાજીનો પ્રશ્ન સાંભળી ડમણિયામાં બેઠેલ રણુ ગામના પટેલ તુલસીદાસભાઈ તથા લલ્લુભાઈએ તેમને કહ્યું :''ડભાણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મોટો યજ્ઞ કરાવે છે ત્યાં અમે જઈએ છીએ. યજ્ઞ તો ઘણા દિવસથી શરૂ થઈ ગયો છે, હવે તો પૂર્ણાહુતિ બે-ચાર દિવસમાં જ થવાની છે, માટે જલદી પહોંચવાનું છે, તેથી બળદો ઉતાવળા ચલાવીએ છીએ.''

પટેલોનું આવું કહેવું સાંભળી **પ્રભાતગર** બાવા બોલ્યા : ''પટેલો ! તમોને કોઈ વાંધો ન હોય તો મને તમારી સાથે લઈ જશો ? મારે પણ યજ્ઞનારાયણનાં દર્શન કરવા છે.'' તુરંત પટેલોએ કહ્યું : ''બેસી જ જાઓ. સારાં કામમાં ઢીલ શા માટે કરવી ? ઉત્સવ-સમૈયામાં તો જેટલા ઝાઝા માણસો હોય એટલું વધારે સારું.'' પટેલોની સહમતિ મળતાં જ બાવાજી રાજી થઈ ગયા ને તુરંત ગાડામાં બેસી ગયા.

ડમણિયું લઈને ત્રણે ડભાણ પહોંચ્યા ત્યારે **ભગવાન શ્રીહરિ** વિશાળ જનમેદની વચ્ચે સભામંડપમાં ઊંચા મંચ ઉપર બિરાજમાન હતા. જોબન લૂંટારાના જીવનનું પરિવર્તન થઈ ગયું હતું. તેના કારણે **સત્સંગ સમાજ** આશ્ચર્ય પામી ગયો હતો. સૌ નર-નારીઓનાં ચહેરા પર આનંદ દેખાતો હતો. સારી સભા આ આશ્ચર્યમય ઘટનાથી અને શ્રીજીમહારાજની દિવ્યતાની આશ્ચર્યવત્ બની ગઈ હતી. તે સમયે રણુના આ **ત્રણે ભાવિકો** સભામાં પધાર્યા.

ભગવાન શ્રીહરિના દર્શન થતાં જ પ્રભાતગર બાવાનાં અંતરમાં શાંતિ થઈ ગઈ. પરંતુ તેના ચંચળ મને **સંકલ્પ** કર્યો : ''સ્વામિનારાયણ ભગવાને ઓઢેલ ગોદડી (ધડકી) મને પ્રસાદીરૂપે આપે તો ભગવાન માનું. એમને તો બીજી ધડકીઓ આપનારા ઘણા મળી રહેશે.''

શ્રીજીમહારાજે તેમનો સંકલ્પ જાણ્યો. પાછળ ઊભેલા પાર્ષદને કહ્યું : ''જુઓ, પણે એકદમ છેલ્લે બેઠેલા મુનિબાવા છે, જટાધારી છે, તેમનું નામ પ્રભાતગર છે. તેમને અહીં મારી પાસે લાવો.''

પાર્ષદ તરત જ સભામાંથી માર્ગ કરતાં કરતાં પેલા બાવાજી પાસે ગયા. બાવાજીને તેમનું નામ પૂછ્યું. પછી કહ્યું : ''તમને મહારાજ બોલાવે છે.''

પ્રભાતગર બાવાને આ સાંભળી આશ્ચર્ય થયું ! તે તરત જ ઊઠ્યા. મહારાજ પાસે ગયા. બે હાથ જોડી પગે લાગ્યા. મહારાજે તેને કહ્યું : ''પ્રભાતગરજી ! ટાઢ ઘણી છે અને તમારા શરીર ઉપર બીજું વસ્ત્ર નથી તો આ ગોદડી તમે રાખો.''

આ સાંભળી પ્રભાતગર બાવા દિગ્મૂઢ બની ગયા ! તેમણે હાથ જોડી કહ્યું : ''ના મહારાજ ! આપની ગોદડી મારાથી કેમ લેવાય ?''

ભગવાન શ્રીહરિએ હસીને કહ્યું : ''આ તો પ્રસાદી કહેવાય. વળી, અમને તો આપનારા બીજા ઘણા મળી રહેશે, માટે તમે રાખો.'' એમ કહી શ્રીજીમહારાજે ગોદડી પ્રભાતગર બાવાજીને ઓઢાડી દીધી. પ્રભાતગરને ભગવાન શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય પાકો થઈ ગયો.

(ભગવાન શ્રીહરિએ પ્રભાતગર બાવાને આપેલી આ **ગોદડી** હાલમાં રણુના તુલજા ભવાની માતાના મંદિરમાં **પ્રસાદી સ્વરૂપે** રાખવામાં આવેલી છે.)

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી મૂળ વાતો : ૪૯)

## ભગવાન શ્રીહરિ સાથે સૂવાની ઈચ્છા પૂરી થઈ :

ડભાણમાં **મહાવિષ્ણુયાગ** આનંદપૂર્વક ચાલી રહ્યો છે. સૌ કોઈને ભગવાન શ્રીહરિમાં **સાક્ષાત્ યજ્ઞનારાયણ**ના **દર્શન** થઈ રહ્યા છે. યજ્ઞકુંડમાં આહુતિઓ આપીને બ્રાહ્મણો પણ યજ્ઞનારાયણ સ્વરૂપે રહેલા પ્રગટ પરબ્રહ્મ શ્રીહરિને પ્રસન્ન કરી રહ્યા છે. તેવા સમામાં એક દિવસ યજ્ઞોત્સવમાં આવેલ નરનારીઓ રાત્રીદેવીના ખોળામાં વિશ્રાંતિ લેવાની તૈયારી કરે છે. સભામંડપમાં કથાવાર્તા કરી **ભગવાન શ્રીહરિ** મંચ ઉપર જ પોઢી ગયા છે. પાર્ષદો ઠંડીને કારણે સીસકારા કરતાં ઝોલે ચડ્યા છે.

આ જ સમયે સુરતના એક અતિ પ્રેમી હરિભક્ત નારણદાસે આવીને જોયું તો મંચની આજુબાજુ નિરવ શાંતિ પથરાયેલી હતી. શ્રીજીમહારાજના હજૂરી પાર્ષદો પણ ઉજાગરા અને ઠંડીને કારણે કોઈ બેઠા બેઠા તો કોઈક ઊભા ઊભા જ ઊંઘી ગયા હતા. 'આવો મોકો ફરીને નહિ મળે !' આવું મનોમન વિચારીને ધીરે ધીરે બિલ્લી પગે મંચ ઉપર નારણદાસ ગયા ને ભગવાન શ્રીહરિની સાથે સૂઈ ગયા ! સૂતા સૂતા મનોમન આનંદ પામી બોલ્યા : ''ઘણા સમયની ઈચ્છા આજે પૂરી થઈ.''

થોડીવાર પછી ભગવાન શ્રીહરિ પડખું ફર્યા ત્યાં તો નારણદાસ ઉપર હાથ ગયો ને એના શરીરનો સ્પર્શ થયો. તુરંત ઝબકીને શ્રીજીમહારાજ જાગી ગયા ને ચોરની શંકાથી નારણદાસને બેય હાથે પકડી લીધો. સહુ ઉચ્ચસ્વરે 'ચોર...ચોર... દોડો... દોડો...' કહી

બૂમો પાડવા લાગ્યા. ત્યારે બધા પાર્ષદો જાગી ગયા. તેઓ નારણદાસને ઓળખી ગયા. પછી કારણ પૂછતા તેણે કહ્યું : ''મહારાજ ! તમારી ભેળાં સૂવાનો મનોરથ હતો, તેથી સૂતો હતો. હું ચોરી કરવા આવ્યો નથી.'' અંતર્યામી શ્રીહરિએ તેને છોડી મૂક્યો ને પછી **માનુષિક લીલા** શરૂ કરી.

અંગરક્ષક તરીકે ફરજ બજાવતા પાર્ષદો સૂઈ ગયા તેના કારણે સુરતના નારણદાસ મંચ ઉપર ચડી ભગવાન શ્રીહરિ ભેળાં સૂઈ ગયા. તેથી ગાફલાઈ રાખવાને કારણ તે પાર્ષદોને સેવામાંથી કાઢી મૂકીને શ્રીજીમહારાજે રીસ કરી ! બૂમાબૂમ કરવાને કારણે સંતો-હરિભક્તો સૌ જાગીને મહારાજ પાસે આવી ગયા હતા. જીવુબા વગેરે સ્ત્રીભક્તો પણ આવી ગયા હતા. ભક્તોની ભીડ સભાના રૂપમાં પરિવર્તન પામી ગઈ. ભગવાન શ્રીહરિએ પોતાના શરીર ઉપર એક જ વસ્ત્ર પહેરેલું રહેવા દીધું હતું. બીજા બધાં વસ્ત્ર ઉતારીને ફેંકી દીધાં હતાં અને બધો ઉમંગ તજી દીધો હતો. બધાં વસ્ત્ર ભાઈ રામદાસજી સ્વામી પાસે ફેંક્યા હતાં અને બધાં ઘરેણાં જીવુબા તરફ ફેંક્યા હતાં.

**'શ્રીહરિ અંબર એકહિ, પેર રખે નિજ અંગ;**
**દુજે ઉતારી ફેંક દિન, ત્યાગ દિનેઉ રંગ.**
**રામદાસજી સમીપ હિ, અંબર ફેંકે જે તે;**
**જીવુબાઈ કે પાસ હિ, ભૂષણ ફેંકે તે તે.'**
(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૧)

ભગવાન શ્રીહરિ બોલ્યા : ''જેમાં અતિશય ભય રહેતો હોય, તેના ઉપર અમને પ્રેમ થાતો નથી. ભક્તિભાવવાળા હરિભક્તો વસ્ત્રાલંકારોને સુખદાયક માનીને અમને પરાણે પહેરાવે છે. તે વસ્ત્રોને અને અલંકારોને અમે પ્રેમભાવથી ન પહેરીએ તો તે હરિભક્તને દુઃખ લાગે. પછી તે ફરીને ક્યારેય સમૈયો કરવા આવે નહિ. અને તરત તે સત્સંગથી વિમુખ થઈ જાય. તે હરિભક્ત સત્સંગથી વિમુખ ન થઈ જાય એટલા માટે જ અમે સારાં વસ્ત્રોને અને ઘરેણાંઓને અંગીકાર કરીને પહેરીએ છીએ. સારાં વસ્ત્રાલંકારોને પહેરવામાં અમારો બીજો કોઈ મતલબ નથી. જેમાં ભય રહેલો હોય તેમાં અમને કાંઈ શોભા દેખાતી નથી. જેમાં કોઈ ભય ન રહ્યો હોય, તેને અમે સહુથી વધારે શોભારૂપ માનીએ છીએ. જેનાથી શરીરની હાનિ થાય, તેને અમે શોભા કહેતા નથી. કારણ કે, સોનાએ તો કરોડો શરીરોનો નાશ કરાવ્યો છે. પણ લોકો તે બાબતને માનતા નથી.''

આ રીતનાં વચનો કહી મુખ ગંભીર કરી મૌન રાખી ઉઘાડા શરીરે ફક્ત એક સુરવાળ પહેરીને ભગવાન શ્રીહરિ બેસી રહ્યા. તે સમયે પોષ મહિનો હતો અને પાછી રાત્રિ હતી તેથી ઠંડી પણ અતિશય હતી, તેના કારણે ભગવાન શ્રીહરિનું શરીર ધ્રૂજવા લાગ્યું. ત્યારે પાર્ષદ વસ્ત્ર ઓઢાડવા ગયા ત્યાં તો ભગવાન શ્રીહરિએ તેના હાથમાંથી લઈને ફેંકી દીધું ! જ્યારે કોઈ ઉપાય ચાલ્યો નહિ, ત્યારે સહુ સંતો અને હરિભક્તોએ પોતાના શરીર ઉપરના વસ્ત્ર ઉતારી નાખ્યાં. પછી એકેક વસ્ત્ર પહેરી રાખ્યું અને બધાં કડકડતી ઠંડીમાં બેસી રહ્યાં. ઠંડા પાણીથી ભરેલું તળાવ પાસે જ ભર્યું હતું. તેથી ઠંડીથી વૃદ્ધો ધ્રૂજવા લાગ્યા. તો પણ દયાળુ શ્રીહરિએ દિલમાં દયા લાવી નહીં. કોઈથી કાંઈ ઉપાય ચાલ્યો નહિ.

રીસ કરીને ભગવાન શ્રીહરિએ વસ્ત્રો ઉતારીને રામદાસ સ્વામી પાસે ફેંક્યા અને ઘરેણાં ઉતારી મહાત્યાગી જીવુબા પાસે ફેંક્યા. તે જોઈને ભગવાન શ્રીહરિ સાથે અતિ સુહૃદભાવ ધરાવતા **પર્વતભાઈ** તથા સખામિત્ર **સૂરાખાચર** આદિ ભક્તો ભગવાન શ્રીહરિની ચતુરાઈ જોઈને રામદાસ સ્વામીના પ્રત્યે કહેવા લાગ્યા : ''જુઓ તો ખરા, આ મહારાજની રીસ કેવી છે ? મહારાજની રીસમાં પણ કેવું ડહાપણ છે ? એક રીસને બહાને કેટલાએ કામ કરી રહ્યા છે.'' તે સમયે ગુજરાતની **હરિભક્ત સ્ત્રીઓ** કીર્તન ગાવા લાગી. તેમાં એવો ભાવ હતો કે, ''અમારાં જીવન રૂઠ્યાં છે. તેઓને જે મનાવે તેને અમે અમારા પ્રાણ આપી દઈએ. કારણ કે, અમોને પ્રભુ પ્રાણથી પ્યારા છે.''

પ્રેમી સ્ત્રીભક્તોના કીર્તનો સાંભળી ભગવાન **શ્રીહરિ** મંદમંદ હસ્યા. ત્યારે ભાઈ **રામદાસજી** સ્વામી ઊઠીને ભગવાન શ્રીહરિ પાસે જઈને તેમની મરજી પારખીને હેતભર્યા વેણથી વઢવા લાગ્યા : ''અત્યારે તો આપ મોક્ષના સિંહાસન ઉપર બેઠા છો માટે આવા ફેલ ન કરો. નાના બાળકની જેમ ક્ષણ ક્ષણ વારમાં આપ રિસાઈ જાઓ છો, અને ખેલ કરો છો, મોટાની આ રીત ન કહેવાય, કોઈની અદબ (મર્યાદા) રાખશો ત્યારે જ સત્સગમાં મોટા રહી શકશો. જે સત્સંગ છોડીને જાય છે તેની બહાર આવી મોટપ રહેતી નથી. 'સત્સંગમાં અત્યારે જેવી સમજણ છે તેવી તો કોઈ લોકમાં નથી.' આવી તો આપ રોજ સભામાં વાત કરો છો, અને તે કરેલી વાતને પછી આપ તરત ભૂલી જાઓ છો ? જો આવું જ કરવું હતું તો યજ્ઞ કરવાનું કામ જ શું હતું ? આપને કોણે કાગળ લખ્યો હતો કે યજ્ઞ કરો ? એટલે હવે આ વસ્ત્ર અને ઘરેણાં બધાં પહેરી લો.''

ભાઈ રામદાસજી સ્વામી ઘણા **વૃદ્ધ સંત** હતા. તેમનાં **વચન** ભગવાન શ્રીહરિએ અંતરમાં ધારી-માની લીધાં અને બોલ્યા : ''હવે અમે અમારો દેહ સત્સંગને અર્પણ કરીએ છીએ. ચાહે તેવું દુઃખ પડે, તોએ અમે તે સત્સંગમાં જ રહેશું અને તે દુઃખને સહન કરશું. જીવન ભર હવે અમારે સત્સંગમાં જ રહેવું છે, તે અમે ખરેખર **સત્ય** કહીએ છીએ. અમારો આત્મા અપાર ત્યાગી છે અને અમને ત્યાગમાં **અપાર રુચિ** રહે છે. જ્યારે અમને ત્યાગનો એક પ્રકારનો આવેગ (છક) આવી જાય છે ત્યારે તે રોક્યો રોકાતો નથી. જ્યારે તે આવેગ ઊતરી જાય છે. ત્યારે પાછો બુદ્ધિમાં **વિવેક** આવે છે. અમારી આ પ્રકૃતિ જન્મથી જ છે, તે ક્યારેક ઘણો ભારે ત્યાગનો છક (આવેગ) આવી જાય છે. અમને જ્યારે તે છક વધારે પડતો આવી જાય છે ત્યારે અમને શરીરની પણ સંભાળ રહેતી નથી. આ સંસારમાં જે જે રસભર્યા સુખ છે તે બધા અમને ત્યાગની આગળ અત્યંત લૂખા જણાય છે. જે ત્યાગનો કેફ છે તે સંસારના બધા જ કેફથી વધારે બળિયો છે અને તે કેફને લીધે જ અનંત બ્રહ્માંડોનાં સુખ પણ અત્યંત તુચ્છ લાગે છે. ભગવાન સંબંધી જેટલાં સુખ છે તે બધાં ત્યાગરૂપી મહાન નિધિથી અંતરમાં દેખાય છે. ચિંતામણિ, પારસમણિ અને કલ્પવૃક્ષ, એ બધા કરતાએ ત્યાગરૂપ **મહાન રસ** છે તે ઘણો શ્રેષ્ઠ છે અને તેથી જ અમે ત્યાગને સર્વોપરી જાણીએ છીએ. અનંત કોટિ જે બ્રહ્માંડો છે તે કદાચ બધા કાંચનમય હોય તો પણ અમે ત્યાગનિધિના બળને આધારે તેને છોડી દઈએ.''

ત્યારે ભાઈ રામદાસજી સ્વામીએ હાથ જોડ્યા અને ફરીવાર ભગવાન શ્રીહરિના પ્રત્યે કહ્યું : "હે હરે ! જે **ત્યાગ રૂપી નિધિ** આપે કહ્યો છે તે આપ જ છો, એમ અમે જાણીએ છીએ. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તે રૂપ જે બધા નિધિ છે, તે સમગ્ર **આપ જ છો** એમ અમે માનીએ છીએ અને તે વિનાનું બધું નકારું છે - નઠારું છે એમ સમજીએ છીએ. જેમાં આપનો સંબંધ લેશ પણ ન હોય તેને અમે ક્લેશરૂપ જાણીએ છીએ. "

આવી ભાઈ રામદાસ સ્વામીની નિષ્કપટ વાણીને સાંભળીને **ભગવાન શ્રીહરિ** પ્રસન્ન થયા. ઉદાસપણાની બધી વાત ભૂલી ગયા અને બધાં વસ્ત્રો અને આભૂષણો પહેરી લીધા. તે બધું રામદાસ ભાઈ ધરાવતા હતા. બધા ભક્તોએ **'જય જય' 'જય જય'**નો **હર્ષનાદ** કર્યો. ભગવાન શ્રીહરિની ઉદાસીનતાનું વિઘ્ન ટળ્યું એટલે હરિભક્તોએ સભામાં સાકર વહેંચી. હરિભક્તો, સંતો, વર્ણી અને પાર્ષદો, એ બધાને ખૂબ જ **આનંદ** થયો. તે વખતે નોબત વાગવા લાગી. બંદૂકોને ફૂટવાના અવાજ પણ ઘણા થયા અને બધું આકાશ ગાજવા લાગ્યું.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૧)

## ભગવાન શ્રીહરિએ શતાનંદ બ્રહ્મચારીને ભાગવતી દીક્ષા આપી :

ડભાણ મહાયજ્ઞના દર્શન કરવા દરરોજ હજારો લોકો આવે છે. ચારેકોર **જયજયકાર** થઈ રહ્યો છે. યજ્ઞોત્સવ જોનારા અને સાંભળનારા સર્વેને આશ્ચર્ય થાય છે. સભામંડપમાં અને ચારેબાજુ **માનવ મહેરામણ** હિલોળા લઈ રહ્યો હતો. સંતો-હરિભક્તો ભગવાન શ્રીહરિને અનિમેષ નયને નીરખી રહ્યા હતા અને ભક્તજનોના હાથમાં શ્રીજીમહારાજને અર્પણ કરવા માટે વસ્ત્ર-આભૂષણો, પુષ્પહારો, પુષ્પગુચ્છો ને મેવા-મીઠાઈ તેમજ રૂપિયાના થાળ ભરેલા હતા.

મંચથી થોડે દૂર સભામંડપના છેડે, મોટું ટોળું ઊભું હતું. તેમાં એક **વર્ણી** પણ ઊભા હતા. તે વર્ણી એકી નજરે ચકોરની જેમ ભગવાન શ્રીહરિના મુખકમળ સામું જોઈ રહ્યા હતા. તેને ભગવાન શ્રીહરિ પાસે જવું હતું, પરંતુ ભીડ એટલી ભારે હતી કે આગળ પગલું માંડવાની પણ જગ્યા ન હતી. અંતર્યામીપણે ભગવાન શ્રીહરિએ એના હૃદયનો ભાવ જોયો, તેથી મંદહાસ્યયુક્ત મુખ કરતા થકા તે વર્ણી સામું જોઈ રહ્યા ને મંચ પર બેઠા થકા જ જમણા હાથની પહેલી આંગળીથી ઈશારો કરીને તેને પોતાની પાસે આવવા કહ્યું. તેથી તરત જ તે વર્ણીએ ભીડમાંથી ઉતાવળે ભગવાન શ્રીહરિ પાસે પહોંચીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ભગવાન શ્રીહરિ સિંહાસન ઉપરથી ઊભા થઈને દંડવત કરતા વર્ણીને પોતાના હાથે ઊભા કરીને ભેટી પડ્યા ને વારંવાર માથા પર હાથ ફેરવીને હેત જણાવવા લાગ્યા. આવું દૃશ્ય જોઈને હરિભક્તો અને સંતોને નવાઈ લાગી !

તે વર્ણીને માથે હાથ ફેરવતાં ભગવાન **શ્રીહરિ** બોલ્યા : "આવો, આવો શતાનંદજી ! સવારથી જ અમો તમારી રાહ જોઈ રહ્યા હતા. તમોને બદરીનાથથી નારાયણ પ્રભુએ મોકલ્યા છે ને ?" આવું સાંભળીને તે વર્ણીને ભગવાન શ્રીહરિ પ્રત્યે પાકો **નિશ્ચય** થઈ ગયો. પછી શ્રીજીમહારાજે તેને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીની **ઓળખાણ** કરાવી.

બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ સંતોના દર્શન થયાં તે આનંદમાં તે બ્રહ્મચારી **શતાનંદજી** ભાવવિભોર બની ગયા. પોતાનું પરમ સૌભાગ્ય સમજી ગદ્‌ગદ્‌ કંઠે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી સંતો-હરિભક્તોના સાંભળતા પોતાની **ઓળખાણ** આપવા લાગ્યા : "હે પ્રભુ ! મારું વતન મિથિલાનગરી હતું. પ્રગટ પ્રભુના દર્શન માટે હું ઘરનો ત્યાગ કરી બદરીનાથ ગયો. ત્યાં મેં નારાયણ પ્રભુની **કઠોર સાધના** કરી. તેથી મને **દર્શન** આપીને કહ્યું કે, 'પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હાલમાં સ્વામિનારાયણ નામ ધારણ કરી પશ્ચિમ પાંચાલ દેશમાં દુર્ગપુરમાં બિરાજે છે, તેથી તમો ત્યાં જાઓ.' નારાયણ ભગવાન પાસેથી **વરદાન** પ્રાપ્ત કરીને હું બદરીનાથથી ચાલતો ચાલતો બે મહિને અમદાવાદ પહોંચ્યો. ત્યાંથી હું ગઢપુર જવાની તૈયારી કરતો હતો, ત્યાં બ્રાહ્મણોના મુખેથી મેં સાંભળ્યું કે, 'नारायणावतारं तं द्रक्ष्यामो मिष्टभोजनम् । कृत्वा धनं च प्राप्स्याम इति विप्रगिरोशृणोत् ।।' - 'ડભાણમાં સ્વામિનારાયણ ભગવાન એક મહા વિષ્ણુયાગ કરે છે, માટે ચાલો આપણે જઈએ. ત્યાં ખૂબ મનગમતા મિષ્ટ ભોજન જમીશું. અને દક્ષિણામાં ધન પણ પ્રાપ્ત કરીશું.' (શ્રી સત્સંગિજીવન : ૧/૩/૨૩)

આ રીતે એકબીજા બ્રાહ્મણો કહી રહ્યા હતા અને પછી પરસ્પરની સંમતિથી તેઓ **ડભાણ** આવવા ચાલવા લાગ્યા. તેથી તેઓની સાથે હું પણ અહીં આવ્યો ને આપના દર્શન કરી કૃતાર્થ થયો છું. બદરિકાશ્રમને વિષે પોતે નારાયણઋષિ સ્વરૂપે જે વરદાન આપ્યું હતું તેને સફળ બનાવવા પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ શતાનંદજીને નામ, ગોત્ર, દેશ આદિ સંબંધી પ્રશ્નો કરી તેમનું યથાયોગ્ય સન્માન કર્યું.

'स्वान्तिके वासयामास दत्त्वा दीक्षां च तं द्विजम् । प्रपन्नाभयदः स्वामी करुणावरुणालयः ।।' - કરુણાના મહાસાગર શરણાગત વત્સલ ભગવાન શ્રીહરિએ શતાનંદજીને ઉદ્ધવ સંપ્રદાયની ભાગવતી દીક્ષા આપી **'શતાનંદ'** એવું નામ ધારણ કરાવી પોતાની સમીપે નિવાસ કરાવ્યો. ભગવત્સેવાની પ્રાપ્તિથી શતાનંદ સ્વામીનો મનોરથ પરિપૂર્ણ થયો. મન પ્રસન્નતા અનુભવવા લાગ્યું. શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની સત્કીર્તિનું ગાન કરવાની ઉત્કંઠાવાળા હોવાથી હંમેશાં ભગવાન શ્રીહરિની સેવા કરવાને અર્થે તેમના સાન્નિધ્યમાં જ રહેવા લાગ્યા.

ભગવાન શ્રીહરિની કૃપાથી સદ્‌બુદ્ધિશાળી શતાનંદમુનિને અષ્ટાંગયોગની સાધના વિના પણ સહજ **સમાધિદશા** પ્રાપ્ત થઈ. હૃદયકમળમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરતા શતાનંદ સ્વામીને પૂર્વે બદરિકાશ્રમને વિષે પ્રત્યક્ષ અનુભવેલા બદરીપતિ શ્રીનારાયણ ઋષિનાં દર્શન થયા અને ક્ષણવારમાં જ એ સ્વરૂપ વીજળીની માફક અંતર્ધાન થયું. ત્યારબાદ શતાનંદ સ્વામીએ દિવ્ય તેજોમય અક્ષરધામને વિષે વિરાજમાન સમગ્ર ઐશ્વર્ય સંપન્ન તેમજ અનંત પાર્ષદ મુક્તોએ સેવાયેલા શ્રીપુરુષોત્તમનારાયણ સ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીહરિનાં **દર્શન** કર્યાં.

ત્યારબાદ ભગવાન શ્રીહરિએ શતાનંદ મુનિને અણિમાદિ અનંત ઐશ્વર્ય સહિત ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ વગેરે દિવ્ય ધામોનાં દર્શન કરાવ્યાં. તથા ભગવાન શ્રીહરિએ ધર્મ, ભક્તિ અને ઋષિઓનું જે રીતે પ્રાગટ્ય થયું તેમજ સ્વયં જે રીતે પ્રગટ થયા તે સર્વનું શતાનંદ મુનિને દર્શન કરાવ્યું. ઋષિઓનું જે પૂર્વનું મુક્તરૂપ અને અત્યારનું હાલમાં જે મનુષ્યસ્વરૂપ તેમના પણ ભગવાન શ્રીહરિએ દર્શન કરાવ્યા. ભગવાન શ્રીહરિએ પોતાના પ્રાદુર્ભાવ સમયે જ પાર્ષદો તથા શક્તિઓ ઉત્પન્ન થઈ તેમના પૂર્વના રૂપ અને હાલ મનુષ્યાકાર એ બંને સ્વરૂપ શતાનંદ મુનિને જણાવ્યાં.

પ્રસન્ન મનવાળા તેમજ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા **શતાનંદ સ્વામી** ભગવાન શ્રીહરિના ગુણોના વર્ણનથી ભગવાન શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત થયેલા જ્ઞાન અને વિદ્યાને સફળ બનાવવા કહેવા લાગ્યા કે, ''હે પ્રભુ ! મારી બીજી એક ઈચ્છા પણ છે કે હું આપના લીલા ચરિત્રોનો ગ્રંથ લખું ને મારું જીવન આપની સેવામાં સમર્પણ કરી આજીવન આપની પાસે જ રહું.''

શતાનંદ સ્વામીનું **પ્રાર્થનાવચન** સાંભળી ભગવાન શ્રીહરિએ કહ્યું : ''હે મુનિ ! તમારી મનોકામના હું પૂર્ણ કરીશ. તમોને ત્રિકાળ જ્ઞાન પ્રાપ્ત થશે, તેને કારણે તમો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણેય કાળની મારી લીલા જોઈ શકશો, અનુભવી શકશો ને લખી શકશો. તમે મારી સાથે સર્વોત્તમ સ્થાન ગઢપુર આવો. ત્યાં ગઢપુરમાં હું શ્રી ગોપીનાથજીનું મંદિર કરાવીશ. અને તમે તે પવિત્ર તીર્થભૂમિમાં સ્થિર મનથી નિવાસ કરો અને તમારા અનુભવને આધારે મારા લીલા ચરિત્રોથી ભરપૂર ગ્રંથને રચો.''

ભગવાન શ્રીહરિના આદેશથી **શતાનંદ સ્વામી** અતિશય પ્રસન્ન થયા. અને ભગવાન શ્રીહરિના કહેવા પ્રમાણે તેમની સાથે ગઢપુર આવીને ઘણા સમય સુધી નિવાસ કરીને રહ્યા. ગઢપુરની પાવનકારી ભૂમિમાં રહી શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિના લીલાચરિત્ર સભર **'સત્સંગિજીવન'** નામે ધર્મશાસ્ત્ર **ગ્રંથની રચના** કરી.

### વસોના જમનાબેનને નિરાવરણ દૃષ્ટિ થઈ :

**'વસોવાસી દાદા દવે નામ, આવ્યા હતા તે ડભાણ ગામ;**
**પુત્રી જમના ને ઈશ્વર પુત્ર, હતાં તે પણ સંગાથે તત્ર.**
**હતો પૂર્ણાહુતિ સમો જ્યારે, ચાલ્યા દર્શને સૌ જન ત્યારે;**
**ભીડ માણસની થઈ ભારે, બાઈ જમના ન જૈ શકી ત્યારે.**
**કહ્યું તાતે રહો આ ઉતારે, આવજો ત્યાં મટે ભીડ જ્યારે;**
**બાઈ જમના તે ઉતારે રહ્યાં, પણ ત્યાં તેને દર્શન થયાં.**
**દવે આવ્યા તે ઉતારે ફરી, જમનાએ બધી વાત કરી;**
**તહાં શોભા બની હતી જેવી, કહી સર્વ જથારથ તેવી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

વસો ગામના પવિત્ર બ્રાહ્મણ **દાદાભાઈ દવે** સારા હરિભક્ત હતા. ડભાણમાં તેઓ પોતાની પુત્રી **જમના** અને પુત્ર **ઈશ્વર** સાથે આવ્યા હતા. યજ્ઞ શરૂ થયો ત્યારે દિનપ્રતિદિન ભક્તોનો ભીડો વધતો જતો હતા. એમાં પણ પૂર્ણાહુતિના છેલ્લા દિવસે તો પગ મૂકવાની જગ્યા નહોતી. ભગવાન શ્રીહરિ સભામંચમાં બિરાજમાન હતા, તેથી તેઓના દર્શન-પૂજન માટે **હજારો ભક્તો** આવી રહ્યા હતા. તેમાં દાદાભાઈ દવે પણ પુત્રી અને પુત્ર સાથે શ્રીજીમહારાજના દર્શન કરવા ઉતારામાંથી બહાર આવ્યા. ત્યાં તો હજારો ભક્તોની **ભીડ** જોઈ ! તેથી દાદાભાઈએ જમનાબેનને કહ્યું : ''બેટા ! આટલો બધો ભીડો છે, તેથી તું ઉતારે રહે, જ્યારે ભીડ ઓછી થાય ત્યારે આવજે.'' પિતાના કહેવાથી જમનાબેન ઉતારે રહ્યા.

પછી જમનાબેન આંખો મીંચી ધ્યાન લગાવી પોતાની વૃત્તિને સભામંડપમાં લઈ ગયાં. તેના કારણે સભામંચમાં જે જે બનતું હતું તે બધું જ દેખાવા લાગ્યું ! ઉતારે આવીને પિતાએ દર્શને ન આવવાનું કારણ પૂછ્યું. ત્યારે જમનાબેને સભા સમયની શોભાનું વર્ણન અને ભગવાન શ્રીહરિએ કેવાં વસ્ત્રો ધારણ કર્યા હતા, તે બધું જ કહી બતાવ્યું; તેથી દાદાભાઈ **અતિશય આશ્ચર્ય** પામ્યા.

### આ સાત રૂપિયાથી યજ્ઞ પૂરો થઈ ગયો :

'ડભાણમાં શ્રીજીમહારાજ **મહાયજ્ઞ** કરાવે છે' આ વાત ગામડે ગામડે પહોંચી ગઈ હતી. તેમજ ભગવાન શ્રીહરિએ સ્વયં પણ અનેક ગામડાંઓમાં જઈને ડભાણ યજ્ઞમાં આવવાનું **આમંત્રણ** આપ્યું હતું. તેને કારણે કચ્છ-સોરઠ-કાઠિયાવાડ-ઝાલાવાડ-બાબરિયાવાડ-ઉત્તર ગુજરાત-કાનમપ્રદેશ-વાકળ પ્રદેશ અને દક્ષિણ ગુજરાત વગેરે અનેકાનેક પ્રદેશોના ગામડાઓમાંથી હરિભક્તોના સંઘો ડભાણ આવવા નીકળી ગયા હતા.

કાઠિયાવાડમાંથી પણ ઘણાં ગામડાંઓના નરનારી ભક્તો ડભાણ આવવાની તૈયારી કરતા હતા. તેમાં **રોહિશાળા** ગામનો સંઘ પણ તૈયાર થઈને ચાલવાની તૈયારી કરતો હતો. તે ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ એકાંતિક ભક્ત **લક્ષ્મીરામ** રહેતા હતા. તેઓની ઈચ્છા તીવ્ર હતી. તેઓ મનમાં વિચારવા લાગ્યા : ''મારે પણ જવું છે હું પણ ડભાણ જઈને ભગવાન શ્રીહરિના દર્શન કરું ને યજ્ઞમાં સેવા કરી પ્રસન્નતા મેળવું. પરંતુ મારી ગરીબ પરિસ્થિતિ છે, તેથી કેવી રીતે જવું ? ત્યાં જઈએ એટલે ભગવાન શ્રીહરિને કંઈક ભેટ તો મૂકવી જોઈએ ને ? મારી પાસે તો ફૂટી કોડી પણ નથી. હવે શું કરવું ?''

આ પ્રમાણે વિચારી ઉદાસ બની ગયા હતા. આ ઉદાસીનો ખ્યાલ તેના પરમમિત્ર **હાજા ભરવાડ**ને આવ્યો. હાજો ભણ્યો ન હતો, પણ ગણ્યો જરૂર હતો. તેણે તુરંત તેની પત્નીને વાત કરી : ''મારા ભાઈબંધ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છે. તેના ભગવાન ડભાણમાં યજ્ઞ કરે છે અને ત્યાં જવાની તેની બહુ જ ઈચ્છા છે, પણ તેની પાસે પૈસા નથી, એટલે ઉદાસ થઈ ગયા છે. પૈસા તો મારી પાસે પણ નથી, પરંતુ તું તારા હાથના કડલાં આપે તો હું ગીરવે મૂકીને એના જે પૈસા આવે તે લક્ષ્મીરામને આપી ડભાણ મોકલું.''

હાજા ભરવાડની વાત સાંભળી તેમના ધર્મપત્નીએ સહર્ષ હાથમાંથી કડલાં ઉતારી આપ્યાં. તુરંત હરખાતે હૈયે હાજા ભરવાડ સોની પાસે ગયા ને કડલાંને બદલે **સાત રૂપિયા** આવ્યા તે લઈને લક્ષ્મીરામને ઘેર જઈ તેને પરાણે આપી ડભાણ મોકલ્યા. આંખમાં હર્ષનાં આંસુ સાથે લક્ષ્મીરામ ડભાણ ગયા ને ભગવાન શ્રીહરિના દર્શન કરી ભાવવિભોર બની ગયા. પછી પેલા સાત રૂપિયા ભગવાન શ્રીહરિના ચરણમાં **ભેટ સ્વરૂપે** મૂક્યા. અંતર્યામી ભગવાન શ્રીહરિ તે

પૈસાને હાથમાં લઈ સભા સામું જોઈને બોલ્યા : ''રોહિશાળાના આ લક્ષ્મીરામ ભક્તના સાત રૂપિયા આવ્યા, તેથી આ યજ્ઞ પૂરો થઈ ગયો.'' આમ બોલીને સિંહાસન ઉપરથી ઊભા થઈ ભક્તવત્સલ મહાપ્રભુ શ્રીહરિ લક્ષ્મીરામ ભક્તને ભેટ્યા ને **આશીર્વાદ** આપ્યા. યજ્ઞ પૂરો થતાં તેઓ ઘેર ગયા ને ભગવાન શ્રીહરિના રાજીપાથી થોડાં જ વર્ષોમાં ધનવાન બની ગયા.

### સોરઠના ભક્તોને દિવ્ય દર્શન આપ્યા :

**'વળી સોરઠનો સંઘ મળી, ચાલ્યો સોરઠથી તે નીકળી;**
**ભટ મુખ્ય તેમાં મયારામ, પાંચ ગાઉ મૂક્યું નિજ ગામ.**
**ભક્ત પર્વતભાઈ તે સંગે, વિચર્યા હતા અંગ ઉમંગે;**
**બીજા બહુ ભગવાનના દાસ, ચાલ્યા દર્શન કરવાની આશ.**
**વનમાં મળ્યા શ્રી વૃષનંદ, જનવૃંદે દીઠા જગવંદ;**
**કર્યા પ્રેમથી સૌયે પ્રણામ, પૂછ્યું ક્યાંથી આવ્યા ઘનશ્યામ.**
**કહે કૃષ્ણ ડભાણથી આવ્યા, યજ્ઞ પૂર્ણ કરીને સિધાવ્યા;**
**માણાવદરમાં હવે જાશું, ઘોડું દોડાવી આગળ થાશું.**
**એમ ઉચ્ચરી ઘોડી દોડાવી, સંઘ પાછો વળ્યો હર્ષ લાવી;**
**ગામમાં જઈ કીધો તપાસ, ક્યાંય દીઠા નહિ અવિનાશ.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

સોરઠમાંથી હરિભક્તોનો સંઘ પણ ભગવાન શ્રીહરિ તથા મહાયજ્ઞના દર્શન કરવા નીકળ્યો હતો. તેમાં માણાવદરના મયારામ ભટ્ટ તથા અગતરાયના પર્વતભાઈ મુખ્ય હતા. બંને ભક્તો સત્સંગમાં આગેવાન હતા. સંઘ માણાવદરથી દૂર પાંચ ગાઉ પહોંચ્યો હતો, ત્યાં ભગવાન શ્રીહરિ સામે મળ્યા ! તેથી આશ્ચર્ય પામી ભક્તોએ પૂછ્યું : ''મહારાજ ! આપ અત્યારે ક્યાંથી પધારો છો ? આમ એકાએક અહીં ક્યાંથી ?''

શ્રીજીમહારાજે કહ્યું : ''અમે અત્યારે ડભાણનો મહાયજ્ઞ પૂર્ણ કરીને આવીએ છીએ અને માણાવદર જઈએ છીએ.'' એટલું કહીને મહારાજે ઘોડી દોડાવીને સંઘની આગળ નીકળી ગયા.

સંઘ ત્યાંથી જ પાછો વળ્યો. માણાવદર સૌ આવ્યા અને ભગવાન શ્રીહરિની તપાસ કરી. ત્યારે ત્યાંના હરિભક્તોએ કહ્યું : ''મહારાજ તો અહીં આવ્યા જ નથી, ડભાણમાં યજ્ઞ ચાલે છે ત્યાં મહારાજ બિરાજે છે.''

માણાવદરના ભક્તોની વાત સાંભળી મયારામ ભટ્ટ આદિક ભક્તોને થયું કે, શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં. આવી રીતે ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શનની અનુભૂતિનું ચિંતન કરતાં કરતાં સર્વે ભક્તો પોતપોતાના ઘેર ગયા.

### આધોઈના કરણીબાને દિવ્ય દર્શન :

ભગવાન શ્રીહરિ માનકૂવાથી નીકળી ભુજ પધાર્યા. ત્યાંથી ભચાઉ થઈ **આધોઈ** પધાર્યા. અહીં રાયધણજીના દરબારમાં શ્રીજીમહારાજ ઊતર્યા. મહારાજે ઉતારો કરીને તરત જ કરણીબાને કહ્યું : ''કરણીબા ! અમને ભૂખ બહુ લાગી છે.''

કરણીબાએ કહ્યું : ''મહારાજ ! થાળ થતાં તો વાર લાગશે, પણ આ દહીં ને સાકર આપ જમો થોડીવારમાં બ્રહ્મચારી થાળ તૈયાર કરી દેશે.''

ભગવાન શ્રીહરિ કરણીબાના ભાવનું દહીં અને સાકર જમ્યા. પછી પલંગ ઉપર પોઢી ગયા. મહારાજના બંને **ચરણારવિંદ** ખુલ્લાં હતાં. કરણીબાએ તે નિહાળ્યાં. મહારાજના લાલ હિંગળોક જેવા કોમળ ચરણારવિંદમાં કરણીબાએ ઊર્ધ્વરેખા જોઈ, બંને ચરણમાં **સોળ ચિહ્નો** જોયાં. મહારાજના ચરણમાં ધનુષ્યનું ચિહ્ન જોઈ તેમને લાગ્યું કે, ''આ ચિહ્ન જોઈને જ મહારાજ સાક્ષાત્ ભગવાન છે એવો નિશ્ચય સહેજે મુમુક્ષુને થાય.''

પછી બંને ચરણ ઉપર કરણીબાએ પોતાનો હાથ ફેરવ્યો તો તેમાં તેમણે કાંટા જોયા ! તેમને કંપારી છૂટી ગઈ. આજ અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિ મુમુક્ષુ જીવોના કલ્યાણ માટે કેટલું **કષ્ટ** સહન કરે છે ! કેટલો **પરિશ્રમ** વેઠે છે ! કરણીબાનું અંતર દ્રવી ગયું. તેમણે ચીપિયો લીધો. ધીરે રહીને તેમણે શ્રીજીમહારાજનાં બંને ચરણારવિંદમાંથી કાંટા કાઢ્યા. ગણ્યા તો બરાબર **અઢાર કાંટા** નીકળ્યા.

એટલામાં મુકુંદ બ્રહ્મચારી થાળ લઈ આવ્યા. ભગવાન શ્રીહરિ બેઠા થયા. જળથી મુખપ્રક્ષાલન કરી પાટલા ઉપર થાળ જમવા બિરાજમાન થયા. કરણીબાના ભાવ પ્રમાણે થાળ થયો હતો. શ્રીજીમહારાજ પણ પ્રેમથી જમ્યા. પછી પૂજાની સામગ્રી મંગાવી. ષોડશોપચારે મહારાજની પૂજા કરી. મહારાજને વસ્ત્રો ઓઢાડ્યાં. રાયધણજી મહારાજને પગે લાગ્યા. ત્યારે ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : ''દરબાર ! અમે હવે ગુજરાતમાં જઈએ છીએ. ડભાણમાં **મહાવિષ્ણુયાગ** અમારે કરવો છે. સંતો આગળથી ગયા છે અને તૈયારીઓ થઈ રહી છે. માટે તમારે ત્યાં આવવાનું છે.''

ભગવાન શ્રીહરિએ તેમના બીજા બે ભાઈઓ જેમલજી તથા ઈન્દુજીને પણ ડભાણ આવવાનું કહ્યું અને કરણીબાને પણ કહ્યું કે, ''તમારે ચારેયે ડભાણ આવવું.''

આ સાંભળીને જેમલજીની પુત્રીએ કહ્યું : ''મહારાજ ! મારે પણ કાકીની સાથે ડભાણ આવવું છે, આપની દિવ્ય લીલાનાં **દર્શન** કરવાં છે.''

તે સાંભળી જેમલજીએ તેને સમજાવતાં કહ્યું : ''બેટા ! ત્યાં તમારે ન અવાય. તમારે તો આણું આવવાનું છે. એટલે ઘેર જ રહેવું જોઈએ.''

પરંતુ જેમલજીની પુત્રીએ હઠ લીધી. એટલે ભગવાન શ્રીહરિએ તેને સમજાવતાં કહ્યું : ''જુઓ, તમે બંને કાકી-ભત્રીજી અહીં જ રહો. ડભાણમાં અમે જે જે **લીલા** કરીશું તેના **દર્શન** તમને અહીં બેઠાં થશે.'' આ સાંભળીને તેને શાંતિ થઈ. કરણીબા પણ શ્રીજીમહારાજની આજ્ઞાથી પોતાની ભત્રીજીને રાજી કરવા ઘેર રહ્યાં.

પછી ભગવાન શ્રીહરિની સાથે રાયધણજી, જેમલજી અને ઈન્દુજી ડભાણ જવા નીકળી ગયા.

⋄◆⋄

**'લીલા કીધી ડભાણમાં જેહ, કૈકે ઘેર બેઠાં દીઠી તેહ;**
**કચ્છથી આવતાં ભગવાને, દીધાં આધોઈમાં વરદાને.**
**બેય બાઈઓએ તેહ ઠામ, લીલા યજ્ઞની જોઈ તમામ;**

**એક અવસરે કરણીબાઈ, નિજ મેડા ઉપર ગઈ ધાઈ.**
**ત્યાં સુંદર એક પલંગે, પ્રભુ પોઢેલા દીઠા ઉમંગે;**
**ત્યારે પૂછ્યું કરીને પ્રણામ, ક્યાંથી આવ્યા તમે ઘનશ્યામ.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

ડભાણમાં અપૂર્વ અને અલૌકિક મહાયજ્ઞમાં જે જે હરિભક્તો આવી શક્યા તેમને શ્રીજીમહારાજે તેમને ઘેર દર્શન આપ્યાં અને તેમની ઉદાસીનતા ટાળી દીધી. પ્રથમ પૂર્વ પ્રસંગ મુજબ કચ્છમાંથી ડભાણ તરફ આવતા ભગવાન શ્રીહરિ આધોઈમાં **કરણીબા** અને તેની **ભત્રીજી**ને વરદાન આપ્યું હતું કે, 'અમે ડભાણમાં જે જે લીલાઓ કરીશું તે તમે બંનેને અહીં ઘેર બેઠાં દર્શન થશે.' ભગવાન શ્રીહરિના વચન પ્રમાણે આધોઈ ગામમાં તે બંને પ્રેમીભક્તોને પંદર દિવસ પર્યંત ડભાણની મહાયજ્ઞની લીલાઓના દર્શન થયાં ! કરણીબાની વૃત્તિ તો શ્રીજીમહારાજના વચનથી ડભાણમાં પહોંચી ગઈ હતી. તેવી સ્થિતિમાં તેને મહારાજના જ સંકલ્પો થતા હતા.

યજ્ઞના દિવસો દરમ્યાન તે કામથી પરવારી મેડા ઉપર ગયાં, ત્યાં તેણે પલંગ ઉપર ભગવાન શ્રીહરિને પોઢેલા જોયા. તેના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. થોડીવાર પલંગની આજુબાજુ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરતાં કરતાં પ્રદક્ષિણા કરી. એટલામાં મહારાજ જાગી ગયા. ત્યારે પંચાંગ પ્રણામ કરીને કરણીબાએ પૂછ્યું : ''મહારાજ ! આપ અહીં ક્યારે પધાર્યા ? અમને ખબર પણ ન કરી ? અને તમે એકલા આવ્યા ? રાયધણજીને સાથે નથી લાવ્યા ?''

કરણીબાના પ્રશ્નો સાંભળી ભગવાન શ્રીહરિએ હસીને કહ્યું : ''અમે હાલ ડભાણથી આવ્યા છીએ. રાયધણજી કામ પ્રસંગે ત્યાં રોકાયા છે, તેથી આજકાલમાં આવી જશે.''

પછી કરણીબાએ મહારાજ માટે થાળ કર્યો. મહારાજ જમ્યા. બે દિવસ સુધી આધોઈમાં રોકાયા. પછી કરણીબાને કહેવા લાગ્યા : ''કરણીબા ! રાયધણજી તો હજુ ન આવ્યા. માટે અમે હવે જઈશું.'' એમ કહીને ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

થોડા દિવસ પછી રાયધણજી જ્યારે આધોઈ આવ્યા ત્યારે કરણીબાએ તેમને શ્રીજીમહારાજ પધાર્યા હતા તે વાત કરી. તે સાંભળી રાયધણજીને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : ''મહારાજ ક્યારે પધાર્યા હતા ?''

કરણીબાએ વાર અને તિથિ કહ્યા. એટલે રાયધણજીએ કહ્યું : ''તે દિવસે તો મહારાજ ડભાણમાં જ બિરાજમાન હતા, પરંતુ તમારો ભાવ હતો એટલે બીજા સ્વરૂપે મહારાજ પધાર્યા અને તમને દર્શન દીધાં.'' આ સાંભળી કરણીબાના નેત્રોમાંથી પ્રેમાશ્રુ નીકળવા લાગ્યાં.

### સુરતમાં મીરાંબાઈને ઘેર બેઠાં દર્શન :

**'હરિભક્ત જે ભિખારીદાસ, જેનો સુરત માંહિ નિવાસ;**
**તેની પુત્રી સત્સંગી સુજાણ, તે તો આવી શકી ન ડભાણ.**
**લીલા જોવાને આતુર સહી, દીઠી લીલા બધી ઘેર રહી.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

સુરતનો સત્સંગ પહેલેથી જ ઉદાર અને પ્રેમી છે. ડભાણમાં પંદર દિવસ સુધી દરરોજ નવાં નવાં વસ્ત્રોને ભગવાન શ્રીહરિ ધારણ કરતા હતા. તે તમામ વસ્ત્રો પણ સુરતના જ પ્રેમીભક્તો લાવ્યા હતા. તે સુરતના સંઘમાં ભિખારીદાસ નામના ધનાઢ્ય હરિભક્ત પણ આવ્યા હતા. તેઓને એક દીકરી હતી. તે ભગવાન શ્રીહરિની ખૂબ ભક્તિ કરતી હતી. નાનપણમાંથી જ માતા-પિતાના સુસંસ્કારને લીધે પ્રગટ મહાપ્રભુ શ્રીહરિના સ્વરૂપમાં લગની લાગી ગઈ હતી. તેથી જ ધનવાન માબાપની પુત્રી હોવા છતાં સત્ત્વગુણી વસ્ત્રો પહેરતી હતી ને કોઈપણ પ્રકારના ફેલ-ફિતુર પણ કરતી ન હતી. આવું જીવન જોઈને લોકો અને ઘરનાં સર્વે તેને મીરાંબાઈ કહીને બોલાવતા હતા.

તે મીરાંબાઈને પણ પોતાના પિતાજી સાથે ભગવાન શ્રીહરિના દર્શન કરવા અને લીલાઓના પણ દર્શન કરવા ડભાણ જવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ વ્યવહારિક કામ આવી પડતાં તેની માતા સાથે મીરાંબાઈને સુરતમાં જ રહેવું પડ્યું હતું. પણ તેનું મન તો શ્રીજીમહારાજની લીલા જોવા જ અધીરું બની ગયું હતું. તેથી મનોમન ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરવા લાગી : ''હે પ્રભુ ! મારાં એવા ક્યા જન્મનાં પાપ હશે કે હું ડભાણ આવી શકી નહિ ? હે ભક્તવત્સલ ભગવાન ! મારી ઈચ્છા તો ડભાણ આવી આપની લીલાના દર્શન કરવાની હતી. હવે એ ક્યારે પૂરી થશે ?'' મીરાંબાઈની પ્રાર્થના સાંભળી અંતર્યામી ભગવાન શ્રીહરિએ સંકલ્પ કર્યો ને એ જ સમયે પંદર દિવસની સંપૂર્ણ લીલાઓ મીરાંબાઈને સુરતમાં ઘેર બેઠાં દેખાવા લાગી ! પોતાના પિતા ભિખારીદાસ ડભાણથી આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિના બધા લીલાપ્રસંગ કહી દેખાડ્યાં. તે સાંભળી ભિખારીદાસ આશ્ચર્ય પામી ગયા !

આ રીતે જે જે હરિભક્તો દર્શનની તાલાવેલી હતી, ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જેની વૃત્તિ જોડાઈ ગઈ હતી તેમને સૌને મહારાજે દર્શન આપી તેમના મનોરથ પૂરા કર્યા !

### ડભાણ યજ્ઞમાં રૂપિયાનો પટારો અખૂટ કર્યો :

અને કોઈક સમયને વિશે શ્રીજીમહારાજે **ડભાણ** ગામમાં **યજ્ઞ** કર્યો હતો. તે હરિભક્તોએ મહારાજની આગળ ભેટ મૂકી. તે સોળ હજાર રૂપિયા થયા. તેને મૂળજી શેઠે ગણીને કોથળીઓ ભરીને પટારામાં મૂકીને તાળું માર્યું જે, 'જેનું સીધું ઉપાડ્યું છે, તેને આપવા છે' એમ વિચારીને રાખ્યા. અને મહારાજે બ્રાહ્મણની સભા કરીને સર્વે રૂપિયા મંગાવીને બ્રાહ્મણોને **દક્ષિણા** દઈ દીધા. તે વાત મૂળજીભાઈએ જાણી ને મહારાજને એમ કહ્યું જે, ''એ સર્વે રૂપિયા તો જેનું સીધું ઉપાડ્યું છે, તેને દેવા સારુ રાખ્યા હતા. હવે તે નામાવાળાને શું દેશું ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''એ રૂપિયા અમે નથી લીધા.'' એમ કહીને પટારો ઉઘડાવીને તે **રૂપિયા** સર્વેને દેખાડ્યા.

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : ૧૯)

### ડભાણ યજ્ઞમાં વિપ્ર સૂર્યરામને ચતુર્ભુજરૂપે દર્શન દીધું :

મહારાજે ડભાણમાં યજ્ઞમાં ગામ નડિયાદના વિપ્ર **સૂર્યરામ**ને બ્રહ્મા સ્થાપન કર્યા હતા. તેને મહારાજે પોતાનું અતિ તેજોમય ને શંખ,

ચક્ર, ગદા, પદ્મ ધારી ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધું. તે જોઈને તેણે મહાનુભાવાનંદ સ્વામીને પૂછ્યું જે, "મહારાજ, ચતુર્ભુજ છે ?" ત્યારે મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા કે, "ના ભાઈ, અમને તો દ્વિભુજ દર્શન થાય છે." એમ તેને **અલૌકિક દર્શન** દીધું.

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : ૧૨૦)

## અધૂરો યજ્ઞ ડભાણમાં પૂર્ણ કર્યો :

સં. ૧૮૬૭માં જેતલપુરમાં ભગવાન શ્રીહરિએ ત્યાંના હરિભક્તોના અતિ હઠાગ્રહને કારણે **મહાવિષ્ણુયાગ** કરવાની હા કહી. આ વાત વાયુવેગે સારાયે સત્સંગમાં ફેલાઈ ગઈ, તેથી ગામોગામથી મોટા મોટા સંઘો જેતલપુરમાં આવી ગયા. ભગવાન શ્રીહરિ પણ **જેતલપુર** પધાર્યા. અહીં તો હરિભક્તોના સંઘ ઉભરાયા હતા. ગઢપુરથી જયા, લલિતા તથા ઉત્તમકુમાર પણ આવી ગયા હતાં. બીજા કાઠીઓ, હરિભક્તો, સંતોના મંડળો પણ આવ્યે જતા હતા. ભગવાન શ્રીહરિ આટલો મોટો સંઘ જોઈને વિચાર કરવા લાગ્યા. એટલામાં અમદાવાદના હરિભક્તો મહારાજ પાસે આવ્યા. મહારાજને હાથ જોડી વિનંતી કરી : "મહારાજ ! હજુ યજ્ઞના આરંભને ચાર દિવસની વાર છે તો આપ શ્રીપુર પધારો."

ભગવાન શ્રીહરિ તે સાંભળી રહ્યા. તેમના મુખારવિંદ ઉપર વિષાદની ઘેરી છાયા છવાઈ ગઈ. મહારાજે હરિભક્તોને કહ્યું : "તમે તો જાણો છો કે પેશ્વાનો સૂબો આપણો દ્વેષી છે, આપણને શહેરમાં ન આવવાનો તેણે હુકમ કર્યો છે. અમે આવીએ એટલે તે ઉપાધિ કરે જ. માટે હમણાં સંકલ્પ માંડી વાળો." એટલું કહીને પછી ધીરે રહીને બોલ્યા :

**'પછી બોલિયા જગજીવન રે, દ્રષણ પ્રષણ એ મોટો જગન રે;**
**બીજું યજ્ઞ આ થાય ન થાય રે, તેનું નથી અમારે જો કાંય રે.'**

"અમને તો લાગે છે કે આ યજ્ઞ પણ તે નિર્વિઘ્ને થવા દેશે નહીં. આ યજ્ઞ થાય કે ન થાય એનું અમારે કાંઈ નથી, અમારે મન તો તમોને દર્શન-સ્પર્શનો લાભ મળે એજ મોટો યજ્ઞ છે."

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૬૧)

શ્રીજીમહારાજની વાત સાંભળી **હરિભક્તો** ઉદાસ થઈ ગયા. તેમને સૌને લાગ્યું કે, મહારાજ બોલ્યા છે એટલે જરૂર વિઘ્ન આવશે જ. વાતાવરણ વિષાદમય બની ગયું. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી સુધી આ વાત પહોંચી ગઈ. તેમને મહારાજે ગઢપુરમાં જે કહ્યું હતું તેની સ્મૃતિ થઈ આવી. મહારાજની મરજી જેતલપુરમાં યજ્ઞ કરવાની ન હતી. છતાં સૌએ આગ્રહ રાખ્યો હતો. હવે શું થાય તે જોવાનું રહેશે.

અમદાવાદના પેશ્વાના સૂબા પાસે **વામાચારી બ્રાહ્મણો** આવ્યા. સૂબાને તેમણે કહ્યું : "આ સ્વામિનારાયણનું તમે ચલાવી લ્યો છો પણ તમારે એક દિવસ રાજ્ય ખોવાનો વખત આવશે."

સૂબાએ તરત જ પૂછ્યું : "એવું શું થયું ? અહીંથી તો આપણે તેને તડીપાર કર્યા છે. હવે અમદાવાદ તે આવી શકે તેમ નથી."

"એ તો અમદાવાદ આવ્યા વગર તમને ઉપાધિ કરી શકે તેમ છે. તેણે જેતલપુરમાં વેદ વિરુદ્ધ યજ્ઞ કર્યો તે પાપે તમારો બાપ મરી ગયો. હવે આ બીજો યજ્ઞ શરૂ કરે છે તેને જો વારશો નહીં તો રાજ્ય ખોવાનો વારો આવશે."

સૂબાને આ શબ્દોથી ઝાળ લાગી ગઈ. તેને લાગ્યું કે બ્રાહ્મણોની વાત સાચી. સ્વામિનારાયણે વેદની આજ્ઞાનો ભંગ કરી પશુબલિ હોમ્યા સિવાય યજ્ઞ કર્યો એટલે જ મારો સાવ સાજોસમો બાપ મરી ગયો. તેણે મનમાં નક્કી કરી લીધું. તેણે કહ્યું : "ભલે, તમે ફિકર કરશો નહીં. હમણાં જ લશ્કરની ટુકડી મોકલાવી તેને કેદ પકડી મારી પાસે મંગાવી લઉં છું." બ્રાહ્મણોને સૂબાની વાતથી સંતોષ થયો.

બીજે દિવસે સમાચાર આવ્યા કે ચલોડામાં ભગવાન શ્રીહરિના અનન્ય સત્સંગી જીતબાઈ છેલ્લા શ્વાસે છે અને શ્વાસોચ્છ્વાસે મહારાજનું રટણ કરી રહ્યાં છે. શ્રીજીમહારાજે ભગુજીને બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટેરા સંતોને પણ બોલાવીને કહ્યું : "ચલોડામાં જીતબાઈ છેલ્લા શ્વાસ લે છે. અમારે તેને દર્શન દેવા જવું પડશે. તમે યજ્ઞની તૈયારી કરો. સંઘમાં આવેલા તમામ હરિભક્તોને ખબર આપજો કે મહારાજ બે-ત્રણ દિવસ પછી આવશે. ક્યાં ગયા છે તે કહેવાની જરૂર નથી."

ભગવાન શ્રીહરિ ભગુજીને તથા બ્રહ્મચારીને સાથે લઈને **ચલોડે** પધારી ગયા. મહારાજ જેતલપુરથી નીકળી ગયા ને પેશ્વાના સૂબાનું લશ્કર આવ્યું. તેના નાયકે સંઘમાંના કેટલાક હરિભક્તો તથા સંતોને બોલાવ્યા અને તેમને પૂછ્યું : "સ્વામિનારાયણ ક્યાં છે ?"

સૌએ એક જ જવાબ આપ્યો : "કાલે જ અહીંથી ગયા છે. ક્યાં ગયા છે તે અમનેય ખબર નથી."

કાઠી દરબારો સુરાખાચર, અલૈયાખાચર, માતરા ધાધલ એ સંતો સાથે હતા. તેમની કરડી આંખો ઉપરથી તેમની તલવાર વીંઝવાની શક્તિનો તેને ખ્યાલ આવી ગયો. આવા અનેક કાઠીઓ હતા, વળી શસ્ત્રસજ્જ પાર્ષદો પણ લશ્કરના નાયકે જોયા. તેને લાગ્યું કે આમની સાથે ઝપાઝપી કરવાથી ફાવશું નહીં અને સ્વામિનારાયણ તો હાથ આવશે નહીં. તેથી તે ત્યાંથી જ ધૂંધવાતો તેની ટુકડીને લઈને પાછો ચાલ્યો ગયો.

બીજે દિવસે ભગવાન શ્રીહરિ ચલોડાથી **જેતલપુર** પધાર્યા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને પેશ્વાના સૂબાએ લશ્કર મોકલ્યું હતું તે વાત કરી. શ્રીજીમહારાજ આ સાંભળી હસ્યા અને કહ્યું : "ધાર્યું તો ધણીનું થાય છે. સૂબો યજ્ઞમાં વિઘ્ન નાખવા મથે છે પણ એ પાપથી જ એનો સર્વનાશ થશે."

> શ્રીજીમહારાજે કહ્યું,
> ધાર્યું તો ધણીનું થાય છે.
> સૂબો યજ્ઞમાં વિઘ્ન નાખવા મથે છે
> પણ એ પાપથી જ એનો સર્વનાશ થશે.
> શ્રીજીમહારાજનો આ શાપ ન હતો,
> પરંતુ વિષ્ણુના સ્વરૂપરૂપ
> અહિંસક યજ્ઞમાં વિઘ્ન કરનારાને
> જે ફળપ્રાપ્તિ થાય
> તેનો નિર્દેશ હતો.

અનુસંધાન પેજ નં. ૩૨ પર...



# શ્રી પુરુષોત્તમ અધિકમાસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ટાન - વડતાલ

વડતાલ શ્રી રઘુવીરવાડી-આચાર્યનિવાસ ખાતે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિક દેવોની છત્રછાયામાં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના દિવ્ય સાન્નિધ્યમાં પવિત્ર પુરુષોત્તમ અધિક માસમાં 'શ્રીહરિયાગ મહાયજ્ઞ'નું દિવ્ય આયોજન થયું હતું.

પવિત્ર પુરુષોત્તમ માસના યજ્ઞના દર્શન અને સેવાથી જીવનમાં રહેલી બદીઓ જેવી કે - વ્યસનો, વેર-ઝેર, વાસનાઓ વગેરેની નિવૃત્તિ થઈ ભગવાનના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા થાય છે. ધર્મના દરેક અંગો પ્રત્યે આદરભાવ તથા સુહૃદભાવ થાય છે. 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' આ વેદમંત્રના આધારે સાક્ષાત યજ્ઞના માધ્યમથી ભગવત દર્શનની લાગણી અનુભવાય છે. શાસ્ત્રોમાં યજ્ઞનો ખૂબજ મહિમા વર્ણવ્યો છે. યજ્ઞથી દેવતાઓની પ્રસન્નતા થવાથી અનુકુળ વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી ધાન્યાદિક પાકે છે, જેનાથી પ્રજાનું પોષણ થાય છે. આર્ષદૃષ્ટા ઋષિઓએ યજ્ઞના માધ્યમથી આપણી આર્ય સંસ્કૃતિનું રક્ષણ અને સેવન કરેલું છે. તેથી જ ભારતીય પ્રજાના હિતમાં ઋષિ-મહર્ષિઓ ધનાઢ્ય એવા રાજા તથા શ્રીમંતો દ્વારા અનેકવિધ યજ્ઞ કરાવતા હતા.

આ પુરુષોત્તમ માસમાં યથાશક્તિ વ્રત-દાન-તપ પરાયણ રહીને ભગવાનની ભક્તિનું બળ સવિશેષ વધારવાનું હોય છે, તેને અનુલક્ષીને નિષ્કામ-ભાવથી પ્રભુ પ્રસન્નતાર્થે કરેલા પૂજા-યજ્ઞાદિથી પણ ભગવાન શ્રીહરિના પ્રીતિપાત્ર થવાય તો તેવા ભગવદ્ આરાધનામય યજ્ઞાદિ પણ ઐહિક-પારલૌકિક શ્રેયસ્કારી જરૂર બની જાય છે. તે માટે કોઈ પણ વ્રત-દાન-યજ્ઞાદિથી ભગવત્પરાયણ થવું એ જ આ પુરુષોત્તમ માસનો અધિક લાભ માનેલો છે.

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ જેતલપુર તથા ડભાણ જેવા ધામોમાં વિશાળ મહાયજ્ઞો દ્વારા દેવતાઓને તેમજ બ્રાહ્મણોને પ્રસન્ન કરીને આપણને રાહ બતાવ્યો છે. એ ન્યાયે દર ત્રણ વર્ષે એકવાર આવતો પવિત્ર પુરુષોત્તમ અધિક માસમાં આપણા સર્વના ગુરુ હિતેચ્છુ તથા ધર્મરક્ષક વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધીશ્વર પ.પૂ. ધ..ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળ પરિવાર તરફથી ભવ્યાતિભવ્ય 'શ્રીહરિયાગ મહાયજ્ઞ'નું આયોજન ઘણા વર્ષોથી થાય છે.

અહિંસામય યજ્ઞ તથા વિપ્ર પ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણની ડભાણ, જેતલપુર વગેરેમાં પ્રવર્તાવેલી સર્વહિતાવહ પરંપરાને જીવંત રાખવા માટે વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની કુળપરંપરા મુજબ **દર અધિક માસ**માં સમસ્ત સત્સંગ સમાજના હિતને માટે તેમજ સત્સંગ શુદ્ધિ - વૃદ્ધિ - વિશ્વશાંતિ અને ધર્મ પ્રસ્થાપન નિમિત્તે સંપૂર્ણ **એક**

**મહિના** સુધી **યજ્ઞાનુષ્ઠાન** કરવામાં આવે છે. જેમાં દક્ષિણ વિભાગસ્થ તમામ નાના-મોટા હરિમંદિરોના દેવોના નામથી **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી** તથા ધર્મકુળ પરિવાર અને વિદ્વાન વિપ્રો દ્વારા યજ્ઞદ્રવ્ય-બીરંજ આદિની આહુતિઓ અર્પવામાં આવે છે અને તેનાથી સંતુષ્ટ થયેલા દેવો દ્વારા સમગ્ર સત્સંગના શ્રેયસની શુભકામના સાકારિત કરવામાં આવે છે. તે જ પ્રમાણે આ વર્ષે પણ અધિકમાસમાં **તા. ૧૬-૫-૨૦૧૮, અધિક જેઠ સુદ - ૧ થી તા. ૧૩-૬-૨૦૧૮ અધિક જેઠ વદ - ૩૦** સુધી **પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી, બંને પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી** તથા **બંને પૂ. જીજાજી**ની દિવ્ય સાંનિધ્યમાં **પચ્ચીસથી વધારે વિપ્રો** દ્વારા પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના નિવાસસ્થાને **શ્રી રઘુવીરવાડી**માં એક મહિનો સુધી અખંડ નિવાસ કરીને સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણનું આરાધનામય યજ્ઞથી પૂજન કરવામાં આવશે. આ યજ્ઞાનુષ્ઠાનમાં દરરોજ સવારે ૮ થી ૧ વાગ્યા સુધી અતિ ભક્તિભાવપૂર્વક પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા શ્રીજીમહારાજે જે પંચભૂત શરીર ધારણ કરીને આ પૃથ્વીને વિષે વિચર્યા અને અનેક સંતો-ભક્તોને પોતાના દર્શન, સ્પર્શનું સુખ આપ્યું હતું તેવા અજોડ પ્રસાદિભૂત ભગવાન શ્રીહરિના શરીરના શાસ્ત્રોક્તવિધિથી સંપુષ્ઠ કરેલા અસ્થિકળશનો પંચામૃત તથા કેસરજળથી અને વિપ્રોના વેદગાનની સાથે મહાઅભિષેક કરવામાં આવતો હોય છે. ત્યારબાદ બપોરે ઠાકોરજીને અન્નકૂટના રૂપમાં થાળ ધરાવવામાં આવતો અને ખુદ પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા નંદસંતો રચિત થાળ પદો અને કીર્તનો પદોનું ગાન કરવામાં આવતું હોય છે. ત્યારપછી પ.પૂ. ધર્મકુળ દ્વારા આ વિપ્રોને ભોજન-દક્ષિણાદિથી ખૂબજ સંતુષ્ટ કરવામાં આવે છે.

બપોરે ૩ થી ૯ વાગ્યા સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રી અને વિપ્રો દ્વારા સત્સંગના શ્રેયસની શુભકામના અર્થે યજ્ઞકુંડમાં આહુતિઓ આપવામાં આવ છે. ત્યારબાદ ઠાકોરજીને થાળ, આરતી, સ્તુતિ, નિત્યનિયમ અને અંતમાં કીર્તન-ભક્તિ વગેરે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને અન્ય ધર્મકુળ પરિવાર સદસ્યો સાથે કરવામાં આવે છે. આમ, સંપૂર્ણ એક મહિનો ખૂબજ ભક્તિભાવથી શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાનમય બની જાય છે. દર ત્રણ વર્ષે આવતો આ અધિકમાસનો આપણે પણ લાભ લઈ જીવનને ધન્યભાગી બનાવીએ.

## સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**Form - 8**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર |
| ૨. પ્રકાશન સમય | : માસિક - દર મહિનાની ૨૦મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીજી આર્ટ |
| રાષ્ટ્રીયતા | : હિન્દી |
| સરનામું | : આશ્રમ રોડ, પાલડી - અમદાવાદ |
| ૪. તંત્રીનું નામ | : સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : હિન્દી |
| સરનામું | : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |
| ૫. માલિક | : સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : હિન્દી |
| સરનામું | : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |

હું સાધુ પતિતપાવનદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** સાધુ પતિતપાવનદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

## આજે જ જુઓ અને તપાસો... આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' માસિકના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમ પૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'ચિંતન' માસિકના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો અને લવાજમ પૂરું થાય તે પૂર્વે જ આશરે ૪૦ દિવસ પહેલા ચિંતન કાર્યાલય - સરધારમાં આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'ચિંતન' માસિકનો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર બે વર્ષે લવાજમ ભરવાનું યાદ રાખવું પડે તે કરતા પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમ એકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમ ભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

**મું. ડોંબીવલી** (ઈ) ગ્રા. નં. 1
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે,
રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨
**જી. થાણા - મુંબઈ.** પોસ્ટીંગ તા. ૨૦-૪-૨૦૧૨
તમારું લવાજમ તા. 20/10/2030ના રોજ પુરું થાય છે.

આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ

# ટીપે ટીપે સરોવર ભરાય... જળ છે તો જીવન છે...

## આપણે પાણી બનાવી શકતા નથી માત્ર બચાવી શકીએ છીએ...
## એટલે આપણી પાસે માત્ર એક જ વિકલ્પ છે




# પાણી જોઈએ તો પાણી બચાવો

નર્મદા ડેમમાં પાણી ઘટ્યાં અને ગુજરાતના એક-એક નાગરિકના ધબકારા વધ્યા. રાજ્યની ૭૫ ટકા વસ્તી પીવાના પાણી માટે નર્મદા પર આધારિત છે. નર્મદા જ પાણી માટે તરસતી હોય ત્યારે લોકોની શી હાલત થાય ? રાજ્ય સરકારે ઈરિગેશન બાયપાસ ટનલ દ્વારા પીવાનું પાણી આપવાની જાહેરાત કરીને પ્રજાને હાલપૂરતી રાહત કરી છે પણ હવે ખરી જવાબદારી આપણા માથે છે. 'ટીપે ટીપે સરોવર ભરાય' એમ રાજ્યના દરેક નાગરિકે ટીપે ટીપે પાણી બચાવવું પડશે. આપણે પાણીદાર રહેવું હશે તો ઘરમાં જ પાણી બચાવવા માટે નાનાં નાનાં પગલાં લેવા પડશે.

દુનિયા ગમે એટલો વિકાસ કરી લે, કેટલીય ટૅકનૉલોજી આવી જાય, ગમે એટલા પ્રયોગ કરીએ, પણ આપણે પાણી નહીં બનાવી શકીએ. આપણી પાસે પાણી બચાવવું જ એક વિકલ્પ છે. આ સત્ય સ્વીકારવું જ પડશે. ગુજરાતની જીવાદોરી નર્મદા સુકાઈ ગઈ છે. બેશક, સરકારે વિશ્વાસ અપાવ્યો છે કે જુલાઈ સુધી પાણીની તંગી નહીં પડે. અત્યારે ભલે રાહત મળી ગઈ હોય પણ સંકટના એંધાણ તો વર્તાઈ જ રહ્યાં છે. એટલે હવે આપણે જ પહેલ કરવી પડશે. કેમ કે સવારે ઊઠવાથી માંડીને રાતે સુવા સુધી પાણી આપણી માટે પળેપળની જરૂરિયાત છે. આપણે નાનાં-નાનાં પગલાં દ્વારા પાણી બચાવી શકીએ છીએ. અઠવાડિયાની શરૂઆત આપણે પાણી બચાવવાના સંકલ્પ સાથે કરીએ અને આપણા પરિવાર, મિત્રો અને આપણને મળતા લોકોને પણ પાણીનું મહત્ત્વ સમજાવીએ.

## ઘરમાં આપણે ૧૦ રીતે પાણી બચાવી શકીએ છીએ

### ૧. લીકેજ રોકીશું તો મહિને ૧૦૦૦ લિટર પાણી બચશે.



મામુલી લીકેજ હોય તોપણ મહિને ૧૦૦૦ લિટર પાણી વેડફાઈ જાય છે. અભ્યાસ મુજબ લીકેજમાં એક નળમાંથી દર મિનિટે પાણીના ૪૫ ટીપાં ટપકે છે. એટલે કે ત્રણ કલાકમાં ૧ લિટર કરતા વધારે પાણી વહી જાય છે. તેને આપણે રોકી શકીએ છીએ...!!!

**'...નદી કોરીકટ અને નળ વહે છે...'**

### ૨. બ્રશ કરતી વખતે નળ બંધ રાખવાથી બચશે ૭૦૦ લિટર પાણી



બ્રશ કરતી વખતે વોશબેસિનનો નળ ખુલ્લો હશે તો એક વખતમાં જ ૪ થી ૫ લિટર પાણી વહી જાય છે. એટલે કે મહિને ૧૫૦ લિટર. ચાર વ્યક્તિના પરિવારમાં ૬૦૦ થી ૭૦૦ લિટર પાણી આમ જ વેડફાઈ જાય છે. તેને આપણે રોકી શકીએ છીએ...!!!

**'...આપણે નળ ખુલ્લો રાખી દઈએ છીએ બીજી તરફ લોકો પાણીના ટીપાં માટે તરસે છે...'**

### ૩. નળ બંધ રાખીને શેવિંગ કરો, ૨૦૦ લિટર પાણી બચશે



શેવિંગ કરતી વખતે નળ ખુલ્લો રાખવાથી ૫ થી ૭ લિટર પાણી વેડફાય છે. તેના બદલે મગમાં પાણી લઈને શેવિંગ કરો. નળ બંધ રાખીને શેવિંગ કરવાથી એક મહિનામાં આશરે ૨૦૦ લિટર પાણી બચાવી શકાય છે. આ વાતનો આપણે અમલ કરી શકીએ છીએ...!!!

**'...આપણે નળ ખુલ્લો રાખી દઈએ છીએ બીજી તરફ લોકો પાણીના ટીપાં માટે તરસે છે...'**

## ૪. ફૂવારાના બદલે ડોલમાં પાણી લઈને ન્હાવાથી ૮૦ ટકા પાણી બચશે



ન્હાતી વખતે ફૂવારાનો ઉપયોગ ટાળો. એને બદલે એક ડોલમાં પાણી લઈ સ્નાન કરો. આપણી આ પહેલથી ૮૦ ટકા પાણી બચશે. કેન્દ્રના એક રિસર્ચ પ્રમાણે આખા દેશની ૨૦ ટકા વસ્તી પણ આવું કરે તો રોજ ૬૨૫ કરોડ લિટર પાણીની બચત થશે. આ પહેલ આપણે કેમ ન શરૂ કરીએ...!!!

**'...ન્હાવામાં પાણીનો ધોધ વહે છે અને નદીઓ સૂકીભઠ્ઠ રહે છે...'**

## ૫. ટબ કે ડોલમાં પાણી લઈ વાસણ ધોશો તો ૨૦ લિટર પાણી બચશે



ઘણા લોકોને પીવા માટે જેટલું પાણી વિરડાઓ ગાળીને કાઢવું પડે છે, એટલું પાણી તો આપણે વાસણ ધોતી વખતે વેડફીએ છીએ. એટલે જ વાસણ ધોઈએ ત્યારે સીધા ચાલુ નળ નીચે વાસણ ધોવાને બદલે ટબ કે ડોલમાં પાણી લઈ ધોવાનો નિયમ બનાવી દેવો જોઈએ. આવું કરવાથી ૪ વ્યક્તિના પરિવારમાં રોજ ૨૦થી ૨૪ લિટર પાણી વેડફાઈ છે. તેને આપણે રોકી શકીએ છીએ...!!!

**'...વાસણ ધોવામાં પાણી વેડફાય અને બીજે વાસણ ભરાય એટલુંય પાણી નથી મળતું...'**

## ૬. વોશિંગ મશીન યોગ્ય ઢબે વાપરવાથી પણ પાણી બચશે



બે જોડી કપડાં ધૂઓ કે ૧૦ જોડી. પાણી સરખું જ વપરાવાનું છે. તેથી વોશિંગ મશીન ત્યારે જ વાપરો જ્યારે ઘણાં બધા કપડાં ભેગા થયા હોય. આ રીતે દર મહિને ૪૫૦૦ લિટર પાણી બચે શકે છે. આ વાતનો આપણે અમલ કરી શકીએ છીએ...!!!

## ૭. ટોઈલેટમાં લીકેજ હશે તો પાંચ હજાર લિટર પાણી વેડફાશે



ટૉઈલેટ ટેન્ક અવારનવાર લીક હોય છે. તેને અટકાવવામાં આવે તો ૫ હજાર લિટર પાણી દર મહિને બચી જશે. ફ્લશના બદલે ડોલનો ઉપયોગ કરીને રોજ આશરે ૧૦૦થી ૧૨૫ લિટર પાણી બચાવી શકાય છે. આ વેડફાતા પાણીને આપણે રોકી શકીએ છીએ...!!!

**'...નદી કોરીકટ અને નળ વહે છે...'**

## ૮. ડોલમાં પાણી ભરીને કાર ધોશો તો ૧૩૦ લિટર પાણી બચી જશે



પાઈપ દ્વારા પાણી છાંટીને કાર ધોવાથી એક જ વખતમાં ૧૫૦ લિટર પાણી વહી જાય છે જ્યારે ડોલમાં પાણી લઈને કારને ધોવામાં આવે તો ૨૦ લિટરમાં જ કાર સાફ થઈ જાય છે. એટલે કે દરેક વખતે તમે ૧૩૦ લિટર જેટલું પાણી બચાવી શકો છો...!!!

**'...આપણે કારનેય નવડાવીએ અને બીજી તરફ એક બેડું ભરવા લાઈન લાગે છે...'**

## ૯. મહેમાનને અડધો ગ્લાસ પાણી આપો, જેથી વધેલું પાણી ઢોળવું ન પડે



મહેમાનને આખો ગ્લાસ ભરેલું પાણી આપવાને બદલે અડધો ગ્લાસ આપો, જેથી વધેલું પાણી ઢોળવું ન પડે. અંદાજે ૧ લિટર પાણી હોય તો ૪ ગ્લાસ આપો તો ૪ મહેમાન પીએ, અડધો ગ્લાસ પીએ તો વધેલું ઢોળવું પડે અને અડધો લિટર પાણી બગડે. આ વાતનો આપણે અમલ કરી શકીએ છીએ...!!!

**'...આપણે જેટલું પાણી ઢોળી દઈએ છીએ, એટલાં પાણી માટે ખેડૂત વલખાં મારે છે...'**

## ૧૦. આર.ઓ. મશીનના વેસ્ટ પાણીનો ઉપયોગ કરો



આરઓ મશીનમાંથી ૧ લિટર પીવાનું પાણી મળે ત્યારે ૩ લિટર પાણી વેસ્ટ જાય છે. પ્રતિ દિવસ ૧ વ્યક્તિ પીવાને માટે ૩ લિટર, રસોઈ માટે ૪ લિટર પાણી જોઈએ. ૪ વ્યક્તિના પરિવામાં ૨૧ લિટર શુદ્ધ પાણી માટે ૬૩ લિટર પાણી વેડફાય. એ પાણીનો કપડાં-વાસણ ધોવા, પોતું મારવા, ફૂલછોડ કે ગાડી ધોવામાં ઉપયોગ કરી શકાય. આ વાતનો આપણે અમલ કરી શકીએ છીએ...!!!

**'...નકામું પાણી આમ જ વહેવા દઈએ છીએ અને બીજે દૂષિત પાણી પીવાની મજબૂરી...'**

અનુસંધાન પેજ નં. ૨૭ નું ચાલું...

શ્રીજીમહારાજનો આ શાપ ન હતો, પરંતુ વિષ્ણુના સ્વરૂપરૂપ અહિંસક યજ્ઞમાં વિઘ્ન કરનારાને જે ફળપ્રાપ્તિ થાય તેનો નિર્દેશ હતો.

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''આપણે **ખેડા** જઈએ. અંગ્રેજ કલેકટરને મળીએ. તે જો કાંઈક મદદ કરે તો જ જેતલપુરમાં યજ્ઞ થઈ શકે.''

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા કાઠી દરબારોને લઈને ખેડા પધાર્યા. અહીંના કલેકટર મિ. **એરણ** તથા તેમની સાથે મિ. **રોબર્ટ** અને મિ. **ડુગલ** આ ત્રણે **અંગ્રેજ અધિકારીઓ**ને ભગવાન શ્રીહરિનો પરિચય હતો. મહારાજના કાર્યથી તેઓ મુગ્ધ બની ગયા હતા. તેઓ ધર્મપ્રેમી હતા. ધર્મથી નીતિ અને શાંતિ જળવાશે તે તેઓ સમજતા હતા. શ્રીજીમહારાજ જ્યારે તેમને બંગલે પધાર્યા ત્યારે ત્રણે અમલદારો હાથમાં તેમની ટોપી લઈને ઊભા થઈ ગયા. મહારાજનું **સ્વાગત-સન્માન** કર્યું.

પછી ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : ''અમે જેતલપુરમાં યજ્ઞ કરવા માંગીએ છીએ. તેને માટેની તમામ સામગ્રીઓ પણ તૈયાર છે, પરંતુ પેશ્વાનો સૂબો તેમાં વિઘ્ન નાખવા મથે છે. તમે જો મદદ કરો તો ત્યાં યજ્ઞ થઈ શકે.''

ભગવાન શ્રીહરિની વાત સાંભળી મિ. એરણે કહ્યું : ''જે કહેવાતા ધર્મીઓ હોય તે જ ધર્મનો દ્રોહ કરે છે, જે ધર્મી નથી તે તટસ્થ રહે છે અને જે નાસ્તિક છે તે નિંદા કરે છે. અમારે ત્યાં પણ આવું જ બની રહ્યું છે.'' પછી તેણે કહ્યું : ''જેતલપુર પેશ્વાની હકૂમત નીચે છે તેથી અમારાથી કાંઈ મદદ ન થઈ શકે. આપ ડભાણ પધારો તો ત્યાં અમે આપને સર્વ પ્રકારે મદદ કરી શકીએ.''

શ્રીજીમહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને તેમને કહ્યું : ''જે ધર્મની રક્ષા કરશે તેની રક્ષા ધર્મ કરશે જ.''

ભગવાન શ્રીહરિ ત્યાંથી સીધા જ એક પાર્ષદને લઈને **ડભાણ** પધાર્યા. આનંદાનંદ સ્વામીને કહેવરાવ્યું કે, ''જેતલપુરમાં જે માલસામાન છે તેમાંથી થોડો ડભાણ મોકલી આપજો. ત્યાં જે અભ્યાગત હોય તેને અન્ન અને વસ્ત્ર બાકીની એ સામગ્રીમાંથી આપજો. સંઘને પોતપોતાને ગામ જવાની **આજ્ઞા** આપી દેજો.''

આ બાજુ ડભાણ પધારેલા ભગવાન શ્રીહરિએ કુબેરજીભાઈના ભવનમાં ઉતારો કર્યો. યજ્ઞના સામાનનાં ગાડાં જેતલપુરથી આવવા લાગ્યાં. શ્રીજીમહારાજે સૂચના આપી દીધી કે, આ સામગ્રીમાંથી અભ્યાગતોને ચાર શેર અન્ન તથા નવ હાથનું વસ્ત્ર આપજો. એ આપણો **યજ્ઞ** સમજજો.

આ રીતે સં. ૧૮૬૭ના મહા સુદ પંચમીને દિવસે જેતલપુરમાં કરવા ધારેલ યજ્ઞની પૂર્ણાહુતિ ડભાણમાં થઈ. આ પૂર્ણાહુતિ પ્રસંગે સુરતથી જે સંઘ જેતલપુર આવ્યો હતો તે ડભાણ આવ્યો. ભુજથી ગંગારામ મલ્લ પણ આવ્યા. તેમણે ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું. મહારાજને ભેટ ધરવા વસ્ત્રો-આભૂષણો લાવ્યા હતા તે ધરાવ્યાં. ભગવાન શ્રીહરિના **આશીર્વાદ** લઈને તેઓ પણ પોતાના ગામે ગયા. ડભાણના પ્રેમીભક્તોને આ પ્રકારનો યજ્ઞ થવાથી ખૂબ **આનંદ** થયો.

**'એમ જગન થયો એ જાણો રે, મહા સુદી પંચમી પ્રમાણો રે;**
**જોઈ રાજી થાય હરિજન રે, દુઃખ પામિયા પાપીયા મન રે.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૬૧/૪૧)

## મહેમદાવાદમાં વિષ્ણુયજ્ઞ કરનાર વિપ્ર પર શ્રીજીમહારાજનો રાજીપો

શ્રીજીમહારાજ કણભાથી પ્રભાતે ચાલ્યા, તે **શ્રીમેમદાવાદે** ગયા. ત્યાંના હરિજન દુર્લભરામ પંડ્યા, બેચર ભટ્ટ ને અંબારામ ભટ્ટ આદિક ઘણાક હરિજન વાજાં લઈને ગાજતે વાજતે સામૈયે આવ્યા. અને ઘણોક ગુલાલ ને પુષ્પના હારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. વિપ્ર કાળીદાસે કંસાર-રોટલીની **રસોઈ** આપી હતી. તે મધ્યે ઘણુંક **ગરથ** (ઘી) નાંખ્યું હતું ને તે શ્રીજીમહારાજ પીરસતા હતા. પછી વિપ્ર કાળીદાસે શ્રીજીમહારાજની ષોડશોપચારે પૂજા કરીને રાજી કર્યા.

પછી શ્રીજીમહારાજ જમીને તથા સર્વેને જમાડીને દુર્લભરામના મેડા ઉપર સુખાસને બેઠા. ત્યાં એક **શુક્લ બ્રાહ્મણ** વિષ્ણુનો જજ્ઞ કરતો હતો. તે આવીને બેઉ હાથ જોડી દીનવચને એમ બોલવા લાગ્યો જે, ''હે સમર્થ ! હે મહારાજ ! તમે તો ઈશ્વર છો, નારાયણરૂપ છો ને વળી યજ્ઞપુરુષ (યજ્ઞના અધિષ્ઠાતા દેવ) છો. તો આપ મારી જજ્ઞશાળા મધ્ય પધારો એટલે મારો જન્મ ને જજ્ઞ બંને સાર્થક થાય.''

એમ તે વિપ્રે ઘણીક **પ્રાર્થના** કરી. ત્યારે ઘણાક દયાળુ, કૃપાળુ અને વળી ગૌ, વિપ્ર, સંત અને હર કોઈ ગરીબના પાલક એવા જે શ્રીજીમહારાજ, તે ઘણાક જને વીંટાણા થકા ત્યાં તેની **જજ્ઞશાળા મધ્યે** ગયા. તે સર્વે વરણીવાળા (યજ્ઞમાં ક્રિયાકર્મ કરવા માટે વરૂણીમાં વરેલા) વિપ્રો મહારાજનાં દર્શન કરીને નમસ્કાર કરતા હતા. પછી શ્રીજીમહારાજે ઘણાક રૂપિયા અપાવ્યા ને તેની ઉપર ઘણુંક રાજી થઈને એમ કહ્યું જે, ''તને શાબાશ છે જે, તું વિષ્ણુસંબંધી જજ્ઞ કરે છે. તેથી તારું કલ્યાણ થાશે.'' ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, ''હે મહારાજ ! મેં તમારા દર્શન કર્યાં તેથી મારું કલ્યાણ નિશ્ચય જ થયું. અને હે મહારાજ ! તમને અને તમારા સંઘને કાલે મારે રસોઈ આપવી છે, તો કૃપા કરી હા પાડો. હે મહારાજ ! તમ જેવા મહેમાન મને ક્યાંથી મળશે !'' ત્યારે દુર્લભરામ બોલ્યા જે, ''કાલે તો મારી રસોઈ છે.'' ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, ''અમારે કાલે પ્રભાતે જમીને વડથલે નિવાસ કરીને પછી **ઉમરેઠ** જાવું છે, તે અમે રોકાશું નહિ.'' એમ કહ્યું.

પછી એક **વડનું વૃક્ષ** હતું ત્યાં **રુચિર હિંડોળો** નિષ્કુળાનંદ સ્વામીએ બનાવ્યો હતો. ને તેમાં ચિત્રવિચિત્ર પટ ને તે મધ્યે ઘણીક ટોકરીઓ બાંધી છે. અને તે મધ્યે ચારે કોરે કમાનો વાળી છે ને ઉપર સોનાનાં પાંચ ઈંડા મેલ્યાં છે. તે મધ્યે પાંચ પતાકાઓ ફરકી રહી છે. તે ઉપર **શ્રીજીમહારાજ** આવીને બિરાજમાન

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






ગઢપુરધામને આંગણે શ્રીલક્ષ્મીવાડી સ્થિત ભગવાન શ્રીહરિ સ્મૃતિ મંદિરમાં બિરાજમાન દેવોનો યોજાયેલ વાર્ષિક પાટોત્સવ.




ડોંબીવલી (મુંબઈ)ને આંગણે મંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ વાર્ષિક પાટોત્સવ તથા કથાપારાયણ.




ભાવનગરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સપ્ત દિનાત્મક સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




ગઢપુર ધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં પૂ. કોઠારી સ્વામીના વક્તાપદે યોજાયેલ શ્રી ભક્તચિંતામણી કથાપારાયણ




જૂનાગઢ પ્રદેશના ખાંભા ગીરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ




જૂનાગઢ પ્રદેશના તાલાલા ગીરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ





ગઢડા પ્રદેશના વેળાવદર ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ







ભારત દેશના મુખ્ય ચારધામ માંહીના અને ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદથી પાવન થયેલ તીર્થધામ જગન્નાથપુરીને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સપ્ત દિનાત્મક સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા તથા યાત્રિકોના ઉતારા-ભોજનાલય અને સભામંડપના નિર્માણકાર્યનો પ્રારંભ કરાવતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


શ્રીજીનગર, સુરત

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

શ્રીજીનગર, સુરત

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી



શ્રીજીનગર મંદિર (સુરત)ના

**૧૭ માં વાર્ષિક પાટોત્સવ** અંતર્ગત...

પંચદિનાત્મક

# સત્સંગ સમારોહ

**વક્તા : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



:: અધ્યક્ષશ્રી ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**તારીખ : ૨૫ થી ૨૯ -૪-૨૦૧૮** કથા સમય - રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦

લાઈવ પ્રસારણ

હમારા લક્ષ્ય
વિશ્વ કા કલ્યાણ હો...

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગર તથા ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - સુરત

**સ્થળ** સ્વામી આત્માનંદ સરસ્વતી સંકુલ, સ્પિનીંગ મિલ્સ , વરાછા. સુરત

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય**
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોનો**

## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

# ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

## કથા પારાયણ

**વક્તા**

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ઘનશ્યામપરા**

(જૂનાગઢ શ્રી રાધારમણ દેવના તાબાનું)

તારીખ :- ૭ થી ૧૧-૫-૨૦૧૮

મું. આદસંગ, તા. સાવરકુંડલા, જી. અમરેલી. મો. ૯૮૭૯૯૮૬૨૭૦

**શ્રી સ્વામિનારાયણ મંદિર - નાના ભમોદરા**

(ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું)

તારીખ :- ૮ થી ૧૪-૫-૨૦૧૮

તા. સાવરકુંડલા, જી. અમરેલી. મો. ૯૯૨૪૩૯૫૯૨૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**'શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર'** આયોજીત **૧૪**મો



## શ્રી સ્વામિનારાયણ

# બાળ યુવા મહોત્સવ

MAY 2018

સરધાર



અધ્યક્ષશ્રી
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮શ્રી ભાવિ આચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

તારીખ : ૦૫, ૦૬ - ૫ - ૨૦૧૮

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી.રાજકોટ સંપર્ક : મો. ૭૬૦૦૦૫૮૫૦૩**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી રઘુવીરવાડી-વડતાલને આંગણે પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના દિવ્ય સાન્નિધ્યમાં



## શ્રી પુરુષોત્તમ અધિક માસ

# શ્રીહરિયાગ મહાયજ્ઞ

: પ્રારંભ :
તા. ૧૬-૫-૨૦૧૮
અધિક જેઠ સુદ - ૧

: સમય :
સવારે ૭ થી ૧
બપોરે ૪ થી ૭

: પૂર્ણાહુતિ :
તા. ૧૩-૬-૨૦૧૮
અધિક જેઠ વદ - ૩૦

**સ્થળ :- આચાર્યનિવાસ, શ્રીરઘુવીરવાડી, વડતાલ, જી. ખેડા.**

**હરિજયંતી મહોત્સવ**
**વડતાલ**





શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ હરિજયંતી પ્રસંગે સમૂહ મહાપૂજા તથા શ્રીહરિ પ્રાગટ્યોત્સવ.

**હરિજયંતી મહોત્સવ**
**સરધાર**









સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ
શ્રીહરિ પ્રાગટ્યોત્સવમાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**હરિજયંતી મહોત્સવ**
**સીમાડા – સુરત**





યોગીચોક-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ તથા સત્સંગ સભા.










**શ્રીહરિ યાગ મહાયજ્ઞ**
**જસદણ**





ગઢપુર પ્રદેશના જસદણ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર પટાંગણમાં શ્રીરામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતી પ્રસંગે આયોજીત 'શ્રીહરિ યાગ મહાયજ્ઞ'



**ભારત-પાકિસ્તાન**
**સીમા દર્શન**









ભારત-પાકિસ્તાન 'ઝીરો પોઈન્ટ' સરહદ પર ટાઢ-તડકો-વરસાદ વગેરે કઠીનાઈનો સામનો કરીને દેશનું રક્ષણ કરતા ભારતમાતાના વીર સપૂત જવાનોને દર્શન તેમજ સીમાદર્શન માટે પધારેલા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-પાર્ષદો-હરિભક્તો.

# સત્સંગ વિચરણ ઓસ્ટ્રેલીયા – દુબઈ




**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પૂ. યોગેશ્વરદાસજી સ્વામી તથા પૂ. પતિતપાવનદાસજી સ્વામી વગેરે સંતો-પાર્ષદોની ઓસ્ટ્રેલીયા-દુબઈ દેશમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા.૧૨-૩ થી ૨-૪-૧૮)**

૧-૨. મેલબોર્ન ખાતે **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર**માં યોજાયેલ શાકોત્સવ તથા શેલણ ઉત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા. પૂ. સંતો. ૩. મેલબોર્ન પાર્લામેન્ટ ખાતે ઠાકોરજીની પધરામણી કરતા પૂ. સંતો. ૪-૫-૬. પર્થમાં યોજાયેલ શાકોત્સવ પ્રસંગે સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સંતો. ૭. આલ્બરીમાં સત્સંગ સભા. ૮. કરરાઠામાં સત્સંગ સભા. ૯. પોર્ટ હેડલેન્ડમાં સત્સંગ સભા. ૧૦. અબુધાબીમાં સત્સંગ સભા. ૧૧-૧૨. દુબઈમાં સત્સંગ સભા.

Swaminarayan Chintan, April-2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868









હેરો-લંડનમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં યોજાયેલ અખિલ ભારતીય શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા યોજાયેલ 'નેશનલ સત્સંગ શિબિર'









પુના શહેરને આંગણે પીપળે ગુરવ વિસ્તાર ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ દ્વારા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007